

મુક્તાનંદ

કાવ્યમ્

ભાગ-૧

પ્રેરક : પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કંડારી



સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામી વિરચિત

મુક્તાનંદ કાવ્યમ્

(ભાગ : ૧)

॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત ॥

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામી વિરચિત

મુક્તાનંદ કાવ્યમ્

(ભાગ : ૧)



સંપાદક - સંશોધક :
શા. સંતવલ્લભદાસ - ગુરુકુલ કંડારી

પ્રેરક :
પ.પૂ.સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

પ્રકાશક :
દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" - કંડારી

શ્રી મુક્તાનંદ કાવ્યમ્
(ગ્રંથકર્તા : સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી)

પ્રકાશન તિથિ :
સંવત ૨૦૬૦ જેઠ સુદ-૧૦, તા. ૨૯-૫-૦૪

શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો પાટોત્સવ

આવૃતિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

પડતર કિંમત : રૂ. ૨૦૦-૦૦
સૌજન્યને આભારી વેચાણ કિંમત : રૂ. ૧૨૫-૦૦ (બંને ભાગ)

પ્રાપ્તિસ્થાન :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી,
ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" વડોદરા
ફોન : (૦૨૬૫) ૩૧૩૪૦૯૯

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ
ફોન : (૦૨૭૫૫)૨૬૫૪૪૧, ૨૬૫૪૫૧


મુદ્રક :
શ્રીજી આર્ટ (૦૭૯) ૩૧૦૧૧૦૯૨



શ્રી હરિકૃષ્ણ મહારાજ-વરતાલધામ



ગ્રંથકર્ત્તા સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી



સમર્પણ

જેમણે સમ્પ્રદાયના સ્થાપક અને પ્રવર્તકના આદર્શ શિષ્યત્ત્વને પ્રાપ્ત કર્યુ હતું એવા સદ્‌ગુરૂશ્રી મુક્તમુનિની ગૌરવવંતી ઉજ્વળ શિષ્ય પરંપરામાં દીક્ષા પ્રાપ્ત કરી છે.

જેમણે મમતા-કારૂણ્ય-વાત્સલ્ય જેવા સદ્‌ગુણો દ્વારા પોતાના જીવનમાં આદિગુરૂ મુક્તમુનિની ઝાંખી કરાવી છે.

જેમણે ધોલેરા-સુરત મુંબઈ જેવા મંદિરોમાં વર્ષો સુધી મહંત પદે રહેવા છતા દાસત્ત્વના દસ્તાવેજ જેવી સરળતા, સાધુતા મૂર્તિમંત કરી આપી છે. વિકાસના ઈતિહાસમાં યાદગાર કાર્યો કર્યા છે. સંસ્મરણીય સમૈયાઓ કર્યા છે.

જેમણે પોતાની જીંદગી ચંદનની જેમસત્સંગને માટે ઘસી છે. જેઓની સેવાએ ધૂપસળીની જેમસુગંધ પ્રસરાવી છે. જેમણે દીપકની જેમ સદૈવ બીજાને માટે પ્રકાશ પાથર્યો છે.

જેમના જીવન મંદિરના જ્ઞાનશિખરો પર ભક્તિ સૌંદર્યના કળશોની સાથે ધર્મની ધજા ફરકે છે.

એવા અજાતશત્રુ, આજાનુબાહુ, અદ્‌ભૂત ઓજસ્વી, વિરલવિભૂતિસ્વરૂપ મારા દાદાગુરૂ પ.પૂ.સદ્‌ગુરૂ કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામીના કરકમળોમાં "શ્રી મુક્તાનંદ કાવ્યમ્" ભાગ-૧ રૂપી કાવ્યકુસુમાંજલિ સમર્પિત કરતા આનંદ અનુભવું છું.

સેવક - સંતવલ્લભદાસ



શુભાશંસનમ્

અક્ષરાધિપતિ કરુણાવરુણાલય પૂર્ણ પુરૂષોત્તમનારાયણ સ્વયં ધર્મ અને ભક્તિ થકી વિક્રમસંવત્ ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીના રોજ પ્રગટ થઈને અનંત જીવોના કલ્યાણ માટે માતા-પિતાને સદ્‌ગતિ આપીને ગૃહત્યાગ કરીને ભારતવર્ષના તીર્થોમાં વિચરણ માટે નીકળ્યા છે. સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ સત્સંગિજીવનમાં "पातुं धर्ममधर्ममुत्खनयितुं श्रीभक्तिधर्माङ्गतो..... (१/४/१)" શ્લોક દ્વારા તેમજ સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ માહાત્મ્યના મંગલાચરણ શ્લોક દ્વારા "अत्रोन्मूलयितुं त्वधर्ममवितुं साधूं च धर्मं शुभम्.... (१/१)" શ્રી હરિના પ્રાગટયના બે હેતુ બતાવ્યા છે - એકતો ધર્મ અને ધર્મપરાયણ સજ્જનોની રક્ષા અને બીજુ અધર્મ અને અધર્મપરાયણ અસુરોનું શમન. શ્રી હરિ ભારતવર્ષના ખુણે ખુણે ફરીને આ હેતુઓને સાધવા લાગ્યા. તે તીર્થોમાં "तीर्थध्वांक्ष" બનેલા દંભી સાધુઓના પાખંડને ખુલ્લા પાડ્યા. અને ગોપાળયોગી જેવા અનેક સાચા સાધકોની આસ્થાને અમીસિંચન પણ કર્યું. રાજાઓની અશ્રદ્ધા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધાને અનુરૂપ શિક્ષણ આપ્યું.

પક્ષીની બે પાંખની જેમસમાન ન્યાયથી શ્રી હરિ બંને પ્રયોજનોને સફળ કરવા છતાં "જાકો દેખ છાતી ઠરે વાકા પડ્યા દુકાલ" વચનાનુસાર અંતર્યામી હોવા છતાં નરનાટક આચરતા પ્રભુ અંતરથી એવી સાધુતાની મૂર્તિની શોધમાં હતા, કે જેના માટે આ શબ્દો છે -

જેના અંતરમાં અવિનાશી વાસ કરી વસીયા ।
તેણે કામક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા ॥ ચોસઠ પદી ॥

પ્રાય : બહુધા ભક્તોએ તથા સાધુઓએ "बहिरीक्षणलोकमानुषम्..." એ દીનાનાથ ભટ્ટકૃત સ્તુતિવાક્યાનુસાર

નરનાટકમાં વિહરનારા વનમાળીને નરરૂપમાં જ નિહાળ્યા હતા. આ રીતે સાત વર્ષ, એક માસ અને અગીયાર દિવસ સુધી વિચરણ કર્યા બાદ તીર્થાટન ક્રમથી જ વિક્રમસંવત્ ૧૮૫૬ શ્રાવણ વદ ષષ્ઠિના સંગવ સમયે લોજમાં જ્યારે શ્રી હરિ પ્રથમવાર સ.ગુ. મુક્તાનંદ સ્વામીને મળ્યા ત્યારે વર્ણીરાજની પ્રતિભાથી સંતો તો આકર્ષાયા પરંતુ શ્રી હરિ સ્વંય પણ પૂજ્ય.સ્વામીમાં અદ્‌ભુત રીતે ખેંચાયા. એજ મહારાજનો અભ્યાન્તર ભાવ સ.ગુ. શતાનંદ સ્વામી આ રીતે ગુથ્યો -

वर्णिराजोऽपि तान्साधून् कलावपि जितेन्द्रियान्।
धिया सुशीलान् निश्चित्य, स्वसंगार्हानमन्यत ॥ स.जी.१-५-५२॥

અહી ''अपि'' શબ્દ બતાવે છે કે શ્રીહરિને મુક્તાનંદ સ્વામી આદિના સહવાસમાં કળી હતપ્રભ દેખાયો.

પરંતુ ''तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्, समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्...'' (મુ । ૧/૨/૧૨) શ્રુતિ કથિત ''બ્રહ્મનિષ્ઠત્વ'' તો જણાયું. પરંતુ ''શ્રોત્રિયત્વ'' ની પરીક્ષા માટે શ્રીહરિએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના લક્ષણો પૂછયા. સારી રીતે લક્ષણો પ્રતિપાદન કર્યા પછી પણ સ્વામીએ જ્યારે પોતાની અલ્પશ્રુતતા કહી બતાવી ત્યારે શ્રીહરિએ કહ્યું જે

ऋजुं निष्कपटं साधुं तं निश्चित्याब्रवीच्च सः ।
त्वयोत्तरं यथार्थं वै, मुने ! कृतमसंशयम् ॥ स. जी. १/५१/४१॥

અને આવા પ્રસંગ માટે જ કેનોપનિષદનું આ વચન છે.

यस्यामतं मतं तस्य मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानताम् विज्ञातमविजानताम् ॥ केनो.२/३ ॥

ભાષ્યકાર સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ આ મંત્રના ઉપનિષદ્ ભાષ્યમાં કહ્યું છે જે ''ભગવત્તત્વને વેદાન્ત વચનોથી જાણ્યા પછી પણ માને છે કે સંપૂર્ણ પણે નથી જાણતો તે જ ખરેખર જાણે છે'' આ શ્રુતિ વચન શ્રીહરિએ ''उत्तरम् यथार्थं वैं'' શબ્દ વાપરી ચરિતાર્થ કર્યુ. અને બાળવયમાં શ્રી હરિ મોક્ષપીપળા પર ચડી મુમુક્ષઓના ભાવ પૂર્ણ કરવા ગૃહત્યાગ માટે આતુર હતા. ત્યારથી હજારો તીર્થોની યાત્રા કરી. ''હાલનાં

નેપાળ, તિબેટ, ચીનમાં પણ પદાર્પણ કર્યું.'' છતાં શ્રીહરિની વિચરણભાગીરથી જાણે મુક્તમુનિને જ પામવા નિકળી હોય તેમમુક્તમુનિ ન મળ્યા સુધી અવિરત વહેતી જ રહી. હવે તો શ્રીહરિ મુક્તમુનિને સોંપાય ગયા. અહો જેને રાજાઓ સમૃદ્ધિથી, મઠાધીશો મહંતાઈથી, વિદ્વાનો પાંડિત્યથી ને સજ્જનો સદ્‌ગુણોથી બાંધી ન શક્યા એ પરમાત્મા મુક્તમુનિના પ્રેમપાસંગમાં સદા માટે બંધાયાં. એટલે જ વેદો કહે છે -

''यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्''
(कठो.२/३)

એ વચન પરમાત્માએ સત્ય કર્યું. એ જ મુક્તમુનિની મહાનતા છે; કે જેને મળીને ભગવાનના પગપણ સ્થંભી ગયા.

સ.ગુ. મુક્તાનંદ સ્વામી એટલે એવા સંત કે જેને શ્રીહરિએ કા. ઉમાં બીજા શુકમુનિ વિગેરે સંતોની સાધુતાની દીવાદાંડી સમાન બતાવ્યાં છે. પૂજ્ય. સ્વામી એટલે એવું એકમાત્ર પાત્ર જેમણે શ્રીહરિના જીવનકાળની સૌથી વધારે લીલાઓ અનુભવી. તેથીજ ગ.મ.૫૮માં શ્રીહરિએ સ્વામીને સંપ્રદાયની પુષ્ટિ માટે પોતાના ચરિત્રોથી સભર ગ્રંથ પ્રણયનની આજ્ઞા કરી. વ્યાસસૂત્ર પર રચિત પૂજ્ય. સ્વામીનું ભાષ્ય જોતા સ્વામીની અદ્વિતીય વિદ્વત્તાના દર્શન થાય છે. મહાન વિદ્વાન હોવા છતાં પગમાં ઘુંઘરા બાંધીને નૃત્ય કરતા તેથી સ્વામીને દાસત્વભક્તિના આચાર્ય પણ કહી શકાય. સ્વામીના જીવનમાં ''पांडित्यं निर्वद्य बाल्येन तिष्ठासेत्'' એ શ્રુતિ સંપૂર્ણતયા ચરિતાર્થ દેખાય આવે છે.

પાંચસો પરમહંસોની હારમાળાના મેર સમાન મુક્તમુનિને સાધુતા, વિદ્વત્તા દાસત્વભક્તિ, સાથે વાત્સલ્ય, કારુણ્ય જેવા ભગવદ્‌-ગુણોથી પૂર્ણ જોઈનેજ શ્રીહરિએ ''સત્સંગની માં'' એવું બિરુદ આપ્યું છે. ''प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमाः यत्पदे तीर्थजातम्....'' એ વચન પણ મુક્તાનંદ સ્વામીની ભક્તિ માટે પૂર્ણપણે યોગ્ય ભાસે છે.

માત્ર સંસ્કૃતનાં જ મહાન વિદ્વાન ન હતા. કિન્તુ હિન્દી તેમજ પ્રાકૃતભાષાના ખુબ કુશળ કવિ અને ગવૈયા પણ હતા. સંપ્રદાયના અષ્ટકવિમાં હરિચરિત્રામૃત સાગરના આધારે સૌ પ્રથમઆદિકવિનું સ્થાન મહારાજે સ્વામીને આપ્યું છે. વાજીંત્રવાદનમાં પણ સ્વામીનું કૌશલ્ય અપ્રતિહત હતું.

હ.ચ.સા. ના પુર ૬ અને ૩૩માં તરંગના આધારે મુક્તમુનિ તથા બ્રહ્મમુનિએ "યુગન તથા મુગન નામનાં મોરયંત્ર" વગાડ્યા છે. આમ સ્વામી અનેકવાદ્યવાદનકુશળ હતા. પૂજ્ય. સ્વામી ખુબસુંદર તિલક કરતા તેથી સ્વયં મહારાજે જ સ્વામીની ભૂરી ભૂરી પ્રશંસા આ રીતે કરી છે-

"मुक्तमुनि तिलक करनेमें, अति चतुर रहाय ।
ऐंसे चतुर न कोइ संतमे, तिलक एक इनकुं आय ॥ હ.ચ.સા. ૬/૧૮॥

તેથી જ સત્સંગિજીવનમાં સુવ્રતમુનિએ સ્વામી માટે કેટલુ આદરસૂચક વિશેષણ વાપર્યુ છે જે "औध्धवीयाग्रणीर्मुनिः (૧/૫૧/૪૦) સ્વામીની યશગાથા મહારાજની યશગાથા જેવી વિસ્તૃત છે.

પૂ. સ્વામીએ મહારાજની આજ્ઞાથી મહારાજના સહવાસમાં તેતે સમયમાં હજારો કીર્તનો અને "લઘુકાય કાવ્ય-ગ્રંથો"ની રચના પણ કરી. તે લઘુગ્રંથોનો સંગ્રહ "મુક્તાનંદ કાવ્યમ્" એ સ્વામિનારાયણ સંપ્રદાયનો અતિ વિશિષ્ટ ગ્રંથ છે. અમારા આદિ ગુરુ એવા સ.ગુ. મુક્તાનંદ સ્વામીના આ ગ્રંથને "શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ભક્તિનગર -કંડારી" દ્વારા "દશાબ્દિ મહોત્સવ" ના ઉપક્રમે પ્રકાશિત કરી રહ્યા છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં શા. સંતવલ્લભદાસ આદિ સંતોએ ખૂબજ જહેમત ઊઠાવી છે. અને પ્રકાશન કાર્યમાં પ.ભ. દાનવીર શ્રી ધરમભાઈ ભાનુભાઈ પટેલે ઉદાર દિલે આર્થિક સહયોગ આપ્યો છે. તે સર્વે પર મહારાજ અને સ. ગુ. મુક્તાનંદ સ્વામીની સદા અમીદ્રષ્ટિ રહે. અને આ ગ્રંથને વાંચનાર તથા સાંભળનાર સહુ કોઈ મુમુક્ષુ-ભક્તોને પણ પૂ. સ્વામીએ પાઠવેલા આ અતિ રુડા આશીર્વાદ જરૂર ફળશે જ -

"प्रीति सहित यह ग्रंथकुं सुने सुनावे कोइ,
तापर रीजे श्रीहरि, लहत परम पद सोइ" ॥ पंचरत्नम् ॥

લી. શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસના
સસ્નેહ જય શ્રીસ્વામિનારાયણ

वृत्तालये स भगवान् जयतीह साक्षात्

નમ્ર નિવેદન

શ્રીજી મહારાજ પછી સંપ્રદાયમાં જેમનું સૌ પ્રથમસ્થાન હતું, શ્રીજી મહારાજ પણ જેમને ગુરૂસ્થાને માનતા, છતા જેઓ દાસભાવે રહ્યા હતા, જેમણે જીવનના અંતિમશ્વાસ સુધી સંપ્રદાયની સેવામાં, સાહિત્ય રચનાઓમાં કલમચલાવી છે એવા સત્સંગની મા રામા સંત મુક્તમુનિની કાવ્ય રચનાઓના કેટલાય અંશો વિસ્મૃતિના પડ નીચે દટાવા લાગ્યા છે,ત્યારે સ્વામીની સાહિત્ય રચનાઓ માત્ર દંતકથાઓની જેમ કથનમાત્ર ન થઈ જાય એટલા માટે આ પુસ્તક પ્રકાશનનો શુભ સંકલ્પ પરમપૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રીજી સ્વામી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના મનમાં સ્ફૂર્યો હતો. આ સંકલ્પને સાકાર કરવા પૂજ્યપાદ સ્વામીશ્રીના **કૃપાપાત્રસેવક પરમભક્તશ્રી ધરમભાઈ બી. પટેલ - સુણાવ (હાલ અમેરિકા)**એ - આર્થિક સહયોગ આપી સેવાનો અમૂલ્ય અવસર લીધો છે. જેનાથી આટલું વિશાળ પુસ્તક આજ **શ્રી સ્વામિનારાયણ-ગુરૂકુલ-કંડારીના "દશાબ્દિ મહોત્સવ"**ના ઉપક્રમે પ્રકાશિત થઈ રહ્યું છે.

આ ગ્રંથના રચયિતા કવિ એક સાંપ્રદાયિકતત્ત્વવેત્તા જ નહિ પણ સાંસ્કૃતિક ક્ષેત્રે એક અદ્વિતીય સંત હતા. તેમની સાહિત્યક સેવાનું યશોગાન ગાતા શેષ પણ થાકી જાય, એટલુ ઉત્તમ-ઊચ્ચકોટિનું સાહિત્ય હોવા છતા આજ સુધી આ રસની તરસ બહુ ઓછા લોકોને લાગી છે એ એક કૌતુક છે.

મુક્તમુનિની કાવ્યકૃતિઓ "મુક્તાનંદ કાવ્યમ્" નામના પુસ્તકરૂપે વર્ષો પહેલા વરતાલના મહાન બ્રહ્મનિષ્ઠ સંત **શાસ્ત્રી શ્રીહરિજીવનદાસજી સ્વામી**એ પ્રકાશિત કરેલ. એકવીસ કૃતિઓનુ આ કાવ્ય અપ્રસિદ્ધ જેવુ રહ્યું, પણ હમણા થોડા સમયથી અત્ર તત્ર સર્વત્ર "પંચરત્નમ્" નામક નાનકડી એક જ કૃતિએ વાંચક જગતમાં શ્રોતાઓમાં અજવાળું કરી આપ્યું છે. પરિણામે ચોમેરથી આ ગ્રંથરત્નને પ્રકાશિત કરવાની માંગ દેશ-વિદેશમાં ઉઠી છે. વર્ષો પહેલા પણ પ.ભ.શ્રી ધરમભાઈ અમેરિકાના આગ્રહથી આ કાર્ય હાથમાં લીધેલુ અને આજે એમના જ સહકારથી પૂર્ણ થઈ રહ્યું છે.

આ ગ્રંથ પ્રકાશન સમયે તેના વિશાળ કદને ધ્યાનમાં લઈ મુક્તાનંદ કાવ્ય ભાગ-૧/૨, એમબે ભાગમાં આકર્ષક કલર કવર પેજ સાથે

આપની સમક્ષ મુકી રહ્યા છીએ. મુક્તાનંદ કાવ્યની આ સૌ પ્રથમગુજરાતી આવૃત્તિ છે. આ ગ્રંથના અધ્યયન સમયે મુંજવતા **કઠિન શબ્દોના સરળ અર્થ** પ.ભ. શ્રી શાંતિકુમાર ભટ્ટે તૈયાર કરી આપ્યા છે અને તે પણ તે જ પૃષ્ઠની નીચે વાંચકની અનુકૂળતા માટે મુક્યા છે. કઠિન શબ્દોના સરળ અર્થની સાથેસાથે વાંચકને મનપસંદ વિષયની અનુકૂળતા માટે અનુક્રમણિકા પણ તૈયાર કરી છે. એટલું જ નહિ પણ દરેક ગ્રંથોના પ્રારંભમાં ગ્રંથનો સંક્ષિપ્ત છતા સંપૂર્ણ પરિચય અને મહિમા દરેક ગ્રંથના આરંભમાં આપ્યો છે. આટલી વિશેષતાઓની સાથે સાથે આ પ્રકાશનમાં ''રાસલીલા'' ''રાસપંચાધ્યાયી'' ''હનુમત્કવચ'' ''હનુમન્મંત્રવિધિ'' ''હનુમદષ્ટોત્તરશત નામાવલિ'' ''હનુમન્મંત્રપુરશ્ચરણવિધિ'' અને ''હનુમદષ્ટોત્તરશતનામસ્તોત્રમ્'' આ હનુમત્પંચક જેવા ગ્રંથોનો પણ સંશોધન સાથે સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના પ્રકાશન કાર્યના આરંભથી અંત સુધી સતત મારા વડિલ ગુરૂબંધુઓ, શા. શ્રી સુવ્રતવલ્લભાચાર્ય અને શા. શ્રી શુકવલ્લભદાસજી સ્વામીનું સતત માર્ગદર્શન મળ્યું છે. આ કાર્યને આટલી સુંદર રીતે સત્સંગ સેવામાં, સત્સંગીઓના હાથમાં મુકવા માટે અમારા કરતા પણ વધુ મહેનત ''અરવિંદભાઈ ડુંગરાણી'' એ કરી છે. સેવાના આ વિરાટકાર્યમાં સહભાગી બનનાર પ.ભ.શ્રી ધરમભાઈ, અ.નિ.પ.ભ.શ્રી શાંતિકુમાર ભટ્ટ તથા નામીઅનામી સહુકોઈ સહયોગીઓને વરતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ સર્વ પ્રકારે સુખીયા કરે એવી પ્રાર્થના કર્યા વિના રહી શકાતું નથી.

આજ અમે શ્રીજી મહારાજના અતિ વહાલા સંત મુક્તમુનિના નાનામોટા ચોવિસ જેટલા ગ્રંથોનો સંપુટ આપના હાથમાં મુકતા આનંદ અનુભવીએ છીએ. આ પ્રકાશન કાર્ય ખૂબજ પ્રાજ્ઞ સજ્જનોની દેખરેખ હેઠળ થયુ હોવાથી ક્ષતિઓથી દૂર રહેવા પામ્યુ છે. છતાં આપ સુજ્ઞ વાંચક ભક્તોને આવી કોઈ ક્ષતિ દેખાઈ તો આપ ક્ષમ્ય ગણશો જ...

गच्छतःस्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र क्षमा दधति सज्जनाः ॥

શા. સંતવલ્લભદાસના સસ્નેહ જયશ્રી સ્વામિનારાયણ

"શ્રીહરિકૃષ્ણાય નમઃ"



સદ્‌શ્રી મુક્તમુનીનું જીવનચરિત્ર

प्राभूद्वार्ता प्रवाहोऽमितहरियशसां पापतापप्रणाशः
दिव्यानां यन्मुखेन्दोरिव तुहिनगिरेः पूर्णगङ्गाप्रवाहः ।
तं निर्वेदातितुच्छीकृतसकलमहालोकभोगं पवित्रं
मुक्तानन्दाभिधानं मुनिमनुदिवसं नौमि सद्‌वृन्दमुख्यम् ॥

નમુ મુક્તાનંદ પ્રભુપદતણા સેવક સદા,
મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા ।
કરે વાર્તા જ્યારે સુરસરિત ધારા સમવહે
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે ॥
(હરિલીલામૃત)

પૂર્વ ભૂમિકા

કોઈ પણ સમાજ કે સંસ્થાના વિકાસમાં તેના સ્થાપક કરતા પણ વધારે બલિદાન - સમર્પણ, તેના અનન્ય ઉપાસક અનુયાયીઓના હોય છે. ઈતિહાસના પાછલા પૃષ્ઠો ઢંઢોળતા જાણવા મળે છે કે, - ઈશુના ૧૨ એપોસ્ટલ્સ, - મહાવીરના ૧૧ ગણધર, શ્રી બુદ્ધના પાંચ આદ્ય ભિક્ષુઓ, શ્રી શંકરાચાર્યજીના ચાર પટ્ટશિષ્યો, અને શ્રી વલ્લભાચાર્યજીના અષ્ટસખાઓ, સ્વધર્મમાર્ગના સ્તંભો બનીને રહ્યા હતા. પાયાના પથ્થરો બનીને કૂરબાન થઈ ગયા, જેમના પર આજે ધર્મ - સંપ્રદાયના મહેલ રચાયા ને ઊભા છે.

પરંતુ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ૪-૫- કે ૧૧ નહિ પણ ૫૦૦-૫૦૦ પરમહંસ નંદ-સંતો જેવા પાયાના સ્તંભો પર સ્થાપિત થયેલો છે. સુર્ય કે ચંદ્ર ફરતી નક્ષત્રમાળની જેમ શ્રીહરિની ફરતી બ્રહ્મચર્યની મૂર્તિસમી સંતમાળા હતી. આ ૫૦૦ પરમહંસમાળાનો મેર અને સત્સંગ ઈમારતનો મોભ જો કોઈ હોય તો "મુનિવર મુક્તાનંદજી" છે.

તેઓ જ્ઞાનમાં દેવગુરૂ બૃહસ્પતિ કરતા ઊંચુ સ્થાન ધરાવતા. તેઓ એક કરતા વધારે ભાષાઓના જાણકાર અને અનેક વિદ્યાઓના સ્વામી હતા. રાગ-રાગણીઓને મૂર્તિમાન કરવાનું એમનામાં અનેરૂં કૌશલ્ય હતું. વિધર્મી અને વિદ્વેષીઓને પણ વશ કરી શકે એવું વાગ્માધુર્ય તેમને કુદરતી બક્ષીશમાં મળ્યું હતું. એમની શબ્દ છટા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતી. અને હા, સ્વર તો એવો જાણે કંઠમાં કોયલનો માળો ન હોય ! રૂહાની સંગીત અને વાગેશ્વરીની વીણા પર એમનો પૂર્ણ અધિકાર હતો. એમણે ઈષ્ટદેવ અને સંપ્રદાયને લક્ષ્યમાં રાખી વિવિધ ભાષાઓમાં વિપુલ સાહિત્યનો જે રસથાળ આપ્યો છે તે સત્સંગમાં જ નહિ વિશ્વ સાહિત્યના ઈતિહાસમાં વિરલ પ્રસંગ છે. ગુજરાતી - હિન્દી - સંસ્કૃત અને વ્રજ જેવી ભાષાઓ, વ્યાસસૂત્ર ભાષ્ય જેવી ઉત્કૃષ્ટ જ્ઞાનપ્રધાન તથા રાસલીલા જેવી રસપ્રધાન રચનાઓ અને સંગીતના ત્રણે પાસાનું પ્રખરજ્ઞાન એ એમનો વિશ્વવિક્રમ છે.

અને એટલે જ એમની ભગવી ચુંદડીએ સારાય ભારતવર્ષનાં સનાતન કાષાયવસ્ત્રને ગૌરવ આપ્યું છે, એમ કહેવું અતિશયોક્તિ નહી કહેવાય. આધ્યાત્મિક સદ્‌ગુણ સમ્પત્તિની દૃષ્ટિએ તેઓ કુબેર ભંડારી હતા, છતા શ્રીહરિના દાસ થઈને રહેતા. પરિણામે પરબ્રહ્મ શ્રીહરિએ તેઓને પોતાના "ગુરૂસ્થાને" બિરાજીત કર્યા હતા.

વિકાસ અને ઈતિહાસની દૃષ્ટિએ સત્સંગ જયારે પા-પા પગલી ભરતો હતો ત્યારે તેમણે વાત્સલ્યમયી માતાની ભૂમિકા નિભાવી હતી.

ઉદ્ધવ સમ્પ્રદાયના સંસ્થાપક સદ્‌ગુરૂશ્રી રામાનંદસ્વામી અને પ્રવર્તકશ્રી હરિ,

બન્નેના કૃપાપાત્ર સેવક અને પાંચસો પરમહંસોના પ્રમુખ વિદ્વદગ્રણી - ગુરૂવર્ય મુનીન્દ્ર મુક્તાનંદજીના કાવ્ય રસાસ્વાદનું આસ્વાદન કરતા પહેલા તેમના આદર્શ જીવન ચરિત્રામૃતનું આચમન કરીએ.

જન્મ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યકવિ સંતવર્ય સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૧૪-પોષ-વદ-૭ ના રોજ સૌરાષ્ટ્રમાં અમરેલી મુકામે થયેલો. માતા રાધાબાઈ, પિતા આનંદરામ... બાળપણનું નામ "મુકુંદદાસ." એક બહેન; તેનું નામ ધનબાઈ. મહાત્મા મૂળદાસનો આશ્રમ તેમના માટે સંસ્કાર મંદિર સાબિત થયો. આશ્રમનું સાત્ત્વિક વાતાવરણ, પૂર્વના ઉત્તમ સંસ્કાર અને વેદાંત અધ્યયનના ફળ સ્વરૂપે બાળપણમાં પ્રભુ મીલનનો તીવ્ર તલસાટ જાગ્યો. પિતા આનંદરામ અને મહાત્મા મૂળદાસજીના શિષ્ય એવા પંડિતપ્રવર હાથીરામ તથા જદુરામને તેમણે સંસ્કૃતભાષાના ગુરૂ બનાવ્યા.

શિક્ષા

વિદ્વાન્ પિતા આનંદરામને પુત્ર મુકુંદદાસમાં ધ્રુવ-પ્રહ્લાદની ઝાંખી થઈ. પુત્રની કુશાગ્રબુદ્ધિ અને દિનપ્રતિદિન વધતી પ્રતિભા જોઈને એક વિદ્વાન્ અને ભક્તપુત્રનું સ્વપ્ન માત-પિતાએ જોયુ. એમની શૈશવોચિત ક્રિયાઓમાં પરિવારજનો માધુરી, મોહની, માદક, સુરીલી - ગંધ અનુભવતા. ગૌરવર્ણ - સુંદર શરીર અને મુખાકૃતિમાં સૌમ્યતા - સજ્જનતાના કાવ્યો વાંચવા મળતા પણ એમનું વર્તન વિરક્ત સંન્યાસ જીવનના સંકેત આપતુ હતુ. પરિણામે ચિંતિત માત-પિતાએ લગ્નનો વ્યૂહ ગોઠવી રચનાત્મક રીતે બંધનમાં લેવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. માતાનું વાત્સલ્ય, પરિવારની હૂંફ અને પત્નિનો પ્રેમ, આ મોહમય ત્રિવેણીના વમળમાં પણ બાળક મુકુંદની વિરાગભાવના અક્ષુણ્ણ રહી. માંના આગ્રહને માન આપી બાળલગ્ન કર્યા. પરંતુ,

માંની માયામાં પડ્યા વિના મુકંદદાસે વિદ્યાભ્યાસ ચાલુ જ રાખ્યો. રામાનુજ વેદાંતનું ગહન તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યુ. સંસ્કૃતની સાથે સાથે ગાંધર્વ વિદ્યામાં પણ પ્રવીણતા પ્રાપ્ત કરી. ધનુર્વેદ (આયુર્વેદ)માં પણ તેમણે સારી એવી ગતિ પ્રાપ્ત કરી. સરોદના તાર તાણી અંતરના ઉંડાણ સાથે "તુલસી રામાયણ"નું ગાન તેઓને ખૂબજ પ્રિય હતુ. કોકિલ કંઠ - વાગ્માધુર્ય અને સંગીતના ગાનના પ્રભાવે મુકુંદદાસ એક શ્રેષ્ઠ કથાકાર તરીકે ઉપસી આવ્યા. ચોગરદમ તેમના ગુણોની ચર્ચા થવા લાગી. આસપાસ અવાર નવાર થતી કથાઓમાં અસંખ્ય માનવ મહેરામણ ઉભરાવા લાગ્યો.

ગૃહત્યાગ

માત-પિતાએ લગ્નની ગૂઢ ગ્રન્થીથી બાંધ્યા છતા મુકુંદદાસ મુક્ત હતા. ગૃહસમૃદ્ધિ, કંચન - કામિનિ અને કથાકાર તરીકેની કીર્તિ (प्रतिष्ठा शूकरीविष्ठा) કાકવિષ્ટા તુલ્ય જાણી છતા માત-પિતાના આગ્રહને વશ થઈને ગૃહત્યાગ કરી ન શક્યા. પણ "जानन्नपि हि मेधावी जडवल्लोकमाचरेत्" ઈત્યાદિ શાસ્ત્રીય વચનોને પ્રેરક અને આદર્શ માની ગાંડપણનું નાટક શરૂ કર્યું. "રામ ગટાગટ મહૂડી ફુલી" - "રામ ગટાગટ મહૂડી ફુલી"ના નારા લગાવતા ગાંડા - છોકરાને શરમાવે એવા ગાંડા કાઢવા લાગ્યા. સમજુ - આદર્શ - અતિશય પ્રતિભા સંપન્ન પુત્રની આ હરકત પરિવાર કે ગ્રામજનો વેઠી ના શક્યા. પરિણામે મુકુંદદાસને પોતાના લક્ષ્ય તરફ આગળ વધવાની સફળતા મળી.

ગુરૂની શોધમાં

"यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति" જેવા શાસ્ત્રીય વચનો તથા ભીષ્મ જેવા પાત્રોને નજર સમક્ષ રાખી નૈષ્ઠિક બ્રહ્મચર્ય સિદ્ધ કરાવી પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે એવા ગુરૂદેવની શોધમાં મુકુંદદાસ ધ્રાંગધ્રા દ્વારકાદાસની મઢીએ પહોંચ્યા. ત્યાંથી તેમને પ્રસિદ્ધ મહાત્મા કલ્યાણદાસનું નામ મળ્યુ. તેથી વાંકાનેર આવ્યા. સેવા-શુશ્રુષાથી અંગત સંબંધ કેળવી એક દિવસ મુકુંદદાસે પોતાની ઝંખના કહી ત્યારે કલ્યાણદાસ ચકિત થઈ ગયા. તેમને મુકુંદદાસની મુમુક્ષા નજર સમક્ષ તરી આવી - પણ ઊંડો શ્વાસ લઈ નિઃસાસો નાંખતા કહ્યું –

કળિયુગમાં કામ જિતાય, એવી વાત કહી ન મનાય ।
કાશી જાત્રાનો કરવા પ્રવાસ, ગયો જ્યારે હું ઉજ્જૈન પાસ ॥
કોઈ બાઈને રસ્તો પુછાવ્યો, કર લટકો કરીને બતાવ્યો ।
પેહું લટકું તે અંતરમાંઈ, હજી વિસરતું નથી ભાઈ ॥

(હરિલીલામૃત - ૪/૧૧/૨૬-૨૭)

આ શબ્દો સાંભળતા મુકુંદદાસની માથે આભ તૂટી પડ્યું. એક પછી એક અધ્યાત્મના અજોડ માંધાતાઓ પાસે માથા ઘસ્યા પણ તેમની આશાના વજ્રસ્તંભો ઝાડ પરના પીળા પાંદડા ખરે તેમ તૂટી પડ્યા. ઘોર નિરાશાની ગર્તમાં ધકેલાય ગયા. આશાઓ પર પાણી ફરી વળ્યું. આશાની અમરવેલ લંઘાવા લાગી - કારણકે તેના મૂળમાં શંકા-કુશંકાઓની ઉધઈ લાગી હતી... બ્રહ્મચર્ય સિદ્ધ ન થાય અને પરબ્રહ્મની પ્રાપ્તિ ન થાય; એવા જીવનના ભારને શા માટે ઉપાડવો! કલ્યાણદાસને છોડીને જતા રસ્તામાં કોઈ એક ઝાડ પર ચડીને વ્યર્થ જીવનના અંત માટે મુકુંદદાસ શરીર પડતુ મુકવા તૈયાર થયા. પણ

પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા ને વિશ્વાસ ક્યારેય વ્યર્થ જતા નથી. શરીર પડતુ મેલે તે પહેલા આકાશમાં આશાની તેજ રશ્મિઓ દેખાણી- દેવવાણી થઈ - ''મુકુંદ - સરધાર જા''. આકાશવાણી સૂણી અંતરમાં ફરી આનંદના સ્રોત વછુટ્યા... સરધાર આવ્યા... મહાત્મા તુલસીદાસને ત્યાં રહ્યા. વિદ્વત્તા-ઋજુતા-સાધુતા-વાણિ- વર્ણન શક્તિ જોઈને તુલસીદાસ દંગ થઈ ગયા. ટુંક સમયમાં જ તેમના આશ્રમના મહંતપદે નિયુક્તિ કરી. મુકુંદદાસ સરોદ લઈને ચોપાઈઓ ગાતા ને સંસ્કૃતિનો શાશ્વત ઉપદેશ લલકારતા ત્યારે ગ્રામીણજનોની ભીડ જામતી.

પણ એક દિવસ અચાનક શ્રોતાઓમાં ઓટ આવી. તપાસ કરતા ખ્યાલ આવ્યો. એક રામાનંદ સ્વામી કરીને સંત આવ્યા છે.

ગુરૂની પ્રાપ્તિ

ઉદ્ધવાવતાર સદ્‌ગુરૂ શ્રીરામાનંદ સ્વામીના દર્શનની ઉત્કટ ઈચ્છાએ મુકુંદદાસ સ્વયં એક સાધક શિષ્યની જેમ સ્વામીના દર્શને ગયા. પ્રથમ દર્શને જ અંતરમાં હા પડી ગઈ. મને આકાશવાણીએ કહ્યું હતુ તે જ આ મહાપુરૂષ છે. શરણાગત થઈને રહેવાની ઈચ્છા પ્રગટ કરી. પણ તેમના ગુરૂના ડરે સ્વામીએ તુલસીદાસની રજાચિઠ્ઠી માંગી. મુકુંદદાસને માન-મોટાઈના બંધન તોડવા સહજ વાત હતી. તેણે આશ્રમમાં બેફામ સીધુ સામાન-આપવા માંડ્યું. તુલસીદાસ ગુસ્સે થયા. **''કહ્યું ત્યારે તો તુલસી દાસે, આવી રીતે પુરૂ કેમ થાશે ?''** ત્યારે સ્વામી કહે **''જ્યારે ભંડાર થૈ જાશે નરવા, ત્યારે તો જાશુ તીરથ કરવા''** - તુલસીદાસનો પારો ઉપર ચડી ગયો. **''એવુ ઘારો તો આજ સિધાવો''** - મુકુંદ કહે લખી આપો. **''મળે મને કોઈ રાખનાર, તે ઉપર નહિ દાવો લગાર''**. આમ લેખિત મંજુરી મળી ગઈ પણ ત્યાં સુધીમાં તો સ્વામી સરધાર છોડીને જતા રહ્યા હતા. તેની શોધમાં ''બંધીયા'' આવ્યા. ત્યારે ગુરૂએ આકરી કસોટી આદરી પણ સોનું તો જેમ તાવે તેમ શુદ્ધ જ થાય. રામાનંદ સ્વામીએ તેમને આજ્ઞા કરી.

''વેષ કણબીનો કાચાયે લઈ, હાંકો હળ મુળુભાઈનું જઈ'' પણ મુકુંદદાસ તો આદર્શ મુર્તિ હતા. તેઓ સ્વામીના પેપરમાં સો ટકા પાસ થઈ ગયા. અને ૧૮૪૨ની વસંત પંચમીના શુભ દિવસે **''દીક્ષા વૈષ્ણવી દીધિ તે ઠામ, મુક્તાનંદજી ધારિયું નામ.''** ૨૮ વર્ષની વયે મુકુંદમાંથી મુક્તાનંદ બની ગયા. ગુરૂ આજ્ઞાના પાલન સાથે મુક્તમુનિ સોરઠમાં સત્સંગ પ્રસાર માટે વિચરણ કરવા લાગ્યા. સમય જતા રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય તરીકે તેમની ગણના થવા લાગી.

સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામીએ મુક્તમુનિ અને દેવાનંદમુનિને ભુજ સંસ્કૃતના અધિક અભ્યાસ અર્થે મોકલ્યા. મુક્તમુનિની વાણિ અને વર્તનના પ્રભાવે ભુજનરેશની

કચેરી સુધી ઉદ્ધવી સમ્પ્રદાયની કંઠી પહોંચી. અભ્યાસ પૂર્ણ કરીને જ્યારે સ્વામી આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ તેમને લોજ આશ્રમના મહંત બનાવ્યા.

વર્ણીન્દ્ર અને મુનીન્દ્રનું મિલન

વિ.સ. ૧૮૫૬ના શ્રાવણવદ - ૬ની તિથિ મુક્તાનંદ સ્વામીના જીવનની એક ઐતિહાસિક તિથિ બની રહી. સંપ્રદાયના સૂત્રધાર સાધુવેશે આવી ચડ્યા. ૧૯ વર્ષની કિશોર અવસ્થા - નિલકંઠનામ, માથે જટાજુંડ - મૃગછાલા - માળા અને મુખપર ચંદ્રજેવી તેજસ્વી છતા સૌમ્ય પ્રભા... જીવનમાં પહેલીવાર મુક્તમુનિનું ચિત્ત આકર્ષાયું. વર્ણીન્દ્ર બ્રહ્મચારીએ પાંચ પ્રશ્નો-પૂછ્યા-વિનય-વિવેક સાથે મુક્તમુનિએ તેના ઉત્તર આપ્યા. ભારતભરની યાત્રામાં જે પ્રશ્નોના ઉત્તર નો'તા મળ્યા તેના ઉત્તર મળતા નિલકંઠ પ્રસન્ન થયા. આશ્રમમાં રહ્યા. પાયાના ફેરફાર કર્યા. રામાનંદ સ્વામીને મળ્યા દીક્ષા લીધી. અને સ્વામી તેમને ગાદી આપીને સ્વધામ સીધાવ્યા.

જે ગુરૂ હતા તે શિષ્ય થયા અને જે શિષ્ય હતા, જે લોજમાં છાણ વીણતાં, વાસણ સાફ કરતા, લાકડાં વીણી લાવતા, મુક્તમુનિએ તેમની આંખના ઈશારે જીવન - વર્તનનો સફળ પ્રયત્ન કર્યો અને આદર્શ શિષ્ય જ નહિ સ્વયં શ્રીજી મહારાજે તેમને ગુરૂ તરીકે સ્વીકાર્યા તેટલી ઊંચી યોગ્યતા પ્રાપ્ત કરી.

સદ્‌ગુરૂશ્રી મુક્તમુનિના જીવન-કવનના મંથનના આધારે આપણે તેમના વૈદુષ્ય, કવિત્ત્વ, વક્તૃત્ત્વ, વાગ્માધુર્ય, વ્યવહાર-કૌશલ્ય, માતૃત્ત્વ, દાસત્ત્વ, સંગીતજ્ઞતા જેવા અનેક ગુણોની આછિ ઝાંખી મેળવીએ. કારણ કે એમના સાગર જેવા વ્યક્તિત્ત્વને આ નાનકડાં લેખમાં સમાવવું અતિ કપરૂં કામ છે. માટે અત્રે કેટલાક અગત્યના ગુણોની ઝાંખી માણીએ.

સત્સંગ વિકાસમાં મુક્તમુનિની ભૂમિકા

આજે જે કોઈ પોતાને સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત ગણાવે છે તે સર્વે અનુયાયીઓ આ સંતના ઋણી છે. સત્સંગના સમ્રાટ શ્રી સહજાનંદજી મુક્તમુનિની ભેટ છે. **જ્યારે નિલકંઠ વર્ણીરૂપે મહારાજ લોજ પધાર્યા ત્યારે મુક્તમુનિની વિદ્વત્તા-ઉપાસના શુદ્ધિ અને સાધુતાના પુણ્યપ્રતાપે તેઓ લોજમાં રહ્યા.** રામાનંદ સ્વામીને મળ્યા અને આપણને આ સંપ્રદાય મળ્યો. હું ફરી એકવાર કહું છું, આ સંપ્રદાયના લાખો અનુયાયીઓ મુક્તમુનિના સદૈવ ઋણી રહેશે. જો તેઓ લોજમાં શ્રીનિલકંઠવર્ણીને રોકવામાં સફળ ના થયા હોય તો આ દિવ્ય સત્સંગની કલ્પના કેવી રીતે કરી શકાય?

સત્સંગની સ્થાપના અને વિકાસમાર્ગના તેઓ ભોમિયા હતા. તેઓએ અનેક

મોટા-મોટા શહેરમાં રોચક શૈલીમાં કથાવાર્તા કરી નવા અનુયાયીઓ તૈયાર કર્યા હતા. તેમના વિચાર-વાણિ અને વર્તનની એકતા શ્રોતા - દર્શકોને આકર્ષિત કરતી. આ ઉપરાંત શ્રોતાઓના મનના સમાધાન તેઓ પૂછ્યા વિના પણ કરી દેતા પરિણામે મોટા-મોટા શહેરોમાં મોટા-મોટા બુદ્ધિજીવી લોકો પણ સંપ્રદાયમાં જોડાયા હતા. જેનો ખ્યાલ નીચેના પ્રસંગો પરથી આવશે.

ભુજ

સાંપ્રદાયિક વિકાસ વિદ્વાન - સાધુઓ દ્વારા જ થઈ શકશે. એમ વિચારીને સદ્‌ગુરૂશ્રી રામાનંદ સ્વામીએ મુક્તમુનિ અને દેવાનંદમુનિને ભુજ વધુ વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. રાજ તરફથી ચાલતી પાઠશાળામાં પાઠ લેતા. રામવાડીમાં રહેતા અને ભિક્ષાવૃત્તિ કરીને દેહનિર્વાહ કરતા. ભિક્ષાવૃત્તિ દરમ્યાન રાજના દિવાન સુંદરજીભાઈ સુથારના માતુશ્રી પર આ સંતોના વર્તનની અસર થઈ. તેમણે સંતોને રહેવા એક ઓરડી આપી. ઓરડી પાસેના વડમાં રહેતા ભૂતોને મુક્તમુનિએ બદરિકાશ્રમમાં મોકલ્યા અને આનંદપૂર્વક રહેવા લાગ્યા. ત્યારે દિવાનશ્રી સુંદરજીભાઈ આશ્ચર્યચકિત થયા. તેમના અંતરમાં સ્વામી પ્રત્યે અપાર લાગણી થઈ. રાજના દિવાનના મુક્તમુનિ ગુરૂ બન્યા. ધીરે ધીરે શહેરના આગેવાનોને સુંદરજીભાઈએ સ્વામીનો પરિચય કરાવ્યો. અને ગંગારામ મલ્લ આદિ અસંખ્ય અનુયાયીઓ તૈયાર થયા.

ભુજની પાઠશાળામાં પિંગળશાસ્ત્ર - અલંકારશાસ્ત્ર અને સંગીતવિદ્યાનો વિશેષ અભ્યાસ પૂર્ણ કરી મુક્તમુનિ જ્યારે લોજ આવ્યા ત્યારે તમામ નવા ભક્તોને સાથે લાવ્યા હતા અને બધાને શ્રીરામાનંદ સ્વામીના આશ્રિત કર્યા હતા. ત્યારબાદ સ્વામી પ્રતિવર્ષ ભુજ પધારતા. અને સત્સંગને પોષણ આપતા. આમ ભુજમાં સૌ પ્રથમ સત્સંગના પાયા નાંખનાર મુક્તમુનિ હતા.

વરતાલ

શ્રીજી મહારાજ બોચાસણથી વરતાલ થઈને જેતલપુર પધાર્યા. મુક્તમુનિને મળ્યા. અને વરતાલ તથા તેની આસપાસના ગામમાં ફરવાની આજ્ઞા કરી. મુક્તમુનિ મંડળ સહિત વરતાલ આવ્યા અને લક્ષ્મીદાસ - કુબેરદાસ જેવા અનેક ભક્તો થયા. અરે ! જોબન જેવા લૂંટારાને પણ સ્વામીના શબ્દ આરપાર ઉતરી ગયા. વર્તમાન ધારણ કર્યા. બામરોલી આદિ ગામોમાં સ્વામીએ ખૂબ જ વિચરણ કરેલું. આ તમામ કથાઓ **હરિલીલા કલ્પતરૂ-૫, વિ. ૨૦માં** વર્ણવી છે.

સામ્પ્રત સમયમાં દક્ષિણદેશના પાટનગરના રૂપમાં રાજતા વરતાલધામમાં

સત્સંગના પાયા મુક્તિમુનિની વિદ્વત્તા અને સાધુતાયુક્ત કથા-વાર્તાના પ્રભાવથી નંખાયા હતા.

વડોદરા : મુક્તમુનિએ જ્યાં સત્સંગના પાયા નાંખ્યા હતા ત્યાં શ્રીજીની આજ્ઞાથી બ્રહ્મમુનિએ મંદિરના પાયા નાંખ્યા. વરતાલ અને ચરોતરના સત્સંગીઓના સમર્પણના પ્રતાપે ત્યાં નયનરમ્ય ગગનચુંબી મંદિર થયું. શ્રીહરિને વિશ્વાસ હતો કે, ગુજરાતનો ભક્તસમાજ જ્ઞાની કરતા પ્રેમી વધારે છે અને મુક્તમુનિમાં આત્મીયતા ધરાવે છે તેથી સ્વયં પોતાનું સ્વરૂપ પધરાવવામાં કંઈ તકલીફ નહી થાય... વરતાલ મંદિરમાં પ્રતિષ્ઠા થઈ.

સભામાં વડોદરાના નાથભક્તે પ્રાર્થના કરી. મતવાદિઓને જીતીને સત્સંગના મૂળ ઊંડા નાંખે એવા કોઈ સમર્થ મુનિને અમારા પુરમાં આવવા આજ્ઞા આપો. શ્રીજીની આજ્ઞા શીરે ધારીને મુક્તમુનિ વટપત્તન પધારે છે. છોટિ કાશીનો દરજ્જો ધરાવતા આ નગરમાં રાજાએ ભારતભરમાંથી વિદ્વાનોને બોલાવી રાજમાં વસાવ્યા હતા. તેથી જ તેને વિદ્વદ્નગરી યા છોટી કાશી તરીકે ખ્યાતી મળેલી. આ નગરીના શોભારામ - નરભેરામ - જેવા શાસ્ત્રીઓને હરાવવા મુક્તમુનિનું વટપુરમાં આગમન થયું. પોતાના દિવ્ય અલૌકિક વ્યક્તિત્ત્વથી ડઘાય ગયેલા પંડિતોને સ્વામીએ પરાજયનો સ્વાદ ચખાડ્યો. અને **''શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્''** સૂત્ર આપ્યું. સિંહજીતરાજા વિગેરે ખૂબજ પ્રભાવિત થયા. નિત્ય સ્વામીના સમાગમમાં રહેવા લાગ્યા. મહારાજને તેડાવ્યા. ધામધૂમથી ગજરાજપર સવારી નીકળી.

મુક્તમુનિ આવ્યા. વિજય ધ્વજ લહેરાવ્યો અને વટપુરમાં સત્સંગના મૂળ જામ્યાં. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામી પણ અવાર-નવાર પધારતા... પણ પાયાની ઈંટ મુનિવર્ય મુક્તાનંદજી હતા.

સુરત : સુરતમાં સત્સંગ રંગની લગ્નિ લગાડનાર પણ મુક્તમુનિ જ હતા. સં. ૧૮૬૬માં ખોખરામાં વૈરાગીઓએ અતિ ઉપદ્રવ કર્યો ત્યારે શ્રીહરિએ ચારસો સંતો સાથે મુક્તમુનિને સુરત મોકલ્યા. સુરતમાં કોઈનો ઉપદ્રવ ન હોવાથી સંતોની સુરક્ષા થાય. ૪૦૦ સાધુઓ સાથે સ્વામીએ સુરતમાં સત્સંગનો શિલાન્યાસ કર્યો. શેઠ ભિખારીદાસ - ભાલચંદ્ર જેવા નગરશ્રેષ્ઠીઓ અને અરદેશર પીલુ - જેવા અધિકારીઓ સત્સંગી થયા. શ્રીજી મહારાજને સુરતમાં પધરાવ્યા.

આ સુરતમાં હાલમાં જ્યાં સભા મંડપ છે ત્યાં કેટલાક ભૂતિયા ઘર ખાલી હતા. સુથારની જ્ઞાન ઘોઘા બંદરે ગયેલીને વળતા વહાણ ડૂબી ગયેલું. વાસનાના વમળમાં ફસાયેલા આ જ્ઞાનૈયા બધા ભૂત થયેલા. ઘરમાં રહેતા. તેમાં બીજુ કોઈ જઈ શકતુ નહિ.

આ પ્રસંગ બન્યા પછી નજીકના ભવિષ્યમાં અંગ્રેજનું રાજ આવ્યું. તેણે જાહેરાત કરી. ભૂત કાઢે તેને મકાન આપી દેવા. ભાલચંદ્ર શેઠે શ્રીજી મહારાજ પાસે તેવા સંતને મોકલવા પ્રાર્થના કરી. મુક્તમુનિ પધાર્યા ભૂતોનો ઉદ્ધાર કર્યો અને અંગ્રેજોએ તે તમામ મકાનો લખી આપ્યા.

સુરત શહેરમાં આ વાત વાયુ વેગે પ્રસરી ગઈ. કારણ કે સ્વામીની પહેલા તંત્ર-મંત્રના બળે ઘણા સિદ્ધ તાંત્રિકો સરકારની ચેલેંજ ઉપાડી યમરાજના દરબારમાં જઈને ચિત્રગુપ્તના ચોપડામાં પોતાનો હિસાબ કરાવી ચૂક્યા હતા. પણ આ સંતે તો ભૂતોનો ઉદ્ધાર કર્યો. સમ્પ્રદાયની કીર્તિલતા સુરત મહાનગર ને ફરિ વળી અને સત્સંગનો અતિ ઉત્કર્ષ થયો. લોકોએ આ પ્રસંગને ચમત્કાર માનીને નમસ્કાર કર્યા.

ઉમરેઠ : ગુજરાતમાં સંસ્કૃતના જ્ઞાતાઓ માટે એ સમયમાં વડોદરા પછી ઉમરેઠનું નામ હતું. આ ગામમાં મુક્તમુનિ સૌ પ્રથમ પધાર્યા. છ માસ સુધી નિત્ય સંગીતના સથવારે શ્રીજીચરિત્ર અને સદ્‌બોધની સરવાણી વહાવી. વિદ્વાનો વાણીથી અને મુમુક્ષુઓ ચારિત્ર્યથી પ્રભાવિત થયા અને ધીરે ધીરે સત્સંગના રંગમાં રંગાયા. ત્યારબાદ નિત્યાનંદમુનીન્દ્ર પધાર્યા અને પાંડિત્યપૂર્ણ પ્રવચનોથી પ્રબુદ્ધ વર્ગને સંતોષિત કર્યો અને કહ્યું **આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદસ્વામી જેવા બીજા કોઈ સમર્થ નથી.** એતો એક જ છે. પંડિતોની આંખો ફાટી ગઈ. આ એક જુઓ ને એક ભૂલો એવા આ સાધુઓ છે તો સ્વયં સ્વામિનારાયણ કેવા હશે ? ઉત્કંઠાના નિવારણ માટે મહારાજ ઉમરેઠ પધાર્યા છે. આમ ઉમરેઠ જેવા નગરમાં સત્સંગના પાયા નાંખનાર મુક્તમુનિજ હતા. ગોંડળના નરેશ મોતીભાઈને પણ **"મુનિ મુક્તાનંદે પ્રથમ વયમાં તે નૃપતિને, કરાવેલી પોતે પ્રગટ પ્રભુમાં પૂર્ણ રતિને"** એવો ઉલ્લેખ છે.

આમ આવા નાના-મોટા અનેક પ્રસંગોના આધારે મક્કમ સ્વરે કહિ શકાય કે આ સંપ્રદાયના વિકાસમાં શ્રીહરિ પછી સૌથી મોટુ યોગદાન-સમર્પણ-ભૂમિકા હોય તો તે અમારા ગુરૂવર્ય મુક્તમુનિની છે.

પ્રકાંડ પાંડિત્ય

મુક્તમુનિને પાંડિત્ય પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું. અમરેલીના પ્રતિભાશાળી ચમત્કારિક શક્તિ સમ્પન્ન મહાત્મા મૂળદાસના શિષ્યો પાસે શૈશવકાળમાંજ તેમણે સંસ્કૃત-સંગીત અને ધનુર્વેદમાં સારૂં એવું પ્રભુત્ત્વ મેળવેલું. તેમના પિતાશ્રી શ્રી આનંદરામ પણ કાશીમાં ભણેલા એક વિદ્વાન પુરૂષ હતા. તેમની પાસે પણ તેમણે ખૂબ જ તીક્ષ્ણબુદ્ધિ સાથે અભ્યાસ કરેલો. સમય જતા ત્યાગી થયા. પછી પણ ભુજમાં જઈને પિંગળશાસ્ત્ર-અલંકારશાસ્ત્ર અને સંગીતનો ઉત્તમ અભ્યાસ કરેલો.

સ્વામીના સાહિત્ય પર નજર કરતા સ્પષ્ટપણે કહિ શકાય કે, સ્વામી પ્રસ્થાનત્રયી પર પૂર્ણ પ્રભુત્ત્વ ધરાવતા હતા. બ્રહ્મસૂત્રભાષ્ય, ગીતાભાષા ટીકા અને સત્સંગિજીવન પ્ર.૩ અ.૨૯માં તેમાના પૂછવાથી શ્રીહરિએ પ્રત્યક્ષ અને ધામમાં રહેલા સ્વરૂપનું કરેલું ઐક્ય પ્રતિપાદન તેમાં સબળ સાક્ષી બનીને ઉભા છે. છોટી કાશી વડોદરાની વિદ્વત્સભામાં સંપ્રદાયનો વિજય ધ્વજ ફરકાવનાર સંતને આજ ઘણા વક્તાઓ એ જ પ્રસંગે સ્વામીને અભણ કહેવાનું દુઃસાહસ કરે છે. આ જ સંપ્રદાયમાં તેને કોઈ પૂછનાર નથી રહ્યું. સત્સંગિજીવનમાં તો સ્પષ્ટ લખ્યું છે - ''मुक्तानंदमुनिं प्रोचे विद्वांसं स्वाग्रतः स्थितम्'' નાથજીત આદિએ પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ સભામાં પોતાની આગળ બેઠેલા વિદ્વદ્વરેણ્ય મુક્તમુનિને વટપુર જવા કહ્યું. (સ.જી. ૪/૨૯/૨૭) છતા મુક્તમુનિને અભણ કહેનાર વિદ્વાનોને વિનંતિ, કોઈની કેસેટો સાંભળીને નહિ - ગ્રન્થ વાંચીને કથા કરે

અસ્તુ જો કોઈ વાસ્તવિકતાને સમજવા તૈયાર હોય તો એક વાત હું છાતી ઠોકીને કહું છું કે - **''મુનિવર મુક્તાનંદજી ૧૮મી સદીમાં ભારતના સર્વશ્રેષ્ઠ વિદ્વાન હતા.''** શાંતચિત્તે વિચાર કરજો - શ્રી નિલકંઠવર્ણિ ભારતભરના પ્રમુખ તીર્થોની યાત્રા કરીને લોજપુર આવ્યા હતા. સાત-સાત વર્ષના વિચરણ દરમ્યાન અનેક યોગી-જ્ઞાની-તપસ્વી-વિદ્વાનો - મઠાધીશો-મહંતો અને ધર્માચાર્યોને મળ્યા હતા. જ્યાં કંઈક આશા જણાય ત્યાં નિલકંઠ જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપ પૂછતા.. અને જ્યાં ઉત્તર મળે ત્યાં રહેવા વિચારતા હતા. સારાય ભારતમાં નિલકંઠવર્ણિને જે પ્રશ્નોના ઉત્તર કોઈ વિદ્વાન નથી આપી શક્યો તે પ્રશ્નોના સંતોષપ્રદ ઉત્તર મુક્તમુનિએ સં. ૧૮૫૬માં આપેલા. સ્વામીના પાંડિત્ય માટે આનાથી મોટું કોઈ પ્રમાણ ઈતિહાસ પાસે નથી.

વડોદરાની જેમ જ જામનગરમાં પણ સ્વામીએ અનેક વિદ્વાનોને પરાસ્ત કરેલા. જેનો વિસ્તૃત અહેવાલ હરિલીલાકલ્પતરૂ ભાગ-૨, ત્રીજા સ્કંધના ૩૩/૩૪માં અધ્યાયમાં લખાયેલ છે. ગ.મ. ૩૨માં વચનામૃતમાં શ્રીજી મહારાજે ''विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः'' શ્લોકનો અર્થ પૂછ્યો છે ત્યારે સ્વામીએ રામાનુજભાષ્ય સહિત અર્થ કર્યો છે. અચાનક સામે આવેલા શ્લોકનો ભાષ્ય સહિત ઉત્તર સારા વિદ્વાન માટે પણ કપરૂં કાર્ય થઈ પડે છે. જ્યારે સ્વામીએ સહજમાં અર્થ કરી મહારાજને રાજી કરેલા.

આ ઉપરાંત સ્વામીની વિદ્વત્તામાં પુરક તેમની પાસે રહેતા વિદ્યાર્થી સંતો છે. વિહારીલાલજી મહારાજે લખ્યું છે–

જે જે સાધુ હતા ભણનારા, મુક્તાનંદ પાસે રહેનારા ।
મુક્તાનંદ સાથે સહુ એહ, ગયા સરસવણી ગામે તેહ ॥

વિશેષ વિદ્યાભ્યાસ માટે થોડા-ઘણા સંતો મુક્તમુનિની સાથે જ રહેતા એવી

સ્પષ્ટતા કરવાની અહીં જરૂર રહેતી નથી. **ઇતિહાસ તો ત્યાં સુધી કહે છે કે, યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પણ મુક્તમુનિ પાસે રામાનુજ ગીતાભાષ્ય ભણ્યા હતા.** (હ.ચ.સા.પૂર ૧૮ તરંગ-૯૧). હરિલીલામૃતમાં સ્વામી માટે એમ લખાયું છે કે -

નમુ મુક્તાનંદ પ્રભુપદતણા સેવક સદા,
''**મહાશાસ્ત્રાભ્યાસી**'' વ્યરથ ન ગુમાવે પળ કદા''

તેઓ મહાશાસ્ત્રાભ્યાસી હતા. આ ઉપરાંત એ જ ગ્રન્થમાં શ્રીહરિ સંતોને સંસ્કૃત અધ્યયન કરવા પ્રેરણા આપી રહ્યા હતા ત્યારે જ મુક્તમુનિ આવ્યા. અને તેઓએ પણ સંતોની પ્રેરણા માટે કહ્યું કે

એવે સમે મુક્તમુની પધાર્યા, એણે વળી શબ્દ ભલા ઉચ્ચાર્યા ।
હું જ્ઞાન ગીર્વાણતણું ધરૂ છું, ભાષાતણા કાવ્ય વળી કરૂં છું. ॥

''गीर्वाणवाणीषु विशेषबुद्धिस्तथापि भाषारसलोलुपोऽहम् ।
यथा त्वमर्त्या अमृतेषु सत्सु, गंगोदके सन्ति सदैव लुब्धाः ॥

હે સંતો ! મારી દેવભાષા સંસ્કૃતમાં વિશેષ ગતિ છે. હું ગીર્વાણ સારી રીતે જાણું છું. તથાપિ ગુજરાતી-હિન્દીના કાવ્યો પણ કરૂં છું. જેમ સ્વર્ગમાં અમૃત હોવા છતા દેવતાઓ ગંગાજળ પીવા લાલયિત રહે છે તેમ મને સંસ્કૃતનું જ્ઞાન હોવા છતા ભાષામાં રૂચિ વધારે છે.

અહીં સ્વયં મુક્તમુનિએ સ્વપાંડિત્યનો પરિચય આપ્યો છે. સ્વયં શ્રીજી મહારાજે પણ સ્વામીના મુખેથી ''**શ્રીભાષ્ય**''ની કથા સાંભળેલી. અને કથાની ખૂબ જ પ્રસંશા કરેલી તથા કથા સમાપ્તિમાં ધનતેરશને દિવસે સ્વયં મહારાજે મુક્તમુનિની પૂજા કરેલી. આ સઘળી વાત સત્સંગિજીવન પ્ર.૪/અ.૧૩માં ગૂંથાયેલી છે.

श्रीभाष्येण सहेवासौ व्याससूत्राणि तत्र च ।
अपराह्णेऽन्वहं राजन् शुश्राव परया मुदा ॥ २२
रामानुजाचार्यकृतिं प्रशंसंस्तत्कथां हरिः ।
तिथौ धनत्रयोदश्यां समाप्याऽऽर्चच्च वाचकम् ॥ २३
वाचकम् = कथावक्तारं श्री मुक्तानंदमुनिम् इति हेतुटीकायां शुकमुनिः ।

આમ સમ્પ્રદાયના ઇતિહાસના પાનાઓમાં મુક્તમુનિની વિદ્વત્તા સુવર્ણાક્ષરે અંકિત થયેલી છે. બ્રહ્મસૂત્રભાષ્ય, નિર્ણયપંચક, હનુમત્કવચ-પંચકાદિ સ્વામીની વિદ્વત્તાના હસ્તાક્ષર છે.

આદિકવિ મુક્તમુનિનું કવિત્વ

સંસ્કૃત સાહિત્ય જગતમાં આદ્યકવિ વાલ્મિક છે. અને ઉદ્ધવ સમ્પ્રદાયમાં આદ્યકવિ મુનિવર મુક્તાનંદજી છે. અનુભૂતિ, અભ્યાસ અને આશિષનો ત્રિવેણી સંગમ કાવ્યોમાં થયો છે. તેઓશ્રીએ શૈશવાવસ્થામાં અભ્યાસ કરી અનુભૂતિના આધારે નૂતનકાવ્યોનું સર્જન કરી ગુરૂજનોના આશિષ પ્રાપ્ત કરેલા એટલુ જ નહિ, સદ્‌ગુરૂશ્રી આધારાનંદ સ્વામી તો ત્યાં સુધીની નોંધ લે છે કે, મુક્તમુનિ વિરચિત કાવ્યો રામાનંદ સ્વામી પણ ગાતા. - સંવત્ ૧૮૫૭માં વસંતોત્સવમાં તાલમૃંદગની રમઝટ વચ્ચે જ્યારે રામાનંદ સ્વામીએ ભરસભામાં મુક્તમુનિ વિરચિત પદો ગાયા ત્યારે ભક્તો આનંદથી ઝૂમી ઉઠેલા.

તાલ મૃદંગ વગાડીને, રામાનંદ પદ ગાય ।
રચેલ મુક્તાનંદના, સુણી સૌ જન રાજી થાય ॥
હરિલીલામૃત ક.૪/વિ.૧૭

ગુરૂદેવના રચિતપદો શિષ્યો ગણગણે એમાં કંઈ નવાઈ નહિ, પણ રામાનંદ સ્વામી જેવા સમર્થ ગુરૂ - સંપ્રદાયના સ્થાપક એક શિષ્યના રચેલા પદો જાહેર જનતાની વચ્ચે ગાય, એ મુક્તમુનિ અને તેની કવિતા બન્ને માટે ગૌરવાસ્પદ બાબત ગણાય.

આ ઘટનાથી એક બીજો પણ ઘટસ્ફોટ થાય છે કે જ્યારે બીજા કોઈ કવિનું અસ્તિત્ત્વ પણ ન હતું ત્યારથી મુક્તમુનિના કીર્તનો જનસમૂહમાં આદરણીય બની ચૂક્યા હતા. અને વચનામૃતમાં દૃષ્ટિ કરીએ તો છેક અષ્ટ આવરણપાર સ્વામીના કીર્તનોનો ધ્વનિ ગુંજતો... ગોલોકધામમાં સ્વામીની કવિત્વ શક્તિની ધજા ફરકતી હતી. ગ.મ.૧૯માં વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજે આ પ્રસંગ કહેલો છે. મુક્તમુનિના કીર્તનો આલોકમાં જ નહિ પરલોક - ભગવદ્‌ધામ-નિવાસી મુક્ત પુરૂષોને નાચવા વિવશ કરી દે છે. કીર્તનોના ભાવમય પ્રવાહમાં મુક્તોને પણ ડોલાવવાની તાકાત મુક્તમુનિમાં હતી. નરસિંહ અને મીરાની પ્રેમભક્તિ - અખાના ચાબખા- સુરદાસનું બાળલીલામાધુર્ય કવિની કવિતામાં ઝીલાયું છે. જો કે એમના કાવ્યોમાં અપર કવિઓની જેમ સૌન્દર્ય ભક્તિ નથી દેખાતી પણ ભક્તિ સૌન્દર્યથી ભરપૂર છે. **કનૈયાલાલ મુનશીના શબ્દોમાં કહિએ તો** - "આ કવિઓમાં મુક્તાનંદ ઘણા લોકપ્રિય થયા હતા. શૃંગારના ભાવો અને વાક્યરચનાઓને તે અવનવું સ્વરૂપ આપી ગયા. આ કવિની કલા સમકાલીન ધોરણે જોતાં ઊંચા પ્રકારની હતી. એ ઉદ્ધવગીતા અને સતીગીતા પરથી દેખાય છે. એમણે પુરોગામી સાહિત્યમાં નવી ઘાટી અને નવી મોહકતા આણ્યાં." પ્રસ્તુત ગ્રન્થ જ કવિવરેણ્ય મુક્તમુનિના કવિત્વની મહોરછાપ (સ્ટેમ્પ) છે.

સંગીતજ્ઞ : સંગીતનો જાદુ અજબ - ગજબનો હોય છે. તેની અસર માણસને નહિ, પશુઓને પણ થાય છે. મદારીની વાંસળીએ સાપ જેવું ઝેરી જાનવર સામે આવીને ડોલવા લાગે છે. પારધીના સ્વરમાં મુગ્ધ હરણ જેવું ચપળ પ્રાણી સ્થિર થઈને પ્રાણ ન્યોછાવર કરે છે. તો માણસની શી ગતિ ? પાંચ હજાર વર્ષ પછી પણ કૃષ્ણની વાંસળીને આપણે ભૂલી શક્યા નથી. સંગીત માત્ર આપણી સૃષ્ટિ ને જ નહિ સૃષ્ટિના સર્જકને પણ અતિ પ્રિય છે. એટલે જ નારદની વીણા , નરસૈયાની કરતાલ, સુરદાસનો એકતારો (તંબૂરો) સદાય ગૂંજતા રહે છે.

આ સંગીતના ગીત-વાદ્ય અને નૃત્ય આ ત્રણ પ્રકાર છે. બ્રહ્માની આ સૃષ્ટિમાં કોઈ અદ્વિતીય ગાયક-કોઈ અજોડ વાદક અને કોઈ અજાયબ નૃત્યકારો થયા છે. પણ **આજ સુધીમાં આ બ્રહ્માંડમાં ગાયન-વાદન અને નૃત્યનો બેતાજ બાદશાહ મુક્તમુનિ સિવાય કોઈ જ નથી થયો.** સંગીતની દુનિયામાં આજે પણ મુક્તમુનિ જેવા બીજા કોઈ સમ્રાટ નથી થયા. એમની સંગીતવિદ્યાને સમજવા કેટલાક પ્રસંગો જોઈએ.

૧. ગાયક : જ્યારે શ્રીહરિ પ્રથમવાર સરધાર પધારેલા ત્યારે થાળ જમ્યા પછી બહાર પાટ પર બેસીને મુક્તમુનિ પાસે વાંજીત્ર સાથે કીર્તન ભક્તિ કરાવી ત્યારે તેમના કોકિલકંઠના નાદમાં સભા મુગ્ધ થઈ ગયેલી. એટલું જ નહિ શ્રીજી મહારાજ પણ ભાવથી ઝૂમી ઉઠેલા અને કહેલું કે - **'તુલસીદાસ અને સુરદાસ જેવા જ તમારા પદ છે, તે અમને ગમે છે. તે બન્ને કવિ સૂર્ય અને ચંદ્ર જેવા જગતમાં થયા. પણ તેમને તમારા જેવો યોગ નહોતો એટલો ફેર છે.** (હરિચરિત્રામૃત સાગર પૂ૨-૩-ત.૫૪)

સંગીતમાં સ્વરમાધુર્ય પૂરનાર પરબ્રહ્મ પણ મુક્તમુનિના પ્રેમભીના સ્વરથી ભીંજાય જતા. વિશ્વરંજીત કરતા ગાયકો તો ઘણા થયા છે ને થશે પણ મુક્તમુનિ તો વિશ્વસૃષ્ટાને રંજીત કરનાર ગાયક છે.

૨. વાદક : મૂળીમાં એકવાર મહારાજે સંગીતની મહેફીલ જમાવેલી. સુખાનંદ સ્વામી સિતાર. પ્રેમાનંદ સ્વામી દુકડ, દેવાનંદ સ્વામી તંબૂરો, નિર્વિકારાનંદ તાલ મુક્તમુનિ- યુગન, અને બ્રહ્મમુનિએ મુગન નામના મોર યંત્રો બજાવ્યા. મલાર રાગના સુર છેડાયા અને આકાશમાં વાદળ છવાય ગયા. અને બીજો રાગ ગાયો ત્યારે વાદળા વિખાય ગયા. (હરિચરિત્રામૃત સાગર - પૂ૨-૬-તરંગ-૩૩)

શતાનંદ સ્વામી નોંધ લે છે કે - વૃત્તાલયમાં દોલોત્સવ પ્રસંગે ''मुक्तानंदस्तदा वीणां वादयन् षट्पदीं जगौ ॥'' (સ.જી.પ્ર.૩/અ.૬૩) મુક્તમુનિએ વીણા વગાડીને ષટ્પદીનું ગાન કર્યું. મુક્તમુનિ જ્યારે વીણા વગાડતા ત્યારે નારદ-પર્વત જેવા વીણાસમ્રાટો પણ શરમાતા. કારણ કે નારદજીને પ્રભુને પ્રસન્ન કરતા યુગો વીતિ ગયેલા

અને મુક્તમુનિ જ્યારે વીણાવાદન કરતા ત્યારે શ્રીજી મહારાજ ''ददत् तालं करेण च'' હાથથી ચપટી વગાડીને તાલ આપતા અને ડોલતા. આવા અનેક પ્રસંગો છે. જેનાથી મુક્તમુનિની એક ચતુર નિપૂણ- વાદ્યવાદક તરીકેની સિદ્ધિ થાય છે. તેમના બુદ્ધિચાતુર્યના અખૂટ ખજાનાએ તેમને એક કરતા વધારે વાંજીત્ર વગાડવામાં નિપૂણતા અપાવી હતી.

૩. **નર્તક** : વરતાલમાં એક સમયે શ્રીજી મહારાજે સંગીત સભાના વિસર્જન સમયે પૂછ્યું ? કોઈને નૃત્ય આવડે છે ? બસ. આ સાંભળીને ૫૦૦ પરમહંસોમાં અને જેને સ્વયં મહારાજ ગુરૂસ્થાને માનતા, એવા વિદ્વત્ત્વરેણ્ય મુક્તમુનિ પગે ઘુંઘરા બાંધીને ઉભા થયા. તાલબદ્ધ કરતાલ વગાડતા જાય, નાચતા જાય અને ગાતા જાય. પોતાની તમામ મોટપ ભૂલીને પ્રેમ દિવાના સ્વામી એક કલાક સુધી નૃત્ય કરતા રહ્યા. **એક પછી એક નૃત્યના ભેદ જોઈને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને પોતાને માથે બાંધેલ જરીમય ફેંટો સ્વામીને ઓઢાડ્યો.** ગુલાબનો હાર પહેરાવ્યો. અને ભુજાઓ ભરીને ભેટી પડ્યા. આકાશમાં ઉભા દેવતાઓ આ દિવ્ય દ્રશ્ય જોઈ ને મનમાં બળતા રહ્યા. શ્રીહરિને સંતોષ ન થયો તેમણે મોજ માંગવા કહ્યું. ત્યારે મુક્તમુનિ મૂર્તિની સતત સ્મૃતિ માંગી.

એકવાર અવિનાશી દાદાના દરબારમાં સભા ભરીને બેઠા હતા. એવામાં અહંના ઓડકાર ખાતા ગ્વાલિયરના ગર્વિષ્ઠ ગાયકો આવ્યા. અને સંગીત સાંભળવાની ખેવના પ્રગટ કરી. શ્રીજીના ઈશારે અષ્ટ કવિ મંડળીએ ગાન કર્યું. પણ તેમાં મુક્તમુનિએ તો કમાલ કરી. રૂહાની સંગીતના સુર સાથે નયનરમ્ય ચિત્રમય નૃત્યુ કર્યું. પગમાં ઘુંઘરૂં, હાથમાં કરતાલ, મુખમાં મધુર સ્વર અને ભોંય તળિયે કંકું.. આ કંકુની વચ્ચે ઉભા રહીને સ્વામીએ નૃત્ય સાથે ગાયન શરૂ કર્યું. સ્વામીની સુર સરિતામાં ગ્વાલીયરના ગાયકોનો ગર્વ ગળી-ગળીને વહેવા લાગ્યો. આંખો સ્થિર થઈ ગઈ. અવાક્ બેસી અપલક નયને નિહાળતા રહ્યા. સ્વામીએ પોતાની ભાવમય સંગીત સાધનાને જ્યારે અલ્પવિરામ આપ્યુ ત્યારે ધરા પર ગજરાજનું ચિત્ર ઉપસી આવ્યું હતું.

આહા... સંગીતનું ગાન - વાદન અને નૃત્યનો ત્રિવેણી સંગમ ! તેમને જીંદગીમાં પ્રથમવાર જોવા મળ્યો હતો. તાજુબ નજરે તે મુક્તમુનિના મુખ સામુ જોઈ રહ્યા. આ કોઈ વિભૂતિ છે કે શું ?

ટુંકમાં સંગીતક્ષેત્રને મુક્તમુનિ જેવા સાક્ષર આજ સુધી ફરી કોઈ ક્યારેય મળ્યા નથી.

વચનામૃતના આદ્યસંપાદક મુક્તમુનિ

વેદ, વેદાંગ, વેદાન્ત, સ્મૃતિ-ઈતિહાસ-પુરાણાદિના અર્કસ્વરૂપ-પરાત્પર - પરબ્રહ્મ - વરતાલ વિહારીની પરાવાણીનો બ્રહ્મહ્રદ એટલે વચનામૃત - અજ્ઞ-અલ્પજ્ઞ-સર્વજ્ઞ સર્વને

માટે સમાન માર્ગદર્શક આ ગ્રન્થ સંપ્રદાય માટે જ નહિ કોઈપણ મંદિર મઠ કે મઝહબના સાધકને માટે પ્રાણ સંજીવની છે.

શ્રીજી મહારાજના અંતરમાં ઉઠેલા તેજવલયોનો અક્ષરદેહ વચનામૃત આજે આપણા હાથમાં છે તેનું સમ્પૂર્ણશ્રેય મુનિવર મુક્તાનંદજીને ફાળે જાય છે. ઉપાસ્ય અને ઉપાસકની જ્ઞાનગોષ્ઠીમાં - પરિપ્રશ્નાવલિમાં વરતાલ વિહારીના અંતરમાં તેજ પ્રવાહ સ્વરૂપે પ્રગટેલી પરાવણીને અક્ષરદેહ આપવાનું સૌ પ્રથમ કાર્ય મુક્તમુનિએ કર્યું હતું એ પણ અવિનાશીની આજ્ઞાથી.

''શ્રીહરિએ મુક્તમુનિને આજ્ઞા કરી કે, **અમે જે વાત કહીએ તે સંભાળપૂર્વક લખી લેવી. શ્રીહરિ જેમ જેમ વાત કરતા તે મુક્તમુનિ બરાબર યાદ રાખતા. શ્રીહરિ તેમને પૂછતા પછી શુકમુનિ, આધારાનંદમુનિ, શાંતમુનિ, તથા દહરમુનિ આ ચાર મુક્તમુનિ કહે તે પ્રમાણે શ્રદ્ધાપૂર્વક લખી લેતા**''. (શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર. તરંગ ૩-૧૪ ૨૧)

અને પછી શ્રીજી મહારાજ તેનું સંશોધન કરતા. જેમ મુક્તમુનિને મેં ક્યારે શું વાત કરી છે એમ પૂછતા તેમ સંપાદકો લહ્યા સંતો લેખોનું કેવું સંપાદન કરે છે તેની પણ કાળજી લેતા. વચ. લોયાના સાતમાં શ્રીજી મહારાજે વચનામૃત મંગાવીને વાત કરી છે.

ટુંકમાં સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદ સ્વામી જેમ સંપ્રદાયના આદ્ય કવિ છે તેમજ ગ્રન્થરત્ન વચનામૃતના આદ્ય સંપાદક પણ છે.

માતૃત્વ : મુક્તમુનિના વર્તનમાં વડીલ હોવાની તોછડાઈ ન હતી. વિદ્વાન હોવાનો ભાર ન હતો. સંગીતજ્ઞ હોવાનો રૂઆબ ન હતો. શ્રીજી મહારાજ તેમને ગુરૂ માનતા પણ તેઓ સત્સંગમાં દાસભાવ સાથે સદા દિવ્ય બુદ્ધિ રાખીને માતાની જેમ વર્તતા. નાના મોટા દરેકની સ્વામી વાત્સલ્ય અને મહિમાપૂર્વક સંભાળ લેતા. તેથી સ્વયં મહારાજે તેમને ''**સત્સંગની મા**''નું બિરૂદ આપ્યું હતું.

૧. ચૈત્ર-વૈશાખના ધગધગતા તાપમાં, મારવાડમાં ફરતી ૫૦ સાધુની મંડળી ત્રણ-ત્રણ દિવસથી ઉપવાસી છે. હજુ તો સત્સંગના શ્રીગણેશ પણ નથી થયા. આ દેશ બિલકુલ નવો હોવાથી સત્કારની જગ્યાએ અસત્કાર લાગણીની જગ્યાએ લાકડી અને જમવામાં ભોજનને બદલે ગાળો મળતી.

એક તો મારવાડી પ્રજા, દુષ્કાળ જેવું વર્ષ અને ૫૦ની મંડળી. કોઈ દયા કરે તો પણ ભારે પડે. પણ એક બ્રાહ્મણે મુક્તમુનિ તથા સંતોના વર્તનથી પ્રભાવિત થઈને જમવાનું આમંત્રણ આપ્યું. સંતોએ રસ-કસના નિયમની વાત કરી. ભૂદેવે ખીચડી બનાવી, બાલમુકુંદને નૈવેદ્ય ધરાવી, સંતોને જમવા બેસાડ્યા. ખીચડી પીરસાણી ત્યારે

આત્માનંદજી ઉભા થઈ ગયા અને ત્રાડુક્યા. આમાં ઘી નાંખ્યું છે? બ્રાહ્મણ ગંભીર સ્વરે બોલ્યો. હે દયાળુ ! ખીચડીમાં નહી પણ નેવૈદ્યમાં નાંખ્યું હતું. અને તે ખીચડી આ ખીચડીમાં પ્રસાદીરૂપે નાંખી છે.

આત્માનંદ સ્વામી ઝોળી લઈને ઉભા થઈ ગયા. નેવેદ્યમાં પણ ઘી નાંખ્યું છે. તો નિયમ તો તૂટે જ ને... નિયમ એ નિયમ... બ્રાહ્મણની આંખમાં જળજળિયા આવી ગયા. ચાર-ચાર દિવસના ભૂખ્યા. આ ભગવાન જેવા સંતો ભૂખ્યા જશે. હાય રામ ! મુક્તમુનિ પણ મૂંઝાય ગયા. નાના-નાના સંતો છે ચાર-ચાર દિવસના કોરા કડાકા થયા છે. અને બ્રાહ્મણ પણ દુઃખાય છે. સ્વામીનું હૃદય કરૂણાથી ભરાય આવ્યું. સ્વામી કહે - સંતો ! જમી લો, હું પણ આપની સાથે જમીશ. આજ્ઞાભંગનો દોષ મારે માથે... હું મહારાજને કહીશ. મારા કહેવાથી સંતો જમ્યા છે માટે મને જ દંડ દો.'' સંતોના હૃદયમાં વાત્સલ્યમૂર્તિ મુક્તમુનિના શબ્દો કંડારાય ગયા.

સ્વામીના શબ્દો ''ગણગણતા સંતો જમવા બેસી ગયા. અને આત્માનંદ સ્વામી ગઢપુર દોડી ગયા. મનમાં મૂંઝાતા... હં.... મહારાજે જેને મોટા કર્યા ગુરૂ માન્યા, તેજ માથે રહિને આજ્ઞા લોપાવે છે.'' ગઢપુર આવી મહારાજ ને માત્ર મુક્તમુનિએ નિયમનો ભંગ કરાવ્યો છે. એટલી જ વાત કરી. અંતરયામી શ્રીહરિ જાણતા હતા. હસ્યા અને કહ્યું. આવે એટલી વાત છે.

સ્વામી મંડળી લઈને ગઢપુર આવ્યા. સભામાં બિરાજતા શ્રીજીના દર્શન કરી, સઘળી હકિકત કહી પોતાનો ગુનો કહીને દંડની માંગણી કરી ત્યારે શ્રીજીની આંખમાંથી પાણી આવી ગયું. સત્સંગ - સંતોની આટલી ચિંતા તો ''મા''ને જ હોઈ શકે. સ્વામી ! તમે આ સત્સંગની ''મા'' છો. મહારાજે મુક્તમુનિના વાત્સલ્યસભર માતૃત્વની અને ભાયાત્માનંદજીના આજ્ઞાપાલનની બંનેની પ્રશંસા કરી અને રાજી થઈને ભેટ્યા.

૨. ભણનાર સંતો મુક્તમુનિની સાથે રહેતા. સંતો શ્રીજી અને સંતોને રાજી કરવા રાત્રી દિવસ મહેનત કરતા. વરતાલમાં એકવાર નાના વિદ્યાર્થી સંતો રાત્રે વાંચતા હતા. સખત પરિશ્રમને કારણે લાગેલી કડકડતી ભૂખ તેમને રસોડામાં ખેંચી ગઈ. એ જ સમયે સ્વામીની ઊંઘ ઉડી ગઈ ને જોયું તો દિવા બળે છે ને વાંચક કોઈ નથી. ઉભા થયા ને જોયું તો સંતો રસોડામાં બપોરના ટાઢા રોટલાના ટુકડા જમતા હતા.

ગુરૂદેવ મુક્તમુનિને જોઈને સંતો અતિશય ક્ષોભ પામ્યા. ગભરાય ગયા. મૂંઝવણમાં મૂકાય ગયા. માર્યા... હવે મોટો દંડ થશે.. પણ સ્વામીનું માતાનું હૃદય. તે સંતોની મૂંઝવણને સમજી ગયા અને બોલ્યા. સંતો મને ભૂખ લાગી છે એટલે રાત્રે રસોડામાં આવ્યો છું. આ સાંભળી સંતોના શ્વાસ હેઠા ઉતર્યા અને મુક્તમુનિ સાધુ દુઃખાય

નહિ એટલે વિના કારણ-વિના ભૂખ રાત્રે વિદ્યાર્થી સંતો સાથે જમ્યા... આ ઉપરાંત... ગઢાળીના આંબાશેઠ - સરધારનો બોદો કમાનગર આદિકના પણ આવા અનેક પ્રસંગો સ્વામીના માતૃત્વના પૂરક છે.

વાગ્માધુર્ય : સ્વામીની વાણિ મેજીક સ્ટીકની જેમ અસરકારક અને મધુર હતી. ગુણાતીતાનંદ સ્વામી કહે છે, **"મુક્તાનંદ સ્વામી જેવા સંત વાર્તા કરતા હોય ને ૧૦૦૦ માણસની સભા બેઠી હોય તો પણ બધાની શંકાના સમાધાન થતા જાય."** એમની વાણિ માટે સાહિત્યકારોએ ગંગાના નિર્મળ પ્રવાહની ઉપમા આપી છે.

વરતાલમાં એકવાર મહારાજ સભા ભરીને બેઠા હતાં ત્યાં મારપીટ કરવા લાલચોળ આંખોવાળા અડબંગા બાવાઓ ચીપીયા ખખડાવતા આવતા દેખ્યા. મહારાજે તત્કાળ પાર્ષદને મોકલીને મુક્તમુનિને બોલાવી લીધા. જેવું ધૂવાપૂવા થતું બાવાનું ઝુંડ આવ્યુ કે સ્વામીએ તેના તીવ્ર ક્રોધ પર વાગ્માધુર્યનું બ્રહ્માસ્ત્ર છોડ્યું. તમો તો સાક્ષાત્ ધર્મરાજાના પાર્ષદો છો. આજ ધર્મરાજે અમારી રક્ષા માટે અહીં મોકલ્યા છે. હવે અમે નિર્ભય થયા. બસ... બાવાઓનો ક્રોધાગ્નિ શાંત થઈ ગયો. દુષ્ટોને પણ પ્રિયવાણીથી વશ કરવા એ એક લોકરંજનની નીતિ છે. તે મુક્તમુનિ સારી રીતે જાણતા. તેમણે તેનો ઉપયોગ માત્ર અને માત્ર સત્સંગ વિકાસ માટે જ કર્યો છે.

દાસત્ત્વ : ભેંસજાળના મોતીરામ વિપ્ર મુક્તમુનિના ગુણગાન સાંભળીને દર્શને આવ્યા. સ્વામીએ તેમને થોડી વાતો કરી પછી મહારાજનો સંબંધ કરાવવાનો સંકલ્પ કર્યો. વિપ્રને ઉદ્ધવગીતા શીખવાની ઈચ્છા હતી. સ્વામીએ સ્વયં પ્રેમથી તેના રાગ શીખવ્યા. સમાગમ થતા સ્વામીનો મહિમા સમજાયો. સ્વામીએ તેને મહારાજનો મહિમા સમજાવ્યો. શિષ્ય શાંતાનંદજી પાસે તપાસ કરાવતા ખ્યાલ આવ્યો કે મહારાજ સ્નાન કરે છે. ત્યારે સ્વામી ! મોતીરામને લઈને ત્યાં ગયા અને જ્યાં ધોરિયામાં શ્રીહરિના સ્નાનનું પ્રસાદિનું જળ વહેતું હતું. ત્યાં જઈને માથે ચડાવ્યું અને હર ગંગે હર યમુના કહેતાક ખોબો ભરીને પીધુ અને કહ્યુ, મોતીરામ! આ જળ જન્મ-મરણના રોગ ટાળી નાંખે એવું છે. અમારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ સ્નાન કરે છે તેનું આ પ્રસાદીનું જળ છે. આ સાંભળીને તે વિપ્રે પણ જળપાન કર્યુ. અને દર્શને ગયા. ત્યાં મહારાજે દિવ્યરૂપે દર્શન આપ્યા. ત્યારે તે વિપ્ર બોલ્યો હે સ્વામિન્ ! આપે મને નિશ્ચય કરાવ્યો.

સ્વામીનું દાસત્ત્વ આ પ્રસંગ વાંચ્યા પછી વર્ણન કરવાની જરૂર નથી. વચનામૃત ગ.મ.૬૨માં એટલે સ્વયં શ્રીહરિએ કહ્યું છે કે **"એવા દાસત્ત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે."**

મુક્તમુનિનું ગૌરવ

મુક્તમુનિ ગમે તેટલા મહાન હતા છતા શ્રીહરિના દાસ હતા. દાસનું ગૌરવ સ્વામીની પ્રસન્નતા જ હોય છે. મુક્તમુનિના અનેકવિધ ગુણોથી - સેવા- ભક્તિ - મહિમા અને વાત્સલ્યથી સ્વયં મહારાજ તેમના પર અતિ પ્રસન્ન રહેતા - વચનામૃતમાં નોંધ છે. **''અમને મુક્તાનંદ સ્વામી પર ઘણું હેત છે.''** (ગ.મ.૬૨) શ્રીજીના આવા કૃપાસ્પદ મુક્તમુનિના કેટલાક પ્રસંગો જોઈએ.

૧. વરતાલમાં વિરાજમાન શ્રીહરિને હરિભક્તોએ ચંપા-કેવડાના પુષ્પોની ગૂંથેલી ટોપી મસ્તકે ધરાવી. તત્કાળ મહારાજે તે ટોપી મુક્તમુનિને મસ્તકે ધરી દીધી...

પછી હરિજને હેતે કરી, કાજુ કેવડાની ટોપી ધરી ।
તેતો હરિએ લીધી છે હાથે, મેલિ મુક્તાનંદજીને માથે ॥ ભ.ચિ. પ્ર.૭૧

આમ શ્રીજી મહારાજ અનેકવાર મુક્તમુનિ પ્રત્યે પ્રીતિ દર્શાવતા.

૨. એક સમયે લોજમાં બિરાજતા મહારાજે કહ્યું '' મુક્તમુનિ તમે માંગરોળ જાઓ'' એટલે તૈયાર થઈ દંડવત્ પ્રણામ કરીને ભેટીને ચાલતા થયા ત્યારે શ્રીહરિ કહે સ્વામી! પાછા વળો. **''અમારા હાથ-પગના નખ લેતા જાઓ''**. સ્વામીએ પૂજાની ધાબળી પર મહારાજને બેસાડીને પોતાના ખેસિયામાં પગ રાખીને પગના નખ ઉતાર્યા, પછી હાથના નખ પણ ધીરેથી ઉતાર્યા. અને તેને પ્રસાદી માની ખેસિયાના છેડે બાંધીને માંગરોળ ગયા. સ્વામીને શ્રીહરિએ સામે ચાલીને પ્રસાદી આપી. એ એમના પ્રત્યે કેટલો પ્રેમ ભાવ હશે તે સૂચવે છે.

૩. દાદાના દરબારમાં લીલૂડાં લીમડાની છાયે બેસી શ્રીહરિ ટાઢા પોરના હાંકીને સ્વૈર વિહાર રમુજ કરતા હતાં. ત્યાં કોઈ પાર્ષદે કહ્યું, પ્રભો ! મુક્તાનંદ સ્વામી આવે છે. મહારાજ તત્ક્ષણ ચૂપ થઈ ગયા. રમૂજ બંધ કરી બીજી વાતો કરવા લાગ્યા. મુક્તમુનિ તો દિવ્ય - માનુષી - બધાજ ચરિત્રોને કલ્યાણપ્રદ સમજતા છતા શ્રીહરિ તેમની ગુરૂ તરીકેની મર્યાદા રાખતા - આથી તેમનું ગૌરવ સ્વતઃ સિદ્ધ થાય છે.

૪. મર્યાદા રાખતા એટલુ જ નહિ માન પણ એટલું જ આપતા. સિંહજીત રાજાની પ્રાર્થનાથી જ્યારે શ્રીહરિ વડોદરા પધાર્યા ત્યારે પ્રથમ હાથી પર સ્વયં બિરાજ્યા અને બીજા હાથી પર મુક્તમુનિને બેસાડ્યા હતા. પ્રેમાનંદ સ્વામીએ નોંધ્યું છે. **''દૂસરે ગજ પર બૈઠે, શુકમુનિ મુક્તાનંદ સ્વામી''** તથા જ્યારે શ્રીહરિ સુરત પધાર્યા ને રૂસ્તમ બાગથી સવારી નીકળી ત્યારે ભક્તોએ દર્શન દેવા શ્રીહરિને પ્રાર્થના કરી શ્રીહરિ પ્રાર્થના સ્વીકારી માણકી પર બિરાજ્યા અને પોતાના માટે શણગારેલી મેનામાં મુક્તમુનિને

બેસાડ્યા. આમ અવસર પ્રાપ્ત થતા શ્રીહરિ પોતાના ગુરૂનું ગૌરવ જાળવતા.

૫. મુક્તમુનિ વડોદરામાં શાસ્ત્રાર્થ જીત્યા ત્યારે કેટલાક સંતો પ્રસન્ન ન થયા અને કટાક્ષ કર્યા. ત્યારે શ્રીહરિ કહે - "મુક્તમુનિ જે સર્વોપરિ સંત છે અને અમે પણ ગુરૂ માનીએ છીએ. તોય અમારી પણ મહોબત રાખી નહિ. ઉદાસ થઈ ગયા અને લાધા ઠક્કરને કહ્યું "હવે અમે રહેવાના નથી, જે પૂંછવું હોય તે પૂછિ લો ત્યારે તેણે દિલગીર થઈને ખૂબ ક્ષમા માગી. ત્યારે શ્રીહરિ કહે - સારૂં બધા સંત ભેગા થઈને વિચારજો. લાધા ઠક્કરે જેતલપુરથી બ્રહ્મમુનિ, નિત્યાનંદમુનિ અને ચૈતન્યાનંદ મુનિને કરજીસણ તેડાવ્યા.

મહારાજ કરજીસણ પહોંચ્યા તેના વળતા દિવસે સવારે બ્રહ્મમુનિ પણ કરજીસણ આવ્યા. મહારાજે પોતાનો સંકલ્પ કહ્યો. "અમે વનમાં જઈને રહીશું" ત્યારે બ્રહ્મમુનિએ રોકકું પકડાવ્યું. - "મુક્તમુનિ આવે ત્યારે રજા દઈશું. ત્યાં સુધી રહો." **તમને સત્સંગનો અધિકાર મુક્તમુનિએ આપ્યો છે. તમે બન્ને ગુરૂ શિષ્ય તમારી વાત જાણો. અમે એમાં કંઈ જાણીએ નહિ.** (પેજ નં. ૨૨૫) ... કરજીસણથી આદ્રોજ આવ્યા.

આદ્રોજમાં દિવાળીના દિવસે સવારથી શ્રીહરિ મુક્તમુનિના આગમનની રાહ જોવા લાગ્યા. દોઢ પહોર દિવસ ચઢતા મુક્તમુનિ વડોદરાથી આવ્યા. શ્રીહરિ તેમની સન્મુખ ચાલ્યા. પુરથી દક્ષિણ બાજુ શ્રીહરિ એક ખેતર જેટલુ સામે આવ્યા. મુક્તમુનિ મંડળ સાથે માર્ગમાં કમાનમાંથી તીર છુટે તેમ શ્રીહરિની સન્મુખ ચાલ્યા આવતા હતા.

हरिके मुनी नजर भये जबहि, दंडवत एक करे हरि तबहि (પે.૨૩૧)

મુક્તમુનિ નજરે પડ્યા કે તરત શ્રીહરિએ દંડવત્ કર્યો. તે જોતા સંત હરિભક્તોએ દંડવત કર્યા. શ્રીહરિ તેમને બાથમાં લઈને મળ્યા. (પેજ. નં. ૨૩૨)

... આજે દિવાળીનો શ્રેષ્ઠ દિવસ છે. આજે સૌ સંત હરિભક્તોમાંથી જેને મોટાઈનો સ્વાદ લેવો હોય તેને અમે મોટાઈ આપીએ. આજ સુધી કોઈને તેનો સ્વાદ આપ્યો નથી. કોઈના મનમાં મોટાઈના સંકલ્પ થતા હોય તો અમે રાજી થઈને આપીએ છીએ. અમારી આપેલી મોટાઈ કોઈથી મિથ્યા થશે નહિ. ન આવડે તે બોલશો નહિ. અને અમે અમારી મરજી પ્રમાણે મોટપ આપીશુ તો તેની પછી ઈર્ષ્યા કોઈથી થશે નહિ. મન, કર્મ, વચને તેમના વચનમાં વર્તવું પડશે. અમે પણ તેમના વચનમાં વર્તી સેવા કરીશું.

ત્યારે સૌ સંત બોલ્યા કે, તમે જેમ પ્રસન્ન થાઓ તેમ વિચારીને કરો. એમ કહીને સૌ ઊઠીને પગે લાગ્યા. **પછી શ્રીહરિએ મુક્તમુનિને બોલાવીને પોતાના પલંગ ઉપર બેસાડ્યાને પોતે પલંગ ઉપરથી ઊતરી સંત ભેગા બેઠા. ને શ્રીહરિએ મુક્તમુનિની આરતી ઉતારી. સદ્‌ગુરૂ કર્યા.** (પેજ નં. ૨૩૭)

આમ મુક્તમુનિની મોટાઈ ઉઘાડી છે. તેને બતાવવાની કોઈ જરૂર નથી. આ સઘળું વૃત્તાંત શ્રીહરિચરિત્રામૃત સાગર પૂર. ૧૮ તરંગ-૧૪ થી ૩૧માં સવિસ્તર અતિરોચક રીતે આધારનંદમુનિએ વર્ણવ્યું છે.

૬. સારંગપુરમાં શ્રીજી મહારાજે ભરૂચ પાસે નર્મદા કાંઠે "તવરાના મેળા"માં સૌ સંત હરિભક્તોને આવવાની આજ્ઞા કરી. ગામ ગામના ભક્તજનો અધિક વૈશાખના તવરા ગામના મેળામાં મોહનવરના દર્શન માટે દોડી આવ્યા. અલગ પડાવ નંખાયા અને મહારાજની રાહ જોવા લાગ્યા. પણ આગામી વર્ષ દુષ્કાળનું હોવાથી સોરઠમાં ગામડે-ગામડે ફરીને હરિભક્તોને ચેતવણી આપવાનો નિર્ણય કરીને તવરા પત્ર લખ્યો.

લખાવ્યું હરિએ પત્રમાંય, અમે તવરે નહીં જ અવાય ।
માટે અમને પૂજો જેવી રીતે, મુક્તાનંદને પૂજજો પ્રીતે ॥
(હરિલીલામૃત - ક -૭. વિ-૩૩/૩૧)

શ્રીજી મહારાજની આ આજ્ઞા શીરે ચડાવી સર્વ ભક્તોએ જે જે વસ્ત્રાલંકાર મેવા - મીઠાઈ - હાર - તોરા ધૂપ-દીપ-નૈવેદ્ય - આરતી શ્રીજી મહારાજ માટે તૈયાર કર્યા હતા. તે સર્વ તેવા જ પ્રેમથી મુનિવર શ્રી મુક્તાનંદજીને અર્પણ કર્યા.

૭. એક સમયે અદ્‌ભુતાનંદ સ્વામી કાનમમાં ફરતા - ફરતાં વેમારડી (તા. કરજણ) આવ્યા. ત્યાં ભક્તિભાઈ પટેલ આદિને સત્સંગ કરાવ્યો. ધીરે - ધીરે આખુ ગામ સત્સંગી થયું. પછી બધા જ ભક્તોએ શ્રીહરિને વેમારડી તેડી લાવવાની પ્રાર્થના કરી. અદ્‌ભૂતાનંદસ્વામી શ્રીહરિને તેડવા ગઢપુર ગયા. ત્યારે શ્રીહરિએ કહ્યું, આ મુક્તાનંદ સ્વામીને તેડી જાઓ, પછી અદ્‌ભુતાનંદ સ્વામી મુક્તમુનિને તેડી ગયા. અને સત્સંગીઓએ મુનિરાજને મહારાજની જેમ ભારે ભારે વસ્ત્રો કીંમતી ઘરેણા હાર-તોરા પહેરાવી ગામને પાદર તળાવને કાંઠે વડની ડાળે હિંડોળો બાંધીને ઝુલાવ્યા. અઢાર દિવસ સુધી આમ નિત્ય ઉત્સવ કર્યો. શ્રીહરિએ આ વાત જાણી ત્યારે અતિ પ્રસન્ન થયા. આમ શ્રીહરિએ મુક્તમુનિને સ્વગુરૂ સ્થાને માની તેમનું બહુમાન કરાવતા.

સાહિત્ય રચનાની આજ્ઞા

આ સદ્‌ગુરૂવર્ય મુક્તમુનિને સ્વયં શ્રીજી મહારાજે સંપ્રદાયની પુષ્ટિને લક્ષ્યમાં રાખીને ગ.મ.૫૮નાં વચનામૃતમાં આજ્ઞા કરી **"જે તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી અને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણિ તથા શાસ્ત્ર તે જ દેહ પર્યન્ત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે."** શ્રીહરિની આ આજ્ઞાને મુક્તમુનિએ છેલ્લી ઘડી સુધી પાળીને સમ્પ્રદાયને વિપુલ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યથી સમૃદ્ધ કર્યો છે. હાથમાંથી લખતા-લખતાં કલમ પડી જતી હતી છતા સ્વામી ધર્માખ્યાન લખવાનું

છોડતા ન હતા. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું ગુરૂદેવ ! એ હવે રહેવા દો. અધુરૂં હું પુરૂં કરીશ. ત્યારે કલમ મેલી... ત્યાં સુધીમાં હજારો કીર્તનો અને સંસ્કૃત-પ્રાકૃત થઈને નાના-મોટા ૩૨ જેટલા ગ્રન્થો સ્વામી રચી ગયા છે. જેમાંથી ૨૪ જેટલા ગ્રન્થોનો સંગ્રહ આ મુક્તાનંદ કાવ્યના રૂપમાં પ્રકાશિત થઈ રહ્યો છે.

મુક્તમુનિનુ સાહિત્ય

મુક્તમુનિ કાવ્યની દૃષ્ટિએ ઉત્તમ ગણી શકાય એવી શાંત, સરળ અને વેધક ભાષાના ઘડવૈયા છે. તેમને સાહિત્યકાર તરીકે ઉપસી આવવાનો કોઈ જ મોહ નથી. ગૂઢ - ગહન - શાસ્ત્રોના રહસ્યો સર્વગ્રાહી બને એવો સફળ પ્રયાસ કર્યો છે. એમની કવિત્ત્વ શક્તિ અભિનવ ગ્રન્થ નિર્માણમાં સમર્થ હોવા છતા તેમણે અનુવાદ ગ્રન્થો વધારે રચ્યા છે.

છતા બ્રહ્મમુનિ વીર રસપ્રધાન કવિ છે તો મુક્તિમુનિ જ્ઞાન પ્રધાન કવિ છે. એમાં કોઈ સંદેહ નથી. એમણે અનુવાદ ગ્રન્થોની સાથે વિપુલ પદસાહિત્ય પણ સંપ્રદાયને અર્પણ કર્યુ છે. પણ તેમના ૧૦ હજાર જેટલા પદોમાંથી ૫૦ ટકા પદો કાળપ્રવાહમાં લુપ્તપ્રાય થઈ ગયા છે. અપ્રકાશિત રહ્યા છે.

સ્વામીના સાહિત્યમાં શાંત તર્કસરણી, સૂક્ષ્મ પૃથ્થકરણ, વિપુલ જ્ઞાનનો ભંડાર છતા સહજ લોકગ્રાહી દૃષ્ટાંતો દૃષ્ટિગોચર થાય છે. ચિત્ત નિરોધની યૌગિક પ્રક્રિયા સ્વામીના શબ્દોમાં જોઈએ તો

વેગે વહેતા વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે
તેમ જ્યાં લગી ચિત્ત ચળવળે બ્રહ્મ નવ પ્રકાશે રે
અનુભવી આનંદમાં બ્રહ્મ રસના ભોગી રે

સ્વામીના પદોને મહારાજ સુરદાસ અને તુલસીદાસ પદ જેવા કહેતા. ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય અને પ્રગટની ખુમારી સ્વામીના કાવ્યમાં પહાડપરથી વહેતા નિર્મળ ઝરણાંની જેમ વહેતી રહી છે. એટલે મહારાજ કહેતા. અમને સ્વામીના કીર્તનો અતિપ્રિય છે. અને "મુક્તાનંદ સ્વામી આદિક સંતના જે કાવ્ય કીર્તનો છે તે ગાવવા. (વચનામૃત)

મુક્ત મુનિના કાવ્યોમાં ભક્તિ શૃંગારની સાથે લાગણીના પ્રવાહો ઉછળતા ઉછળતા શમી જતા હોય. વહી જતા હોય એમ લાગે છે. "છાંડી કે શ્રીકૃષ્ણદેવ" પદો સાક્ષી છે. ભાષાવૈભવ ગૌણ હોવા છતા પદ લાલિત્ય - અલંકાર કે પ્રસંગનું જોશભર્યુ વર્ણન હૃદયને હચમચાવી નાંખે છે. જ્ઞાની કવિ હોવાથી ચાબખા વૃત્તિનો અનુભવ કરાવતી કવિતાઓની કમી નથી. સ્ત્રીનિંદાના અંગમાં કવિએ સ્ત્રીને તરવારની ઉપમા આપતા કહ્યું છે કે -

મુકત નારી તરવાર સમ, છુવત કાટે અંગ ।
રાવન કે દશ શિશ ગયે, પરનારી કે સંગ ॥

ભાષાની દૃષ્ટિએ સરળ, શૈલીની દૃષ્ટિએ પુરાણશૈલી અને જ્ઞાનની દૃષ્ટિએ ઉત્તમ તથા વૈવિધ્ય સભર હોવાને કારણે વાચક આશ્ચર્યમુગ્ધ બનીને કવિતા-વાંચન કરવા પ્રેરાય છે. **ફ્રાંસની એક યુવતી "મેલીજો ફાંજવાએ" ફ્રેંચ ભાષામાં સતીગીતા પર મહાનિબંધ લખીને પેરિસમાં પ્રકાશિત કર્યો છે. તે લખે છે કે મુક્તાનંદ સ્વામી જેવા સ્ત્રીધર્મો હજુ સુધી કોઈએ લખ્યા નથી.''** ગોરાલોકોને પણ આકર્ષિત કરતી સ્વામીની કૃતિઓને સંપ્રદાયે જોઈએ એટલી માન્યતા નથી આપી. સંપ્રદાયમાંથી આજે સરસ્વતીનો પ્રવાહ લુપ્ત થઈ રહ્યો છે. એટલે સાંપ્રદાયિક દૃષ્ટિએ પણ તેનું મૂલ્યાંકન થાય તેવી આશા વ્યર્થ છે તો સાહિત્યિક દૃષ્ટિની વાત જ ક્યાં કરવી ?

આ પ્રસંગે વરતાલના વિદ્વાન, ધર્મનિષ્ઠ, સંતવર્ય **શાસ્ત્રીશ્રી હરિજીવનદાસજીસ્વામીને ઇતિહાસ ક્યારેય નહિ ભૂલે.** તેમણે મુક્તમુનિના અપ્રાપ્ત સાહિત્યનું સંકલન કરીને **''મુક્તાનંદ કાવ્ય''**ના રૂપમાં મહા મોંઘવારીના સમયમાં અતિ મહેનતથી પ્રકાશિત કરેલ. પ્રસ્તુત પ્રબંધમાં સ્વામીની જે સાહિત્યિક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેના નામ નીચે મુજબ છે.

૧. ધર્માખ્યાન	૨. પંચરત્નમ્
૩. વિવેકચિંતામણિ	૪. ઉદ્ધવગીતા
૫. સત્સંગ શિરોમણિ	૬. સતીગીતા
૭. શિક્ષાપત્રીભાષા	૮. મુકુંદબાવની
૯. ધામવર્ણન ચાતુરી	૧૦. વાસુદેવાવતારચરિત્રમ્
૧૧. અવધૂતગીતમ્	૧૨. ગુરૂ ચોવિશી
૧૩. કૃષ્ણપ્રસાદ	૧૪. નારાયણચરિત્રમ્
૧૫. નારાયણ કવચમ્	૧૬. વૈકુંઠધામદર્શનમ્
૧૭. ભગવદ્‌ગીતાભાષા	૧૮. કપીલગીતા
૧૯. ગુણવિભાગ	૨૦. નારાયણગીતા
૨૧. રૂક્મિણી વિવાહ	૨૨. રાસલીલા
૨૩. હનુમત્પંચક	૨૪. હનુમત્ નામાવલિ

★ આ ગ્રન્થોનો સંક્ષિપ્ત પરિચય અનુક્રમણિકા પરથી મેળવી શકશો.

સામ્પ્રદાયિક સાહિત્યમાં મુક્તમુનિ

સાહિત્ય સમાજનો અરીસો છે. અને એ પણ વિશિષ્ટ અરિસો. એની ખાસ વિશિષ્ટતા એ છે કે સમાજના પ્રતિબિંબ પોતાના અસ્તિત્ત્વ પર્યંત ટકાવી શકે છે. રામાયણમાં રામરાજ્યનું પ્રતિબિંબ જિલાયું છે જે આજે પણ જોઈ શકાય છે.

બસ, એ જ ન્યાયાનુસાર સામ્પ્રદાયિક સાહિત્યમાં દૃષ્ટિપાત કરતા શ્રીજી મહારાજ પછી સૌથી વધારે પ્રતિબિંબો મુનિવર મુક્તાનંદજીના દેખાય છે. જેનાથી તત્કાલીન સમયમાં મુક્તમુનિનું સામ્પ્રદાયિક મહત્ત્વ સ્પષ્ટ થાય છે. શ્રીહરિની જીવન ડાયરી કહી શકાય એવા "શ્રીહરિચરિત્રામૃત સાગર"માં ૫૦૦ થી વધારે જગ્યાએ મુક્તમુનિના નામનો ઉલ્લેખ થયો છે. એનાથી આપણે તેમના મહત્ત્વને સમજી શકીશું. અહીં વિશિષ્ટ પ્રસંગોને જોઈએ.

(૧) 'રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીમાં ગુરુભાવ રાખ્યો.' (સત્સંગિજીવન પ્ર-૨)

(૨) 'અને મુક્તાનંદસ્વામીના પૂછવાથી બ્રહ્મધામસ્થ ભગવત્ સ્વરૂપ અને ભૂતલસ્થ ભગવત્ સ્વરૂપ એક જ છે. - એવી વિશદ છણાવટ શ્રીહરિએ કરી' (સત્સંગિજીવન પ્ર-૩)

(૩) 'ગઢપુરમાં મહાન્નકૂટ પ્રસંગે મુક્તાનંદ સ્વામીએ દરેક સંતો-ભક્તોને ભોજન વખતે પંક્તિ સ્વરૂપે લાઈનબંધ બેસવાની આજ્ઞા કરી અને પીરસવાની સુંદર વ્યવસ્થા કરી. પ્રથમ પોતે પીરસવા પધાર્યા.' (સત્સંગિજીવન પ્ર-૩)

(૪) 'વડોદરાની વિદ્વત્સભામાં મહાશાસ્ત્રાર્થ કરી પંડિતોને પરાજિત કરીને મુક્તાનંદ સ્વામીએ મહાદિગ્વિજય કર્યો.' (સત્સંગિજીવન પ્ર-૩)

(૫) 'મયારામ ભટ્ટ, ગોંડલના દરબાર અને મહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈ આદિક મોટા મોટા ભક્તોને પૂર્ણપુરુષોત્તમનો નિશ્ચય કરાવ્યો. તેમ જ ગોંડલ, રાજકોટ, વરતાલ, વેમારડી, વડોદરા અને સુરત આદિક મુખ્ય શહેરોમાં પણ મુક્તાનંદ સ્વામીએ સારો એવો સત્સંગ કરાવેલો, અને સદાવ્રતો બંધ કરાવ્યા.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૩, તરંગ-૪૩,૬૦,૬૧)

(૬) 'આ મુક્તાનંદ સ્વામી સર્વ સંતમાં શ્રેષ્ઠ છે, સત્સંગની 'મા' છે અને અમારા ગુરુ પણ છે.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૪, **તરંગ-૭૬**)

(૭) 'સદ્. મુક્તાનંદ સ્વામીને હાથીની અંબાડીમાં પધરાવ્યા.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૬, તરંગ-૬૯)

(૮) 'આચાર્યપદ સ્થાપવા અંગે શ્રીહરિએ મુક્તમુનિની અંગત સલાહ લીધી.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૭, તરંગ-૪)

(૯) 'શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીનું સામર્થ્ય, મહિમા અને સદ્‌ગુણોની વાત સભામાં કરી.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૭, **તરંગ-૨૫**)

(૧૦) 'શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને સંપ્રદાયના આદ્યકવિ સંબોધીને તેમના ગાયનની ખૂબ જ પ્રશંસા કરી.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૮, તરંગ-૬)

(૧૧) 'બંને આચાર્યોને ઉપદેશ કરવાની આજ્ઞા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કરી.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૧૧, તરંગ-૨)

(૧૨) 'શ્રીહરિએ પોતાની પાઘ મુક્તમુનિને પહેરાવી.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૧૬, તરંગ-૧૨)

(૧૩) 'મુક્તમુનિના ધ્યાનથી મોક્ષ થાય છે કે ન થાય ? એવો પ્રશ્ન સ્વયં શ્રીહરિએ જ પૂછ્યો.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૧૭, તરંગ-૮૨)

(૧૪) 'મુક્તમુનિની આરતી ઉતારી શ્રીહરિએ મુક્તમુનિને સદ્‌ગુરુ કર્યા.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૧૮, તરંગ-૩૧)

(૧૫) 'અમારી પેઠે જ આ મુક્તાનંદ સ્વામીની આભૂષણોથી પૂજા આરતી કરજો.' ('હરિચરિત્રામૃત સાગર' પૂર-૧૯, **તરંગ-૩૦**)

'मुक्तानंदादयो से स्युः साधवाश्चाखिला अपि ।' (शिक्षा.)

તથા સર્વમંગલ સ્તોત્રમાં પણ

'मुक्तानंदानुगः', 'मुक्तब्रह्मस्तुतयशाः'

''मुक्तादिष्टेत्पथः मुक्तात्मा'' ।

- આમ, અનેક શાસ્ત્રોમાં અનેક જગ્યાએ સ્વામીની મહત્તા દર્શાવવામાં આવી છે. અને વળી પરમ કૃપાળુ પરમાત્મા ભગવાન શ્રીહરિનાં મુખ કમળમાંથી દિવ્ય પ્રવાહરૂપે નીકલેલા 'વચનામૃત' ગ્રંથમાં પણ મુક્તાનંદ સ્વામીની પ્રશંસા અને પ્રસંગો કંઈ ઓછા નથી. તો... ! આપણે એમાં પણ ડોકિયું કરી લઈએ.

'જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા. અને જેવી શ્રદ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હતું, તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું જ છે. (વચનામૃત સારંગપુર-૩)

શુકમુનિનાં ચઢતા રંગની પ્રશંસા કરતા થકા સાંખ્ય મુક્તાનંદ સ્વામીની આપી કે; 'એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.' (કારિયાણી-૩)

શ્રીહરિએ કહ્યું કે; 'સ્વામી ! અમારી નાડી જુઓ તો' (કારિયાણી-૧૦)

'અમે સ્વામીનાં દર્શન થયા મોર્ય નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યાં' તથા 'માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તોની નામાવલિમાં સંતોમાંથી મુક્તાનંદ સ્વામીનું એક જ નામ આવ્યું.' (લોયા-૩)

જેના મંગળનામ સ્મરણ સાથે પ્રાર્થના કરવાથી વિષયોનાં ઘાટ ટળી જાય અને સર્વથી સરસ વર્તમાન પાળવામાં મુક્તમુનિનું ઉદાહરણ આપતા થકા શ્રીહરિએ કહેલ છે કે ;

'ભગવાનનાં સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેના નામ લઈને, તેની પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય.' તથા 'મુક્તાનંદ સ્વામી જેવા હોય ને તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય' (લોયા-૬)

વાણીની ચંચળતા ટાળવા માટે પણ સ્વામી તરફ અંગૂલિનિર્દેશ કરાયો છે કે; 'મુક્તાનંદ સ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તેમાં વચમાં ડહાપણ કરીને બોલવું નહીં ને જો બોલાય જાય તો પંચવીશ માળા ફેરવવી તો વાણિની ચંચળતા ટળે.' (લોયા-૮)

'અને હમણા આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિશે તે નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય.' (લોયા-૧૩)

'અમે ગોલોકમાં ગયા ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા... તેમાં કેટલાક તો ભગવાનનાં કીર્તનો ગાય છે. તે કીર્તનો પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના ગાય છે.' (મધ્ય -૧૯)

'કામક્રોધાદિકનાં જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે અને તે તમારા જીવનમાં રહ્યો છે... તે પૂર્વ જન્મનો સંસ્કાર છે.' (મધ્ય-૨૭)

અને મુક્તમુનિનાનાં કીર્તનને પ્રમાણિત કરતા રહે છે કે; 'મુક્તાનંદ સ્વામી આદિક સાધુના જે કાવ્ય-કીર્તનને ગાવવા ને સાંભળવા.' (મધ્ય-૩૫)

સંપ્રદાયના સમુત્કર્ષ માટે આજ્ઞા કરતા થકા શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે; 'તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી અને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાર્તા તથા શાસ્ત્ર તે દેહ પર્યંત કર્યા કરજો. તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.' (મધ્ય-૫૮)

વળી, દાસત્વ ભક્તિનું સ્થાપન કરતા થકા શ્રીજી કહે છે કે; 'એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે... અને આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે, અને

મુક્તાનંદ સ્વામી ઉપર અમારે ઘણું હેત છે.' (મધ્ય-૬૨)

'મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે... આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું.' (અંત્ય-૧૩)

'મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ' (અંત્ય-૨૪)

મહારાજ પોતાનો સિદ્ધાંત દર્શાવતા થકા કહે છે કે; 'અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો શ્રી રામાનંદ સ્વામીનાં દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારું મનનું ગમતું કાંઈ ન કર્યું.' (અંત્ય-૨૭)

વળી, સદ્. મુક્તાનંદ સ્વામીમાં પોતાના ઈષ્ટદેવના નિશ્ચયની મહત્તા અને દૃઢતા કેટલી અજોડ હતી તે બતાવતા થકા શ્રીહરિ કહે છે કે; 'ધન, દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર આવે નહીં એવા તો સત્સંગમાં થોડાંક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝાં હોય નહીં.' એમ કહીને વળી બોલ્યા જે; એવા તો મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહીં. (અંત્ય ૩૩)

ભક્તો ! આમ ઉદ્ધવ સંપ્રદાયના પ્રમાણિત શાસ્ત્રો અને સાહિત્યમાં સદ્. મુક્તાનંદ સ્વામીનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસના, મહિમા, દાસત્વપણું અને નિશ્ચયાદિક અનેક મોક્ષોપયોગી સદ્ગુણોના અનેકવિધ પ્રતિબિંબ સ્વયં શ્રીહરિએ શ્રીમુખે અનેકવાર આપ્યા છે. જ્યારે કોઈ સર્વોત્તમ બાબત કહેવી હોય ત્યારે મુક્તમુનિને જ ઉદાહરણ તરીકે બતાવ્યા છે. જ્યારે કોઈ ભક્તવરને કલ્યાણનો કોલ આપતા ત્યારે મુક્તમુનિનાં જેવું કલ્યાણ કરવાનું કહેતા. આથી મુક્તમુનિનાં કલ્યાણની સર્વોત્કૃષ્ટતા સૂચવાય છે.

ધામગમન : આમ ઉપરોક્ત અનેક ગુણગણગરિમામંડિત મુનિવર મુક્તાનંદજી આ સમ્પ્રદાયના આદ્યકવિ છે. સમ્પ્રદાયના સંસ્થાપક સદ્ગુરૂશ્રી રામાનંદ સ્વામી અને પ્રવર્તક સ્વયં શ્રીહરિ બન્નેનાં પ્રથમ કૃપાપાત્ર પરમહંસ છે. વચનામૃત આદિ અનેક ગ્રન્થોમાં શ્રીહરિના મુખે પ્રશંસા પામેલા મુનિવર મુક્તાનંદજી વેદ,વેદાંત-સ્મૃતિ-ઈતિહાસ-પુરણાદિના સમ્યક્વેત્તા, શમ-દમ-તપ-ત્યાગ-દયા-દાક્ષિણ્ય-વાગ્માધુર્ય-આદિકના ઉદાહરણરૂપ તથા કારૂણ્ય-વાત્સલ્યની સરિતા જેવા પવિત્ર જીવનની સાથે શ્રીહરિના ગુરૂપદે હોવા છતા દાસ થઈને રહેલા મુક્તમુનિ શ્રીહરિ સ્વધામગમન થતા અસહ્ય વિયોગથી વ્યાકુળ થઈ ગયા. ગોપીનાથજીના મંદિરમાં ગયા અને બહુવિધ આજીજી કરી ધામમાં લઈ જવાની પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિ પ્રત્યક્ષ દર્શન આપી મધ્યલ્લે

ધામમાં લઈ જવાનું કહ્યું. સ્વામી આસને આવ્યા. આચાર્યશ્રીને બોલાવી-સત્સંગ સંબંધી ભલામણ કરી. પદ્માસનવાળી શ્રીહરિમાં વૃત્તિ સ્થિર કરિને બેસી ગયા. સંવત્ ૧૯૯૮ના અષાઢ વદ-૧૧ના પવિત્ર દિવસે શ્રીજી મહારાજના સાનિધ્યમાં પધાર્યા. સારોય સમ્પ્રદાય એક અનુપમ અદ્વિતીય સંતના સ્વધામ ગમનથી શોકસાગરમાં મગ્ન થઈ ગયો.

આજે મુક્ત મુનિ પાંચ ભૌતિક શરીરે આપણી સાથે નથી છતા તેમનો અક્ષરદેહ - અમર સાહિત્ય તમારા હાથમાં જ છે.

ગુરૂવર્ય શ્રીમુક્તાનંદ સ્વામીનું જીવન પહાડપરથી વહેતા ઝરણા જેવું નિર્મળ છે. અત્રે આપને એની જાંખી થઈ જ હશે. તેમાં પણ સંસાર ત્યાગની પ્રક્રિયા, પછી સદ્‌ગુરૂની શોધપ્રક્રિયા-મુમુક્ષુઓ માટે સર્વગ્રાહી ચિત્ર રજુ કરે છે. સાચા સદ્‌ગુરૂની શોધમાં ભટકતા સાધક માટે પ્રકાશનો એક ઝબકારો પણ મૂકી જાય છે. આધ્યાત્મિક તરકીબોની વિકાસલતા આ સંતના જીવનવૃક્ષને વીંટળાયેલી છે.

લોજ આશ્રમમાં આવેલ અતિથિ નીલકંઠના સૂચન, આશ્રમની પુરાણી રીતિ રસમમાં ધરખમ ફેરફારો આશ્રમ-મંદિરોના સંચાલકોને એક આદર્શ આપે છે. ૫૦ થી વધારે સંતોના આગ્રહી અને આશ્રમના મહંત અતિથિ-બાળક જેવા બ્રહ્મચારી નીલકંઠના કહેવાથી જીવરાજ પટેલના ડેલામાં રામકથા કહેવાનું બંધ કરે છે. તે મુક્તમુનિ નાચ-કુદ કરાવી - ટીખળો રચી ટોળા ભેગા કરતા વક્તાઓને આદર્શવક્તાનું ઉદાહરણ પુરૂં પાડે છે.

નીલકંઠમાંથી સહજાનંદ થયેલા પોતાથી ૨૩ વર્ષ નાના યુવકને ગાદી આપવાના ગુરૂના નિર્ણયને માન્ય કરી નાના ગુરૂભાઈને ગુરૂસ્થાને જ્યારે મુક્તમુનિ સ્વીકારે છે ત્યારે ત્યાગીસમાજને નિર્મોહી, નિર્માની અને પરગુણસહિષ્ણુતાની ઉચ્ચભૂમિકા દેખાય છે.

આમ એમના જીવન ઝરમરમાંથી ટપકતી અનેક પ્રેરણાઓને જીલીને સાધક આત્મશાંતિનું, પરમાત્મ પ્રાપ્તિનું મૃત્યુંજયી મોતી સર્જે તો સમગ્ર અધ્યાત્મ-જગત્-અધિક તેજોમય - આનંદમય જીવનથી મઢેલુ હોય તેવું ઉપસી આવે. આજે આ પુસ્તકના પાને પથરાયેલુ સ્વામીનું વ્યક્તિત્ત્વ સંસારદાહદગ્ધ સાધકોને લીલો છાંયડો પાથરીને પ્રેરણા પીયૂષનું આચમન કરવા આમંત્રણ આપી રહ્યું છે.

ઉપસંહાર : જાનના જોખમે કાશ્મીરના કુદરતી સૌંદર્યની છટા માણવા ગયેલા માનવને પ્રકૃતિ જ્યારે સો-સો પાંખડીથી મંડિત અને સુગંધથી તર-બ-તર થતા સોહામણા શતદલકમલને નિહાળવાની તક આપે ત્યારે સૌંદર્યપ્રેમી આ માનવના મનમાં મીઠી મૂંઝવણ એ થાય કે એની કઈ પાંખડી ને બિરદાવવી અને કઈ પાંખડીની પ્રશંસાની તક

જતી કરવી.

બસ, બરાબર એજ રીતે, સો સો નહિ પણ સહસ્ર ગુણોથી મંડિત અને સંયમ સુવાસથી તર-બ-તર થતાં મહાપુરૂષોના જીવનને - ગુરૂવર્ય મુક્તમુનિના જીવનને નિહાળવાની, માણવાની, આલેખવાની તક મળી ત્યારે સદ્‌ગુણપ્રેમી મારા અંતરમાં મીઠી મૂંઝવણ થઈ કે - આ નાનકડા લોનના પાનાઓમાં એમના કયા ગુણની પ્રશંશા કરવી. અને કયા ગુણ જતા કરવા ? એમના ગુણોની અમાપતા અને વાણિ અથવા લેખનીની મર્યાદાને કારણે મને અમુક મર્યાદિત ગુણોની જ પ્રશસ્તિ કરવાની ફરજ પડી છે.

એમના દિવ્ય જીવનમાં અદ્વિતીય ઉપદેશ શૈલી, સેંકડો સાહિત્યિક રચનાઓ, સંખ્યાબંધ સત્સંગીઓના પ્રેરણાસ્ત્રોત, સંસ્કૃતટીકાના નવ સર્જનથી લઈને બ્રહ્મસૂત્ર ભાષ્ય જેવા ગહન ગ્રન્થોની રચના, ગંગાના પ્રવાહ જેવી નિર્મળવાણી, જોઈ આંખ વિસ્મય પામે છે. કલમ સ્થિર થઈ જાય છે. છતા ગુણોની રૂપરેખા આપવાનો આ મારો નમ્ર પ્રયાસ છે.

અધ્યાત્મ સાધનાના ધનવાન આ મહામુનિનું અદ્‌ભુત કંઠમાધૂર્ય, સુંદર ગાનશૈલી અને એથીય ચડિયાતો ભક્તિભાવ, આ ત્રિવેણી સંગમ નિહાળી તેમને સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને ગુરૂ માન્યા. સત્સંગ સમાજમાં "મા"નું સ્થાન આપ્યું.

આજ સો કરતા વધુ વર્ષોના વાયરા વીતિ ગયા પછી પણ અસંખ્ય પ્રાજ્ઞ - સંતો-ભક્તોના અંતરમાં એમની પ્રતિભા અંકિત થયેલી છે. એમની સદ્‌ગુણ જ્યોતિની કીર્તિ રશ્મિઓ જળકયા કરે છે. એમની પ્રભુ ભક્તિ કેવી બેમિશાલ હશે એની તો કલ્પના જ કરવી રહી.

આવા અદ્‌ભુત ભક્તિ વૈભવ અને અઢળક ગુણવૈભવના સ્વામી ગુરૂવર્ય મુક્તમુનિની ગુણિયલ શિષ્ય પરંપરામાં જ મને સ્થાન મળ્યું છે. એમનું આદર્શ જીવન મને મારા ગુરૂવર્ય પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીના જીવન દ્વારા ખૂબજ નિકટથી નિહાળવા મળ્યું છે. જોવા-જાણવા મળ્યું છે. એને હું મારૂં સદ્‌ભાગ્ય ગણું છું.

અંતમાં આ ગ્રન્થના પ્રકાશન પ્રસંગે અદ્‌ભુત ગુણગરિમા મંડિત ગુરૂજનોના આશિષની આશા સાથે મારા આ શબ્દસુમન તેઓશ્રીના ચરણોમાં ચડાવું છું. અંતે...

ગુણથી ભરેલા ગુરૂજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય વહે....

સેવક : - સંતવલ્લભદાસ



શ્રીહરિ

સત્સંગની મા સદ્‌ગુરૂ
શ્રી મુક્તાનંદ સ્વામીનું અષ્ટક

तीर्थीकुर्वन् च तीर्थे हरिरचरदथो स्थातुमैच्छन्न कुत्र,
वायोर्वेगेन धावन् परमपुरि हरिः संतुतोषाप्य चामुम् ।
तस्मिन् ज्ञानं च धर्मं निगमनिगदितं प्रेक्ष्य तस्थौ स तत्र,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥१॥

શ્રી નીલકંઠ વર્ણીએ અનેક તીર્થોમાં વિચરણ કર્યું, છતાં કયાંય પણ તેમનું મન રહેવા માટે ન ઠર્યું પરંતુ વાયુ વેગથી આગળ વધતા શ્રીહરિ જ્યારે યથાર્થ જ્ઞાન અને શાસ્ત્રમાં કહેલા લક્ષણોથી યુક્ત શ્રી મુક્તાનંદસ્વામીને જ્યારે શ્રેષ્ઠ નગર લોજમાં મળ્યા ત્યારે અત્યંત સંતોષ પામ્યા અને સ્વામીને સર્વગુણ સંપન્ન જાણી ત્યાંજ રહી ગયા. એવા સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

ग्रन्थान्कर्तुं नियोगं समधिगतमुनिः संदधानस्तदाज्ञाम्,
यावज्जीवं स्मरन्ताम् अधिकतरकृतिः मोक्षकर्त्रीः प्रणीन्ये ।
यस्यायासेन प्राप्तं प्रवचनममृतं श्री हरेः दिव्यमत्र,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥२॥

શ્રીહરિની ગ્રંથ પ્રણયનની આજ્ઞાને જીવનપર્યન્ત ધ્યાનમાં રાખી તે આજ્ઞાનું સ્મરણ કરી જેમણે અનેક મોક્ષદાયક ગ્રંથો રચ્યા છે અને જેમના અપાર પરિશ્રમથી વચનામૃત જેવો અમૃત સ્વરૂપ ગ્રંથ પ્રાપ્ત થયો છે એવા સર્વગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

वात्सल्यं वीक्ष्य साक्षादखिलभुवनपा प्रासदत्संजगाद,
सत्संगस्यास्य माता मुनिवरचरणः सेवनीयः मुमुक्षोः ।
तस्मात्तेषां प्रसादमनधिगतजनः शीघ्रमुक्तिं न गच्छेत्,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥३॥

જેમનું આશ્રિતજનો પર વાત્સલ્ય જોઈને સમસ્ત સંસારના રક્ષક એવા

સ્વયં ભગવાન પણ પ્રસન્ન થઈ બોલી ઊઠ્યા કે "આ તો સત્સંગની મા છે" અને સર્વ મુમુક્ષુઓ માટે સેવા કરવા યોગ્ય છે અને ખરેખર જેમની કૃપા વિના મુમુક્ષુ સદ્યઃ મુક્તિ પામતો જ નથી એવા સર્વગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

काव्ये नैपुण्यमाप्त्वा भृशमतुषदजं स्वामिनं कीर्तनाद्यैः
दासत्वं संजुगुम्फ प्रणयसुनिभृतं बन्धमुक्तौ सहायं ।
नृत्यन्गायंश्च पादैः करिकृतिकृतिनाऽप्रैष्ट यो नीलकंठं,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥४॥

કાવ્ય રચનામાં નિપુણતા મેળવી જેમણે અનેક કીર્તનો રચી પ્રભુની પરમ પ્રસન્નતા પ્રાપ્ત કરી અને કીર્તનોમાં સંસારના બંધનોને છેદનારા પ્રેમપૂર્ણ દાસ ભાવને બરાબર ગુંથી દીધો. અને એવા પ્રેમપૂર્ણ દાસત્વ ભક્તિવાળા કીર્તનોને ભગવાન સમક્ષ ગાતા ગાતા અને નૃત્ય કરતા કરતા જેમણે પગથી પૃથ્વિપર હાથીનું ચિત્ર બનાવી પ્રભુની પારાવાર પ્રસન્નતા પ્રાપ્ત કરી એવા સર્વ સદ્‌ગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

पाण्डित्यस्याभिमानात्प्रगटभगवति श्रद्दधीरन्न विज्ञाः,
शास्त्रार्थैः संप्रधार्य प्रततकलियुगे न्राकृतिर्जायतेऽपि ।
एषः सर्वेशस्वामी पुरि महति तथा संजुधोषैष साधुः,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥५॥

વિદ્વત્તાના અભિમાનથી ભગવાન કળિયુગમાં પ્રગટ થતા જ નથી એવુ માનનારા – વડોદરાના વિદ્વાનોને પ્રગટ એવા પરમાત્મામાં જ્યારે શ્રદ્ધા નહોતી થતી ત્યારે તેઓને શાસ્ત્રાર્થથી "પ્રભુ કળિયુગમાં પણ નરતનુ ધારી પ્રગટ થાય છે" એવો વિશ્વાસ કરાવ્યો અને આ પ્રગટ થયેલા પ્રભુ જ સર્વોપરી અને સર્વદેવોના પણ દેવ છે એવું જે મહાપુરુષે તે મહાન નગર વડોદરામાં ઘોષિત કરી બતાવ્યું એવા સર્વગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

प्रातः यन्नामधेयस्मरणकृतफलात्सर्वपापैर्विमुक्तः,
कामाद्यैः शत्रुभिश्च क्वचिदपि विजितो नैव लोके भवेद्‌ध्रि ।

प्रेत्यासौ मुक्तवृन्दे हरिरसरसितो मोदते दिव्यदेशे,
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥६॥

સવારે જેમના નામના સ્મરણ કરવાથી થયેલા પુણ્ય દ્વારા જીવ બધા પાપોથી મુકાય જાય છે અને આ લોકમાં એ પુણ્યના પ્રતાપે કામ, ક્રોધ આદિ અંતઃશત્રુઓથી ક્યારેય પરાભવને નથી પામતો તથા શરીર છોડયા બાદ પરલોકમાં ભગવાનના દિવ્ય અક્ષરધામમાં મુક્તો સાથે ભગવાનના આનંદથી આનંદિત બને છે એવા સર્વગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

यस्मै प्रादात्प्रभुः सः बहु बहु सदसि प्रीतिपूर्वं च मानं,
मत्वा संतं गुरुं तं गुरुहरिरपि नो चावहेलां व्यधत्त ।
साधुत्वे मानदण्डं कृत इतरसतां वर्तनं सद्वदान्यं
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥७॥

સ્વયં ભગવાન પણ સભામાં જેમને પ્રેમપૂર્વક ખૂબજ માન આપતા અને જેમને ગુરુ માની સભામાં ક્યારેય જેઓની મર્યાદા ભંગ ન થવા દેતા તેમજ જેમનુ અણિશુદ્ધ વર્તન બીજા સંતોની સાધુતા માટે સદા ઉદાહરણ રૂપ બની ગયું એવા સર્વગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

वार्तां कुर्वन् सभायां बहुमतिचलितान्संदधे श्री हरौ यः,
यस्येक्षामात्रतो वै रतिपतिभयभित् मानुषो मह्यतेत्र ।
योऽसौ धामावतीर्णः सुरमुनिशरणः श्रोत्रियः ब्रह्मनिष्ठः
मुक्तानंदं मुनीन्द्रं गुणगणनिलयं सद्वरेण्यं नमामि ॥८॥

સભામાં ભગવાનની વાર્તા કરીને જેમણે અનેક ચલિત બુદ્ધિવાળા જનોનું ચિત્ત ભગવાનમાં સ્થિર કરી દીધું અને અનેકના મનના સંશયના સમાધાન કરી દીધા અને જેમની કૃપા કટાક્ષ માત્રથી ભક્તજન કામાદિ દોષના ભયથી મુકાય જાય છે એવા દેવો અને મુનિઓને પણ આશ્રય કરવા યોગ્ય દિવ્ય ધામમાંથી પ્રભુ સાથે પ્રગટ થયેલા એવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સર્વસદ્‌ગુણસંપન્ન સંતવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીને હું પ્રણામ કરું છું.

શા. સુવ્રતવલ્લભાચાર્ય

કાવ્યાનુક્રમણિકા

મુક્તાનંદ કાવ્યમ્ ભાગ-૧

ધર્મખ્યાનમ્

કડવા / પદ	વિષય	પેજ નં.
૧/૪	મંગલાચરણ તથા ગોલોક વર્ણન	૧
૫/૬	અક્ષરાધિપતિનું વિવિધરૂપે પ્રાગટ્ય	૩
૭/૮	બદરિકાશ્રમનું વર્ણન	૪
૯/૧૨	બદરિકાશ્રમમાં ઋષિઓનું આગમન તથા નરનારાયણની શોભાનું વર્ણન	૫
૫૬-૩	ભરતખંડની દુર્દશાનું વર્ણન	૭
૧૩	ભરતખંડવાસીઓના ઉદ્ધાર માટે ઋષિઓએ કરેલી પ્રાર્થના	૮
૧૪	ધર્મ અને મૂર્તિનું આગમન તથા ભગવાન દ્વારા સ્વાગત	૮
૧૫	ભગવદ્વાર્તા સાંભળવામાં મુગ્ધ સભામાં દુર્વાસાનું આગમન	૯
૧૬/૫૬-૪	દુર્વાશાનો શાપ	૯-૧૦
૧૭	ઋષિઓને ભગવાને આપેલી સાન્ત્વના	૧૧
૧૮/૨૩	અસૂરોએ કરેલી પૂર્વતૈયારી અને ધર્મદેવનું પ્રાગટ્ય તથા શિક્ષાગ્રહણ	૧૨
૨૪/૨૫	ભક્તિમાતાનું પ્રાગટ્ય	૧૫
૨૬/૨૮	ભક્તિધર્મના વિવાહ	૧૬
૨૯	ધર્મ-ભક્તિનું આદર્શ જીવન તથા રામપ્રતાપજીનો જન્મ	૧૮
૩૦	અસૂરોથી દુઃખી ધર્મદેવનું અયોધ્યા ગમન	૧૮
૩૧	અયોધ્યામાં પણ કષ્ટ પડતા તીર્થયાત્રા કરવા જતા પ્રયાગમાં રામાનંદ સ્વામીનું મિલન	૧૯
૩૨/૫૬-૮	રામાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવન	૧૯

૩૩/૩૫	ધર્મ-ભક્તિ રામાનંદ સ્વામીના શિષ્ય થયા	૨૦
૩૬	ધર્મદેવની સમૃદ્ધિથી દાઝેલા અસૂરે દીધેલ દુઃખ	૨૨
૩૭	દારિદ્ર દુઃખ ટાળવા કુળદેવ હનુમાનજીની ઉપાસના	૨૩
૩૮/૩૯	હનુમાનજીની આજ્ઞાથી ભક્તિધર્મનું વૃંદાવન ગમન	૨૩
૪૦	દુર્વાશાના શાપથી પ્રગટેલા ઋષિઓનું મિલન	૨૪
૫૬-૧૦	ઋષિઓ સહિત ધર્મભક્તિએ પ્રારંભ કરેલી આરાધના	૨૫
૪૧	આરાધનાથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણ	૨૫
૪૨/૪૩	શ્રીકૃષ્ણ સ્વરૂપનું વર્ણન	૨૫
૪૪	ભગવાને આપેલી સાન્ત્વના	૨૬
૫૬-૧૧	પુત્રરૂપે પ્રગટ થઈને દુઃખ દૂર કરવાનું આપેલુ વચન	૨૭
૪૫/૫૧	ધર્મ-ભક્તિને અશ્વત્થામાનો શાપ	૨૭
૫૨/૫૩	શાપથી વ્યથિત ધર્મભક્તિને હનુમાનજી દ્વારા સાન્ત્વતા	૩૧-૩૨
૫૪/૫૫	ધર્મ ભક્તિનું સ્વગૃહ આગમન અને સુખ-સમૃદ્ધિ	૩૨-૩૩
૫૬/૬૧	શ્રીહરિને ગર્ભમાં ધારણ કરિ રહેલા ભક્તિદેવીની શોભા અને જન્મોત્સવ	૩૩
૬૨/૬૪	નામકરણ - સંસ્કાર	૩૭
૬૫	ચૌલ સંસ્કાર / કાલિદત્તવધ	૩૮
૬૬	અસૂરત્રાસથી ધર્મદેવનું સપરિવાર અયોધ્યા ગમન	૩૯
૬૭/૬૮	શ્રી ઘનશ્યામના બાલ્યગુણોનું વર્ણન	૩૯
૬૯/૭૧	ધર્મ-ભક્તિના શિષ્યોની ભક્તિભાવના તથા શ્રીહરિએ કરેલો વિદ્યાભ્યાસ	૪૧
૭૨/૭૬	માત-પિતાને દિવ્યગતિ આપી શ્રીહરિએ કરેલો ગૃહત્યાગ અને પરિવારનો વિલાપ	૪૨
૭૭/૯૩	વનવિચરણ	૪૫
૯૪/૯૮	લોજ આગમન પીપલાણા ગમન - દિક્ષાગ્રહણ	

	ગાદિ અભિષેક અને માંગરોળમાં જન્માષ્ટમી ઉત્સવ	૫૫
૯૯/૧૧૨	સમાધિપ્રકરણ યોગકળા	૫૭
૧૧૩/૧૧૭	દુર્વાશાના શાપથી પ્રગટેલા ઋષિઓ પ્રબળ પ્રતાપ સાંભળી મહારાજને શરણે થયા - મહારાજે સ્વસિદ્ધાંત કહ્યો.	૬૫
૧૧૮/૧૨૦	શ્રીજી મહારાજે કરેલા યજ્ઞો-મંદિરો-મૂર્તિપ્રતિષ્ઠા	૬૮
૧૨૧/૧૩૧	ધર્મવંશીનું આગમન / તેમનો મહિમા આચાર્ય સ્થાપના / દેશ વિભાગ	૭૦
૧૩૧/૧૩૩	ગ્રન્થ માહાત્મ્ય	૭૫

પંચરત્નમ્

	મંગલાચરણ	૭૯
૧.	વૈરાગ્યચિંતામણિ	૭૯
૨.	વિવેકચિંતામણિ	૮૦
૩.	જ્ઞાનચિંતામણિ	૮૨
૪.	ધ્યાનચિંતામણિ	૮૪
૫.	વિજ્ઞાનચિંતામણિ	૮૬

વિવેક ચિંતામણિ

	મંગલાચરણ	૯૧
૧.	સદ્‌ગુરુકો અંગ	૯૨
૨.	કપટ ગુરુ કો અંગ	૯૩
૩.	ઉપદેશ કો અંગ	૯૪
૪.	કાલત્રાસકો અંગ	૯૬
૫.	દેહ આત્મા વિજોગકો અંગ	૧૦૦
૬.	તૃષ્ણાકો અંગ	૧૦૧
૭.	તૃષ્ણા નિવારણ કો અંગ	૧૦૨
૮.	ધીરજ કો અંગ	૧૦૨
૯.	વિશ્વાસ કો અંગ	૧૦૩

૧૦.	દેહ મલિનકો અંગ	૧૦૪
૧૧.	સ્ત્રી નિંદાકો અંગ	૧૦૫
૧૨.	દુષ્ટ કો અંગ	૧૦૮
૧૩.	મનકો અંગ	૧૦૯
૧૪.	ચાનકકો અંગ	૧૧૧
૧૫.	મિથ્યાજ્ઞાનીકો અંગ	૧૧૩
૧૬.	વચન-વિવેકકો અંગ	૧૧૫
૧૭.	ઉપાસના કો અંગ	૧૧૭
૧૮.	પતિવ્રતાકો અંગ	૧૧૮
૧૯.	વિરહણિ કો અંગ	૧૧૯
૨૦.	પતિપ્રશંસાકો અંગ	૧૨૦
૨૧.	વસ્તુસારકો અંગ	૧૨૧
૨૨.	શુરાતનકો અંગ	૧૨૨
૨૩.	સાધુકો અંગ	૧૨૪
૨૪.	નવધા ભક્તિકો અંગ	૧૨૮
૨૫.	પ્રેમિભક્તકો અંગ	૧૨૯
૨૬.	ઉત્તમ ભક્ત કો અંગ	૧૩૧
૨૭.	હરિજન કો અંગ	૧૩૨
૨૮.	હરિ વિશ્વાસ કો અંગ	૧૩૩
૨૯.	સુવિચારકો અંગ	૧૩૪
૩૦.	ખલજ્ઞાનિકો અંગ	૧૩૫
૩૧.	પ્રભુ પ્રતાપ કો અંગ	૧૩૬
૩૨.	નાસ્તિકકો અંગ	૧૩૭
૩૩.	કુપાત્રકો અંગ	૧૩૮
૩૪.	પુરુષાર્થહીનકો અંગ	૧૩૯
૩૫.	પુરુષાર્થ જુકતકો અંગ	૧૪૦
૩૬.	હરિવિમુખ કો અંગ	૧૪૧
૩૭.	કપટિકો અંગ	૧૪૧
૩૮.	આશા કો અંગ	૧૪૩

૩૯. નિરાશીકો અંગ ૧૪૩
૪૦. દેહાત્મવાદિકો અંગ ૧૪૪
૪૧. અસંત કો અંગ ૧૪૫
૪૨. શિક્ષા કો અંગ ૧૪૬
૪૩. કુમતિ કો અંગ ૧૪૮
૪૪. મતવાદિન કો અંગ ૧૪૯
૪૫. પ્રત્યક્ષ કો અંગ ૧૫૦
૪૬. પરીક્ષાકો અંગ ૧૫૧
૪૭. કર્મજડ કો અંગ ૧૫૨
૪૮. ભક્તિવિવેકકો અંગ ૧૫૩
૪૯. નિદંકકો અંગ ૧૫૩
૫૦. આનંદી કો અંગ ૧૫૪
૫૧. હરિકૃપાકો અંગ ૧૫૫
૫૨. લંપટકો અંગ ૧૫૫
૫૩. જ્ઞાન ગરીબીકો અંગ ૧૫૬
૫૪. કુસંગ ત્યાગ કો અંગ ૧૫૭
૫૫. દૈવી જીવકો અંગ ૧૫૭
૫૬. આસુરી જીવકો અંગ ૧૫૮
૫૭. જમજાતનાકો અંગ ૧૬૦
૫૮. વૈરાગ્ય કો અંગ ૧૬૪
૫૯. વિવેકકો અંગ ૧૬૫
૬૦. જ્ઞાનકો અંગ ૧૬૬
૬૧. ધ્યાન કો અંગ ૧૬૮
૬૨. વિજ્ઞાનકો અંગ ૧૬૯
૬૩. ભગવદ્ધામપ્રાપ્તિ સાધન કો અંગ ૧૭૧
૬૪. વૈકુંઠ ધામપ્રાપ્તિ કો અંગ ૧૭૨
૬૫. ઉપસંહાર ૧૭૭

ઉદ્ધવગીતા

કડવું	વિષય	પેજ નં.
૧	મંગલાચરણ	૧૭૯
૧/૨	નંદ-યશોદા; ગોપ-ગોપીને સંદેશ આપવા જવા શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ગોકુળ મોકલ્યા	૧૭૯
૩/૮	ગોકુળમાં નંદ-યશોદા અને ઉદ્ધવજીનો સવાર સુધી ચાલેલો સંવાદ	૧૮૦
૯	બ્રાહ્મમૂહુર્તનું ભક્તિમય ગોકુળ	૧૮૪
૧૦/૧૧	ગોપીઓ અને ઉદ્ધવજીનું મીલન	૧૮૫
૧૨-૨૪	એક પછિ એક ગોપીઓએ કૃષ્ણના ચરિત્ર સાથે કૃષ્ણ વિયોગની વ્યક્ત કરેલી વ્યથા	૧૮૬
૨૫-૪૭	સીતા-વનવાસની કથા કહિને ગોપીએ ઉદ્ધવજીને કહેલા વ્યંગવચનો	૧૯૪
૪૮-૪૯	એક ગોપીએ શ્રીકૃષ્ણના કપટની કરેલી વાતો	૨૦૯
૫૦	ઉદ્ધવજીએ ગોપીઓનો કહેલો મહિમા	૨૧૦
૫૧/૫૨	ઉદ્ધવજીએ સંભળાવેલો શ્રીકૃષ્ણનો સંદેશ	૨૧૦
૫૩/૭૭	સંદેશ સાંભળીને શ્રીકૃષ્ણમાં મગ્ન થયેલી ગોપીએ વ્યક્ત કરેલું દુઃખ	૨૧૨
૭૮/૮૩	શ્રીકૃષ્ણના વિવિધ ચરિત્રો સાથે ગોપીઓને તરછોડીને કૃષ્ણ જે રીતે મથુરા ગયા તેનું ગોપીએ દુઃખભર્યા શબ્દોમાં કરેલુ વર્ણન	૨૨૮
૮૪/૯૦	શ્રીકૃષ્ણવિયોગની રાધાજીએ કૃષ્ણવિયોગે પોતાની અત્યંત કરૂણ સ્થિતિનું કરેલું વર્ણન	૨૩૨
૯૧/૧૦૦	શ્રીકૃષ્ણના વિયોગમાં વ્યાકુળ લલિતા સખિએ કરેલું વ્યાકુળ ગોપીઓની મનોદશાનું કૃષ્ણમય વર્ણન	૨૩૬
૧૦૧	વિરહ વ્યાકુળ ગોપીઓ દ્વારા શ્રીકૃષ્ણ ચરિત્રોના શ્રવણ સહિત ઉદ્ધવજીનો ગોકુળમાં નિવાસ	૨૪૩
૧૦૨/૧૦૫	ઉદ્ધવજીએ કહેલો ગોપીઓનો મહિમા	૨૪૪

૧૦૬	નંદાદિકને વંદન કરીને ઉદ્ધવજી મથુરા ગયા	૨૪૬
૧૦૭/૧૦૮	શ્રીકૃષ્ણના પૂછવાથી ઉદ્ધવજીએ કરેલા ગોપીઓના વખાણ તથા ગ્રન્થ રચનાકાળ	૨૪૭

સત્સંગ શિરોમણી

અધ્યાય	વિષય	પેજ નં.
૧.	જુનાગઢ ગિરનારની તળેટીમાં સભામાં બિરાજમાન શ્રીજી મહારાજને મુકુંદાનંદ બ્રહ્મચારીએ પુછેલ પ્રશ્ન-સત્સંગમાં કોઈ વૃદ્ધિ પામે છે અને કોઈ ક્ષય પામે છે તેનું કારણ શું	૨૫૧
૨.	શ્રીજી મહારાજે આપેલ પ્રશ્નનો ઉત્તર - સંતનો ગુણ લેવાથી વૃદ્ધિ પામે છે અને અવગુણ લેવાથી નાશ પામે છે	૨૫૩
૩.	મુકુંદાનંદ બ્રહ્મચારીએ પુછેલ પ્રશ્ન-કોના અપમાનથી કોનું પતન થયું ? જવાબમાં શ્રીજી મહારાજે વેન રાજાની કહેલી કથા	૨૫૬
૪.	શિવજીના અપમાનથી ચિત્રકેતુની થયેલી દુર્ગતિ	૨૫૯
૫.	શિવજીના અપમાનથી દુર્દશાને પામેલા ઈન્દ્રની કથા	૨૬૩
૬.	શિવજીના અપમાનથી દક્ષની થયેલી દુર્ગતિ	૨૬૫
૭.	શ્રીકૃષ્ણમાં મનુષ્યબુદ્ધિરૂપ અવગુણ લેવાથી ભક્તરાજ અક્રૂરનું દાસત્ત્વ ભક્તિથી થયેલુ પતન	૨૬૯
૮.	એક ઋષિના વરદાનથી શ્વાનમાંથી શરભ બન્યા પછી એ જ ઋષિના અપકારનું ફળ	૨૭૩
૯.	ગુરૂદેવની નિર્દોષભાવે સેવા કરવાથી આરુણિને મળેલી જ્ઞાનસિદ્ધિ	૨૭૬
૧૦/૧૧.	કુશિક રાજાએ દેવભાવથી મહર્ષિ ચ્યવનની કરેલી સેવાનું ફળ	૨૮૧
૧૨.	સંતકૃપાએ દેવર્ષિ પદ પામેલા નારદમુનિની કથા	૨૮૭
૧૩.	શ્રીજી મહારાજે ધર્મ-અધર્મ સર્ગનું કરેલુ વર્ણન	૨૯૦

૧૪.	સંત-અસંતના સદ્‌ગુણ - દુર્ગુણોનું વર્ણન	૨૯૩
૧૫.	એકાંતિક ભક્તોને પ્રાપ્ત થનાર ધામનું વર્ણન	૨૯૮
૧૬.	અસંત, અભક્તોને પ્રાપ્ત થતી યમયાતના આદિક દુર્ગતિનું વર્ણન	૩૧૦
૧૭.	શ્રીહરિ જયંતિના દિવસે ભક્તોએ કરેલી શ્રીહરિની પૂજા અને વિવિધ વ્રતોત્સવ માહાત્મ્ય	૩૧૪
૧૮.	સંત-અસંતના લક્ષણોનું વર્ણન	૩૧૮
૧૯.	સંત-સમાગમ વિના દુઃખી સ્ત્રી ભક્તોએ; મોટા સદ્‌ગુરૂઓના સમાગમ માટે કરેલી પ્રાર્થના	૩૨૦
૨૦.	કચના પ્રસંગથી ભ્રષ્ટ થયેલી દેવયાનીની કથા	૩૨૨
૨૧/૨૨.	સ્ત્રીના દર્શનથી સ્વસ્થિતિમાંથી ભ્રષ્ટ થયેલા નારદ પર્વતની કથા	૩૨૭
૨૩.	શ્રીજી મહારાજે કહેલી ત્યાગી-ગૃહીની જીવનમર્યાદા	૩૩૩
૨૪.	મર્યાદા ભંગ થતા આવશ્યક પ્રાયશ્ચિતોનું વિધાન	૩૩૫

સતીગીતા

કડવું	વિષય	પેજ નં.
૧.	મંગલાચરણ	૩૪૧
૨.	ગ્રન્થના વર્ણ્યવિષયની વિગત	૩૪૧
૩.	વિધવા સ્ત્રીના લક્ષણ	૩૪૨
૪/૬.	સધવાના બે પ્રકાર. કુલટા અને સતિના લક્ષણ	૩૪૩
૭/૧૭.	સતિના વિશેષ લક્ષણો	૩૪૫
૧૮/૨૦.	કુલટાના પાપનું ફળ	૩૫૩
૨૧/૨૮	સતીત્વનું પુણ્યફળ અને સતિના ત્રણ પ્રકાર	૩૫૫
૨૯	વિધવા ધર્મ	૩૬૧
૩૦/૩૧	પતિની ચિતામાં બળીને સતી થવાનો નિષેધ	૩૬૧
૩૨/૫૨	વિધવા સતીઓના વિશેષ ધર્મ	૩૬૩
૫૨/૬૦	સતી સ્ત્રીઓને શ્રીહરિનું પૂજન કરવાની વિધિ	૩૭૭

૬૧/૬૪	સતી સ્ત્રીઓને શ્રીહરિને કરવાની પ્રાર્થનાની રીતિ	૩૮૪
૬૫/૮૦	વિધવા સતીઓને નિયમભંગનું પ્રાયશ્ચિત વર્ણન	૩૮૭
૮૧/૮૬	નિયમભંગનું પ્રાયશ્ચિત ન કરતા લાગતા દોષ અને તેનું ફળ	૩૯૮
૮૭/૮૮	સતીગીતાનું ફળ	૪૦૨

શિક્ષાપત્રી ભાષા

	વિષય	શ્લોક સંખ્યા	પેજ નં.
૧.	મંગલાચરણ તથા ઉપોદ્‌ઘાત	૧ થી ૧૦	૪૦૫
૨.	સાધારણ ધર્મ	૧૧ થી ૧૨૧	૪૦૭
૩.	સાધારણ ધર્મોપસંહાર	૧૨૨	૪૨૧
૪.	આચાર્યના વિશેષધર્મ	૧૨૩ થી ૧૩૨	૪૨૧
૫.	આચાર્યના પત્નિના વિશેષધર્મ	૧૩૩ થી ૧૩૪	૪૨૨
૬.	ગૃહસ્થના વિશેષ ધર્મ	૧૩૫ થી ૧૫૬	૪૨૩
૭.	રાજાના વિશેષધર્મ	૧૫૭ થી ૧૫૮	૪૨૫
૮.	સધવા સ્ત્રીના વિશેષધર્મ	૧૫૯ થી ૧૬૨	૪૨૬
૯.	વિધવા સ્ત્રીના વિશેષધર્મ	૧૬૩ થી ૧૭૨	૪૨૭
૧૦.	સધવા-વિધવા સ્ત્રીના સામાન્યધર્મ	૧૭૩ થી ૧૭૪	૪૨૮
૧૧.	બ્રહ્મચારીના વિશેષધર્મ	૧૭૫ થી ૧૮૭	૪૨૯
૧૨.	સાધુના વિશેષધર્મ	૧૮૮ થી ૧૯૬	૪૩૦
૧૩.	વર્ણિસાધુના મિશ્રિતધર્મ	૧૯૭ થી ૨૦૨	૪૩૨
૧૪.	ઉપસંહાર	૨૦૩ થી ૨૧૨	૪૩૨

શ્રી વાસુદેવાવતારચરિત્રમ્

૧.	વરાહ ચરિત્ર	૧	૪૩૫
૨.	સુયજ્ઞ ચરિત્ર	૨	૪૩૬
૩.	કપિલ ચરિત્ર	૩	૪૩૬
૪.	દત્તાત્રેય ચરિત્ર	૪	૪૩૭
૫.	સનકાદિક ચરિત્ર	૫	૪૩૮

૬.	નરનારાયણ ચરિત્ર	૬ - ૭	૪૩૮
૭.	ધ્રુવ ચરિત્ર નારાયણકૃપારૂપે	૮	૪૩૯
૮.	પૃથુ અવતાર ચરિત્ર	૯	૪૪૦
૯.	ઋષભદેવ ચરિત્ર	૧૦	૪૪૦
૧૦.	હયગ્રીવ ચરિત્ર	૧૧	૪૪૧
૧૧.	મત્સ્ય ચરિત્ર	૧૨	૪૪૧
૧૨.	કૂર્મ ચરિત્ર	૧૩	૪૪૨
૧૩.	નૃસિંહ ચરિત્ર	૧૪	૪૪૨
૧૪.	અજ ચરિત્ર-ગજેન્દ્રમોક્ષ	૧૫ - ૧૬	૪૪૩
૧૫.	વામન ચરિત્ર	૧૭ - ૧૮	૪૪૩
૧૬.	હસં ચરિત્ર	૧૯-૨૦	૪૪૫
૧૭.	ધન્વંતર ચરિત્ર	૨૧	૪૪૬
૧૮.	પરશુરામ ચરિત્ર	૨૨	૪૪૭
૧૯.	રામ ચરિત્ર	૨૩-૨૫	૪૪૭
૨૦.	કૃષ્ણ ચરિત્ર	૨૬-૩૫	૪૪૮
૨૧.	વ્યાસ ચરિત્ર	૩૬	૪૫૩
૨૨.	બુદ્ધ ચરિત્ર	૩૭	૪૫૪
૨૩.	કલ્કિ ચરિત્ર	૩૮	૪૫૪
૨૪.	ભગવત્ચરિત્ર માહાત્મ્ય	૩૯ - ૫૩	૪૫૫

રાસપંચાધ્યાયી

૧.	રાસપંચાધ્યાયીના અનુવાદરૂપે છત્રીસ પદો	૪૬૫

મુકુંદ બાવની

૧.	તત્ત્વજ્ઞાનનું બાવન છપ્પયમાં નિરૂપણ	૪૭૯

ધામવર્ણનચાતુરી

૧.	ગોલોકધામનું દિવ્ય વર્ણન	૪૯૩

ધર્માખ્યાન

વચનામૃત ગ. મ. ૫૮ માં શ્રીહરિએ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને સાંપ્રદાયિક પુષ્ટિ માટે સ્વચરિત્ર આલેખનની આજ્ઞા આપી છે. જે આજ્ઞાનું અંતિમ શ્વાસ સુધી પાલન કર્યુ અને સ્વામીના જીવનની છેલ્લી પળોમાં લખાયેલ ગ્રંથ તેજ આ ધર્માખ્યાન ગ્રંથ છે. શ્રીમદ્‌ સત્સંગિજીવન વિગેરે સંસ્કૃતભાષામાં લખાયેલા ગ્રંથોમાં વર્ણીત શ્રીહરિની દિવ્ય લીલાઓને આ ગ્રંથમાં સંક્ષેપથી આવરી લીધી છે. આ ગ્રંથમાં મહારાજની લીલાઓના વર્ણનની સાથે માહાત્મ્યનો અત્યધિક પ્રકાશ કર્યો છે. શ્રીહરિના ચરિત્રોને સંક્ષેપથી જાણવા મુમુક્ષુએ અવશ્યપણે સેવવા યોગ્ય આ ગ્રંથ છે.

આ ગ્રંથની ફળશ્રુતિ ગ્રંથમાં જ આ રીતે કહી છે.

ધર્માખ્યાન આ ગ્રંથનો, મહિમા અતિ ભારી ।
સાંભળતાં સંશય ટળે, મળે પ્રગટ મુરારી ॥

અને આ ગ્રંથ ગઢપુરમાં રહી સં. ૧૮૮૫ અને શ્રાવણ સુદી ત્રીજના રોજ પૂર્ણ થયો છે. ૧૩૨ કડવા છે. તથા ૩૩ પદો છે. બધા મળી ૯૭૦ ચરણ છે. ગુજરાતી ભાષામાં આ ગ્રંથ લખાયો છે.

॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

ધર્માખ્યાનમ્

કડવું ॥૧॥ (રાગ વેરાડી)

ઈષ્ટ અનુપમ અંતરજામીજી, પ્રગટ રુપ સહજાનંદ સ્વામીજી ।
તેહને તે વંદુ વારમવારજી, પદરજ શીર ધરું કરી બહુ પ્યારજી ॥૧॥
ઢાળ - ચરણ રજ શીરપર ધરી, ઉર રાખી શ્રીઘનશ્યામ ।
શ્રીગુરુ સહજાનંદના, ગુણ ગાઉં અતિ અભિરામ ॥૨॥
જે સ્વામીની કૃપાથકી, અગણિત નર ત્રિય વૃંદ ।
તે છતે દેહે સમાધિમાં, જુવે અક્ષરધામ સ્વચ્છંદ ॥૩॥
શ્રીગોલોકને મધ્ય છે, મહાતેજનો અંબાર ।
તેને વેદ અક્ષરબ્રહ્મ કહે છે, અખિલ જગ આધાર ॥૪॥
સત્ય જ્ઞાન અનંત છે, જેને બ્રહ્મપુર શ્રુતિ ગાય ।
તિહાં દિવ્ય બહુ સુખસાજને, કહેતાં તે શેષ લજાય ॥૫॥
દિવ્ય ભોક્તા ભોગ્ય છે, જિહાં દિવ્ય સ્થાન અપાર ।
કહે દાસ મુક્તાનંદ એવું, અક્ષરધામ ઉદાર ॥૬॥

કડવું ॥૨॥

અક્ષરધામ અલૌકિક જેહજી, પ્રગટની પેર્ય જુવે જન તેહજી ।
એમ સમાધિમાં ઘનશ્યામજી, દાસને દેખાડે નિજ ધામજી ॥૧॥
ઢાળ - ધામમાં બહુ રંગનાં, મણિ રત્નની કાંતિ ઘણી ।
તેણે રચિત બહુવિધ દિવ્ય મંદિર, શોભા શી કહું તેહ તણી ॥૨॥
ધામની ચહુ પાસમાં, શ્રીવૃંદાવન સુખરૂપ ।
તિહાં દિવ્ય ગિરિ શતશૃંગપર, બહુ અખંડ રાસ અનૂપ ॥૩॥
અનંત [1]અજ ભવ ગોપ ગોપી, વિરજામાં સહુ ના'ય ।
એવું ગાયો સહિત ગોલોક છે, જેને નિગમ નેતિ ગાય ॥૪॥

૧ અજ ભવ - બ્રહ્મા અને શિવ

તેજ પોતાના ધામમાં, રહે સદા શ્રીવ્રજચંદ ।
વચન માધુરી દર્શ સ્પર્શે, આપે અતિ આનંદ ॥૫॥
એકાંતિક નિજ ભક્તને, નિત્ય આપે દર્શન દાન ।
કહે દાસ મુક્તાનંદ અતિશે, ભક્તવશ ભગવાન ॥૬॥

કડવું ॥૩॥

વય કિશોર શ્રીકૃષ્ણ વિહારિજી, દ્વિભુજ મુરલીધર જનસુખકારિજી ।
શ્રીઘનશ્યામ પીતાંબરધારિજી, કોટી મદન મદહરણ મુરારિજી ॥૧॥
ટાળ - કોટી [૧]કંદર્પ દર્પ હરતા, મોરમુગટ શીરપર ધરે ।
કાને કુંડળ મકરાકાર, તે રવિ ચંદ્રને ઝાંખા કરે ॥૨॥
બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મુક્તાહાર ।
હેમકડાં બેઉ હાથમાં, નંગજડિત તેજ અંબાર ॥૩॥
અતિ [૨]અમોલિક રત્નની, કટિમેખલા ઝળકી રહી ।
નાભિ વર્તુલ ગંભીર કેરી, શોભા નવ જાયે કહી ॥૪॥
અતિ અમોલિક નંગ જડ્યાં, પાયે નૂપુરનો ઝણકાર ।
ષોડશ ચિન્હસમેત પ્રભુપદ, ભક્તના આધાર ॥૫॥
એવા શ્રીકૃષ્ણ અનુપમ છે, સઉ સુંદરતાનું ધામ ।
કહે દાસ મુક્તાનંદ છબિપર, વારુ કોટિક કામ ॥૬॥

કડવું ॥૪॥

શ્રીદામાદિક ગોપ અપારજી, પ્રભુપદ સેવે કરી બહુ પ્યારજી ।
શ્રીરાધાદિક ગોપી જેહજી, પ્રભુપદ પંકજ સેવે તેહજી ॥૧॥
ટાળ-સેવે પ્રભુપદ પંકજને, સૌ ગોપી ગોપ ઉદાર ।
એવા કમલનયન શ્રીકૃષ્ણજી, તે અખિલ જગ આધાર ॥૨॥
ઉપનિષદ સૌ વેદનાં, કરે કૃષ્ણના ગુણગાન ।
એ છે અક્ષરકેરા આતમા, સરવજ્ઞ શ્રીભગવાન ॥૩॥
[૩]વ્યષ્ટિ [૪]સમષ્ટિ જીવના, આત્મા છે પ્રેરક એહ ।
સર્વ કરતા સર્વ હરતા, એમાં નહિ સંદેહ ॥૪॥
અનંત કોટી બ્રહ્માંડની, ઉત્પત્તિ સ્થિતિ ને નાશ ।

૧ કંદર્પ - કામ દેવ, ૨ અમોલિક - અમુલ્ય, ૩ વ્યષ્ટિ - વ્યક્તિગત, ૪ સમષ્ટિ - સર્વગત

તેના તે કરતા શ્રીહરિ, પોતે અકળ અજ અવિનાશ ॥૫॥
એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ, નિજ ભક્તના આધાર ।
કહે દાસ મુક્તાનંદ જેહના, સામર્થ્યનો નહી પાર ॥૬॥

પદ ॥૧॥ (રાગ આશાવરી)

અક્ષરધામના અખંડ નિવાસી, પુરુષોત્તમ પરબ્રહ્મરે ।
નિજ સામર્થ્ય સોતા નિત્ય રસિયો, મહામુનિ જાણે છે મર્મરે ॥અક્ષ૦૧॥
સર્વના સાક્ષી શુદ્ધ અનુપમ, સર્વનિયંતા સોઈરે ।
સર્વને કર્મતણાં ફલ દાતા, એ સમ અવર ન કોઈરે ॥અક્ષ૦૨॥
પરમાત્મા પરમેશ્વર શ્રુતિ કહે, અંતરજામિ અનંતરે ।
વાસુદેવ નારાયણ વિષ્ણુ, શ્રીહરિ અજ ભગવંતરે ॥અક્ષ૦૩॥
એ આદિક નામે કરી નિગમે, કર્યું શ્રીકૃષ્ણ ગુણગાનરે ।
મુક્તાનંદના પ્રભુ બહુનામી, રસિયોજી રૂપનિધાનરે ॥અક્ષ૦૪॥

કડવું ॥૫॥

એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ જેહજી, પ્રથમ ધર્મથી મૂર્તિમાં તેહજી ।
નરનારાયણ ઋષીને રૂપજી, પ્રગટ થયા પ્રભુ પરમ અનુપજી ॥૧॥
ઢાળ-પ્રગટિયા પરમારથી, મુનિરૂપ પરમ ઉદાર ।
ભરતખંડની પ્રજા સૌને, એજ સુખદાતાર ॥૨॥
બદરિકાશ્રમમાં રહ્યા, પોતે તપ કરે છે દયાળ ।
તે તપનું ફલ પ્રજા સૌને, આપે છે તતકાળ ॥૩॥
તેના તેજ શ્રીકૃષ્ણજી, હરવાને ભૂમિભાર ।
જાદવકુળમાં પ્રગટ્યા, પ્રભુ અખિલ જગ આધાર ॥૪॥
દ્વાપર કળીની સંધિમાં, મધુપુરવિષે સુખકંદ ।
વસુદેવથી શ્રીદેવકીમાં, પ્રગટ્યા વ્રજચંદ ॥૫॥
ભાર ઉતાર્યો ભૂતણો, નિજ ભક્તના સુખકાજ ।
મુક્ત કહે અગણિત પરાક્રમ, કીધાં શ્રીમહારાજ ॥૬॥

કડવું ॥૬॥

વળી તેહજ શ્રીકૃષ્ણ કૃપાળજી, કળિકૃત અઘ દેખી વિકરાળજી ।
અસુર અંશ ગુરુ કળિમાં જેહજી, અતિ અધર્મ પ્રવર્તાવે તેહજી ॥૧॥

ઢાળ - અતિ અધર્મિ દેશિકેં, પ્રવર્તાવ્યો અધર્મ ઘોર ।
તેનાં તે મૂળ ઉખાડવા, કરી ઇચ્છા આપ સજોર ॥૨॥
ધર્મને દૃઢ સ્થાપવા, કરવા તે જન નિષ્કામ ।
ધર્મથી ભક્તિ વિષે, પ્રગટ્યા તે શ્રીઘનશ્યામ ॥૩॥
કોશલ દેશમાં અવતર્યા, હરિકૃષ્ણ જેહનું નામ ।
અનંત પતિત ઉદ્ધારવા, પ્રવર્ત્યા તે કરુણાધામ ॥૪॥
ધર્મ ભક્તિ કૃષ્ણનાં, શુભ જન્મ કર્મ છે જેહ ।
તેને સંક્ષેપે કરીને કહું, સુણતાં ટળે સંદેહ ॥૫॥
ધર્મકુળ આશ્રિત સદા, એવા અચલ હરિના દાસ ।
કહે મુક્ત તેને આનંદકારી, કરું તે ગ્રંથ પ્રકાશ ॥૬॥

કડવું ॥૭॥

ભરતખંડ મધ્ય અતિ વિખ્યાતજી, નરનારાયણ મુનિ સાક્ષાતજી ।
તેનું સ્થાનક અતિ અભિરામજી, બદરિકાશ્રમ જેહનું નામજી ॥૧॥
ઢાળ - બદરિવન શુભ નામ છે, અતિશે અલૌકિક એહ ।
તિહાં જે મુનિગણ સિદ્ધ સર્વે, ચિરંજીવી તેહ ॥૨॥
હિમગિરિ શોભે ઘણો, તે આશ્રમને ચહુ પાસ ।
રજત કોટ સમાન સુંદર, કરે તે અધિક પ્રકાશ ॥૩॥
નિર્ઝરણાં હિમવાનનાં, વહે આશ્રમ પાસ અપાર ।
સુરસરિતા આશ્રમ સમીપે, વહે તે પરમ ઉદાર ॥૪॥
આશ્રમની બહુ કોર શોભે, વૃક્ષ વિવિધ પ્રકાર ।
કદલી અંબ કદમ દાડમ, નમી રહ્યાં ફલભાર ॥૫॥
નાલીકેલ ખજૂર દ્રાક્ષા, બદરી ફનસ અનંત ।
મુક્ત કહે એ આદિ તરુનો, કહેતાં ન આવે અંત ॥૬॥

કડવું ॥૮॥

નવ પલ્લવ ફલ ફુલ પ્રકાશજી, એવાં તરું રહે બારે માસજી ।
પુષ્પ વૃક્ષ તિહાં વિવિધ પ્રકારજી, ચંપક બકુલ હારસિંઘારજી ॥૧॥
ઢાળ- હાર સિંઘાર ને સ્થલકમલ, બહુ મલ્લિકાનાં વૃંદ ।
જાય ચમેલી કેતકી, નિરખતાં થાય આનંદ ॥૨॥

તે બદરીવનને વિષે, ખગ મૃગ વૃંદ અપાર ।
તજી પરસ્પર વેરને, સૌ રાખે પ્રભુસંગ પ્યાર ॥૩॥
તે આશ્રમમાં કળીતણો, ક્યારે લેશ પ્રવેશ ન થાય ।
સાવર્ણિ મનુ આદિ મુનિગણ, અખંડ હરિગુણ ગાય ॥૪॥
આશ્રમ મધ્ય ઉંચી ઘણી, બદરી વિશાલા નામ ।
હરિસેવાહિત તરુ થયું, એ છે કેવલ અક્ષરધામ ॥૫॥
દર્શને દુષ્કૃત ટળે, સ્પરશે બળે મહાપાપ ।
મુક્તાનંદ કહે વિશાલાનો, એવો પ્રબળ પ્રતાપ ॥૬॥

પદ ॥૨॥ (રાગ વેરાવલ)

નરનારાયણ દેવનો, આશ્રમ સુખકારી ।
ત્યાં રહે અગણિત મહામુનિ, નૈષ્ઠિક બ્રહ્મચારી ॥નર૦॥૧॥
તે મુનિ વેદધ્વનિ કરે, અતિશે મુદ આણી ।
છાઈ રહી આશ્રમવિષે, એ વિપ્રની વાણી ॥નર૦॥૨॥
જે આશ્રમમાં આવીને, સુરપતિ બલશાળી ।
વૃત્રાસુરના વધતણી, બ્રહ્મહત્યા ટાળી ॥નર૦॥૩॥
શ્રીહરિની આજ્ઞા થકી, ઉદ્ધવ બડભાગી ।
એ આશ્રમમાં રહે સદા, પ્રભુપદ અનુરાગી ॥નર૦॥૪॥
જે આશ્રમના વાસી તે, કામાદિક જીતે ।
મુક્તાનંદના નાથને સેવે અતિ પ્રીતે ॥નર૦॥૫॥

કડવું ॥૯॥

તે આશ્રમને વિષે એક વારજી, આવ્યા મુનિવર અનંત અપારજી ।
પ્રભુનાં દરશન કરવા કાજજી, પ્રેમભર્યા સર્વે મુનિરાજજી ॥૧॥
ટાળ - પ્રેમભર્યા સર્વે મુનિ, મરીચિ અત્રિ અને ઉદાર ।
ભરદ્વાજ વસિષ્ઠ કશ્યપ, ગૌતમ ગુણભંડાર ॥૨॥
ઉદ્દાલક ભૃગુ અંગિરા, ઋષ્યશૃંગ વિશ્વામિત્ર ।
પરાશર એકત મુનિ, વાલ્મિક પરમ પવિત્ર ॥૩॥
કર્દમ માંડવ્ય પાણિની, વળી અષ્ટાવક્ર અનૂપ ।
યાજ્ઞવલ્ક્ય ને શ્વેતકેતુ, કૃષ્ણમાં તદ્રૂપ ॥૪॥

વામદેવ ને ગર્ગ શક્તિ, દેવગુરુ ગંભીર ।
શંખ લિખિત ને નારદ શુક, મુનિ કુશિક પર્વત ધીર ॥૫॥
ઇત્યાદિક મુનિવૃંદ અગણિત, સૌ નિજ શિષ્ય સમેત ।
મુક્ત કહે હરિદર્શને, આવિયા કરી બહુ હેત ॥૬॥

કડવું ॥૧૦॥

મુનિવર આવ્યા આશ્રમ પાસજી, દૂરથી દીઠા શ્રીઅવિનાશજી ।
બદરી વૃક્ષ તળે બેઉ ભાઈજી, કરે કઠણ તપ જન સુખદાઈજી ॥૧॥
ટાળ - કઠણ તપ અતિશે કરે, નરનારાયણ ઋષિરૂપ ।
દૃઢ નૈષ્ઠિકવ્રત ધરી રહ્યા, સૌથી તે પરમ અનૂપ ॥૨॥
શુક સનકાદિક મહામુનિ, તેહના પણ ગુરુદેવ ।
બ્રહ્મરૂપ અગણિત મુનિ, કરે ચરણરજ સેવ ॥૩॥
આને દર્શન થાવો મારું, એમ ઇચ્છે નરભ્રાત ।
તેજ હરિજન વિશાલા તળે, હરિ નિરખે સાક્ષાત ॥૪॥
અતિ નિવૃત્તિ ધર્મને, ધારી રહ્યા બેઉં ભાઈ ।
બ્રહ્માદિક સુરવૃંદ જેહની, જાણે અતિ પ્રભુતાઈ ॥૫॥
ભરતખંડના મનુષ્યને, જે સદા સુખદાતાર ।
મુક્તાનંદ કહે મહાપ્રભુ, એ અખિલ જગ આધાર ॥૬॥

કડવું ॥૧૧॥

નવ નીરદ સમ શ્યામ શરીરજી, ઉભય બંધુ શુભ ગુણ ગંભીરજી ।
સુભગ[1] [2]આજાનુબાહુ છબિધામજી, વદનચંદ્ર જોઈ લાજે કામજી ॥૧॥
ટાળ - પૂરણ શશિ સમ વદન જોતાં, મદન વિસ્મય થાય ।
નેત્ર નૂતન કમલ દલ સમ, શોભા કહી નવ જાય ॥૨॥
કનક વર્ણ જટાવિષે, પુષ્પના તોરા જેહ ।
ઉદ્ધવ આદિ ધરાવિયા, અતિશેજ શોભે એહ ॥૩॥
હસતાં શોભે દંતપંક્તિ, કુંદકળી અનુસાર ।
દીપશિખા સમ નાસિકા, તેની શોભાનો નહિ પાર ॥૪॥
વક્ષઃસ્થલ શ્રીસદન છે, તિહાં શોભે પંકજ દામ ।

૧ સુભગ - ભાગ્યશાળી ૨ આજાનુબાહુ - ઢીંચણ સુધી લાંબી ભુજાવાળા

ઉદર ત્રિવળી સમેત નાભી, ઉંડી અતિ અભિરામ ॥૫॥
ધાર્યાં છે ઉપવીત કંઠમાં, કર દંડ ને જપમાળ ।
મુક્ત કહે મુનિસમ સદા, વર્તે છે જનપ્રતિપાળ ॥૬॥

કડવું ॥૧૨॥

સુંદર શ્વેત વસ્ત્ર છબિધામજી, ધારી રહ્યા બેઉ પૂરણકામજી ।
એવા તે નરનારાયણ દેવજી, મુનિ નિર્ખિ નમિયા તતખેવજી ॥૧॥
ટાળ - નમ્યા અતિશે પ્રેમશું, મરીચ્યાદિક મુનિનાં વૃંદ ।
નરનારાયણ દેવ નિર્ખિ, વધ્યો અતિ આનંદ ॥૨॥
નરનારાયણ દેવને, પૂજીયા કરી બહુ પ્યાર ।
પ્રેમે ઉતારી આરતી, કર્યું સ્તવન વિવિધ પ્રકાર ॥૩॥
પછી સર્વ આનંદથી, આવી બેઠાં તે ઋષીનાં વૃંદ ।
તે પ્રત્યે નારાયણ બોલ્યા, દયાનિધિ સુખકંદ ॥૪॥
ઋષિમંડળ સર્વે મળી, આંઇ આવ્યા ભલે તમે આજ ।
હું અતિ મનમાં રીઝિયો, જોઇ મુનિવર સકળ સમાજ ॥૫॥
તમે અનેક જીવ ઉદ્ધારવા, ફરો સર્વે લોકમોઝાર ।
મુક્તાનંદનો નાથ બોલ્યા, કરુણાના ભંડાર ॥૬॥

પદ ॥૩॥ (રાગ-ગરબી)

તે કારણ હું તમનેરે પુછું, હેત કરીને ગાથ રે ।
કહોને તમે આજ ક્યાંથકી આવ્યા, સર્વે ઋષીનો સાથ રે ॥૧॥
સ્વર્ગથી કે પાતાલથી આવ્યા, કે ભૂલોકથી ધીર રે ।
કેઇ કોરથી સર્વે તમે આવ્યા, મુનિવર જ્ઞાનગંભીર રે ॥૨॥
ત્યારે ઋષી સર્વે શ્રીહરિ સનમુખ, બોલ્યા તે જોડીને હાથ રે ।
જે દિશથી આવ્યા જગજીવન, તે કહીએ સુણો નાથ રે ॥૩॥
તીર્થયાત્રા કરતા કરતા, નાથ તમે મન ભાવ્યા રે ।
શ્યામ તમારાં દરશન કારણ, ભરતખંડથકી આવ્યા રે ॥૪॥
બોલ્યા કરી નારાયણ ઋષી પ્રત્યે, રીઝીને રુડી રીતે રે ।
કમળ સરિખાં નેત્ર અલૌકિક, પ્રફુલિત થયાં છે પ્રીતેરે ॥૫॥
ભરતખંડની સર્વ પ્રજા મળી, વર્ત્તે છે શું લઇ હેતુ રે ।

મારા કીધેલ અચળ અલૌકિક, પાળેછે ધર્મના સેતુ રે ॥૬॥
જે રે પ્રજા કારણ હું નિશદિન, તપ કરું તતપર થાઈ રે ।
તે મારા તપનું ફળ થાય છે, સર્વેને સુખદાઈ રે ॥૭॥
ત્યારે વળી ઋષિવર સર્વે બોલ્યા, હર્ષ ધરી મનમાંય રે ।
હમણાં આ પૃથવીનેરે ઉપર, સર્વ પ્રજા પીડાય રે ॥૮॥
કળિયુગ બળનો સહાય કરીને, સ્થિર થઈને થડ જામ્યો રે ।
પોતાના પરિવારે સોતો, અધર્મ વૃધ્ધિ પામ્યો રે ॥૯॥
રાજા અને ગુરુ ધર્મના રક્ષક, તે પણ અધર્મ રાખે રે ।
મુક્તાનંદના નાથજી એને, કુણ ટાળે તમ પાખે રે ॥૧૦॥

કડવું ॥૧૩॥

તમે બાંધી જે ધર્મની પાળજી, તેને ભેદે છે તતકાળજી ।
માટે પંચ મહાપાપ કઠોરજી, તેને મનુષ્ય કરે છે નિશ ભોરજી ॥૧॥
ટાળ - નિશિભોર[૧] મહાપાપ સેવે, વિષયમાં લોભી રહ્યા ।
સદાચારે રહિત સર્વે, દોષ નવ જાએ કહ્યા ॥૨॥
પૃથ્વીમાં વિસ્તાર પામ્યો, અધર્મ કેરો ઠાટ[૨] ।
તે માટે પ્રભુ જમપુરિની, બહુ ચાલે છે વાટ ॥૩॥
નર નારી ચાલે નરકમાં, સર્વે પાપી ભેળાં હોય ।
હવે એની રક્ષા કરનારો, જગમાં ન મળે કોય ॥૪॥
ભૂતળમાંઇ ભરતખંડના, તમે છો નાથ દયાળ ।
તે માટે એ પ્રજા કેરી, કરો રક્ષા તતકાળ ॥૫॥
એવાં આર્ત વચન ઋષીનાં, સાંભળ્યાં તતકાળ ।
મુક્તાનંદના નાથને ઉર, ઉપની દયા વિશાળ ॥૬॥

કડવું ॥૧૪॥

એવા કરુણા કેરા ભંડારજી, લઈને પૃથ્વીમાં અવતારજી ।
એની રક્ષા કરવાને કાજજી, કીધી ઈચ્છા તે શ્રીમહારાજજી ॥૧॥
ટાળ - મહારાજશ્રી ઈચ્છા કરી, એની રક્ષા કાજ સહેત[૩] ।
તે સમયમાં ધર્મ આવ્યા, મૂર્તિ નારી સમેત ॥૨॥

૧ નિશિભોર - રાત દિવસ, ૨ ઠાટ - વૈભવ, ૩ સહેત - હેત સહિત

નારાયણનાં દરશન કારણ, અંતર કરી અતિ પ્યાર ।
ઋષીને ગયા સાંભળી પોતે, આવ્યા પરમ ઉદાર ॥૩॥
નારાયણનાં કરી દર્શન, અતિ રાજી થયા ધર્મદેવ ।
નારાયણ પણ ધર્મને જોઈ, ઉઠિયા તતખેવ ॥૪॥
મળી પોતાના તાતને, પડ્યા પગમાં નામી શીશ ।
અતિ ઘણો આદર કર્યો, કરુણાનિધિ જગદીશ ॥૫॥
નરપણ નમિયા એજ રીતે, બોલ્યા વાણી મધુરે સાદ ।
પછી મુક્તાનંદના નાથને, દીધો ધર્મે આશીર્વાદ ॥૬॥

કડવું ॥૧૫॥

પછી મૂર્તિ પોતાની માતજી, તેને નમિયા તે બેઉ ભ્રાતજી ।
માતાએ દીધી અતિ આશિષજી, દીધાં આસન લોક અધીશજી ॥૧॥
ઢાળ-લોક અધીશે પ્રેમે પૂછી, ધર્મને કુશલાત ।
પછી કહ્યો મુનિમુખ સુણ્યો ભૂપર, અધર્મનો ઉતપાત ॥૨॥
યથાયોગ્ય કહેતા હવા, તેને ઋષી પણ સુણે સહ પ્રીત ।
નારાયણ મુખવાતે લોભ્યાં, ધર્માદિકનાં ચિત્ત ॥૩॥
જેમ સમાધિમાં મનવૃત્તિઓ, એકાગ્ર સ્થિર થાય ।
તેમ શ્રીહરિ મુખ વારતામાં, નેત્ર ચિત્ત રુંધાય ॥૪॥
નારાયણ પણ વાત કહ્યામાં, થયા એકાગ્ર હુલાસ ।
ત્યાં કૈલાસથી પોતે પ્રેર્યા, આવ્યા ઋષિ દુર્વાસ ॥૫॥
મુનિમાં બેઠા નરનારાયણ, મૂર્તિ ધર્મ ઋષીવૃંદ ।
મુક્ત કહે વળી ઉદ્ધવજીને, જોયા ઋષિ સ્વચ્છંદ ॥૬॥

કડવું ॥૧૬॥

થયા સૌ એકરસ વાર્તા માંયજી, ઋષી દુરવાસા દીઠા નાંયજી ।
રહ્યા ઘડી ઉભા તપવાનજી, તોપણ નવ પામ્યા સનમાનજી ॥૧॥
ઢાળ-પામ્યા નહિ સનમાન પ્રીતે, રહ્યા સભાસદને જોય ।
જાણ્યું મારું અપમાન કર્યું સર્વે, તે વિના એમ ન હોય ॥૨॥
ત્યારે નયન તુરત રાતાં થયાં, તન કંપે ક્રોધે વ્યાપ ।
ઉંચા હાથ કરીને સહુને, બોલ્યા તે દેતા શાપ ॥૩॥

આ જોને થયું અતિ અવળું, મન જોઈને મુંઝાય ।
સત્ય માર્ગ પ્રવર્તાવણહારા, કૃત્સિત મારગ જાય ॥૪॥
ઋષિમંડળ વિદ્યાને મદે, તેણે મારું કર્યું અપમાન ।
ધર્મદેવ પણ મને જોઈને, વર્ત્યા પાપ સમાન ॥૫॥
માટે હું સઉનો દર્પ ઉતારીશ, ફરી એવું ન કરે કોય ।
મુક્તાનંદ કહે શાપ દીધો, ધર્માદિકને જોય ॥૬॥

પદ ॥૪॥ (રાગ માલિંગાડો)

ધર્માદિકને કહે દુર્વાસા, ધરો મનુષ્યના દેહ રે ।
અસુર કળી અધર્મના વિંટ્યા, ત્યાં દુઃખ ઘો ઘણું તેહ રે ॥ધર્મા૦॥૧॥
અસુરથી દુઃખ અવજ્ઞાને પામો, મારી અવજ્ઞાના કરનાર રે ।
દુરવાસા એમ શાપ દઈને,મૌન રહ્યા તે વાર રે ॥ધર્મા૦॥૨॥
ઉંચો શબ્દો દુરવાસા કેરો, બહુ ક્રોધિલો બળિયો રે ।
નારાયણ ઋષિ ધર્મને ઉદ્ધવ, સર્વે મળી સાંભળિયો રે ॥ધર્મા૦॥૩॥
ઉઠ્યા સૌ દુરવાસાને દીઠા, વળી ચરણે લાગ્યા જાય રે ।
કર જોડી પ્રારથના કીધી, તોપણ શાંતિ ન થાયરે ॥ધર્મા૦॥૪॥
બોલ્યા ધર્મ દીન થઈ વાણી, મેલીને સહજ સમાધિ રે ।
દંડ ઘટે અપરાધિને ઉપર, પણ અમે નથી અપરાધિરે ॥ધર્મા૦॥૫॥
જાણીને કે કપટ કરીને, કીધો નહિ અપરાધ રે ।
ચિત્ત સૌનાં હરિવાતમાં ચોંટ્યાં, નો'તી તનની સાધ રે ॥ધર્મા૦॥૬॥
તમે આવ્યા તે અમે ન જાણ્યા, મહાતમ સર્વે બૂઝુરે ।
તમ અર્થે હું સર્વસ્વ ત્યાગું, તો તમને કેમ ન પૂજું રે ॥ધર્મા૦॥૭॥
પરવશપણે તમારો કીધો, મુનિ અનાદર આવો રે ।
એ અપરાધને સહન કરીને, શાપથકી મૂકાવો રે ॥ધર્મા૦॥૮॥
વિપ્રહૃદય નવનીત સરીખું, કોમલ સહજે હોય રે ।
કપટરહિત એવાં વચન ધર્મનાં, સાંભળિયાં ચિત્ત માંય રે ॥ધર્મા૦॥૯॥
દુરવાસાનો વેગ ક્રોધનો, કાંઈક થયો છે શાંત રે ।
ત્યારે તે ઋષી બોલ્યા ધર્મ પ્રત્યે, મેલીને મનની ભ્રાંત[1] રે ॥ધર્મા૦॥૧૦॥
મુનિ કહે નહી મારી રીશ થોડી, હું કોઈનો ન મેટું શાપ રે ।

૧ ભ્રાંત - ભ્રાંતિ - અવળો ખ્યાલ

INDEX

પુણ્યમૂર્તિ તમ પાસે ચિત્ત મારું, કાંઇક થયું નિષ્પાપ રે ॥ધર્મા૦॥૧૧॥
એ ભગવાનની ઇચ્છા જાણો, સાચી કહું સમ ખાય રે ।
માટે મારો શાપ જે તમને, નિષ્ફલ કદી ન થાય રે ॥ધર્મા૦॥૧૨॥
તમને હું અનુગ્રહ[1] કરી કહું છું, ધરશો મનુષ્યનો દેહ રે ।
ત્યાં પણ મૂર્તિ તમારી પત્ની, થાશે નહી સંદેહ રે ॥ધર્મા૦॥૧૩॥
આ નારાયણ ઋષી તમારા, પુત્ર થાશે ધર્મદેવ રે ।
તમને ને મુનિને અસુરનાં દુઃખથી, રાખી લેશે તતખેવ રે ॥ધર્મા૦॥૧૪॥
વળી તમારું ભરણ ને પોષણ, કરશે તે વારમવાર રે ।
પુત્રરુપી ઋષિ ભગવાનમાં તમને, થાશે અતિશય પ્યાર રે ॥ધર્મા૦॥૧૫॥
સ્નેહથી ચિત્તનો નિરોધ થાશે, થોડાક કાળમાં ભારી રે ।
મારા શાપથી મુકાઈને તમે, દિવ્યગતિ પામશો સારી રે ॥ધર્મા૦॥૧૬॥
હે ઉદ્ધવ મુનિયો તમે ધરશો, મનુષ્ય દ્વિજાતી દેહ રે ।
થાશે સખા ભગવાન તમારા, પામશો દિવ્યગતિ તેહ રે ॥ધર્મા૦॥૧૭॥
એમ કહી મુનિ કૈલાસમાં પોતા, તજી સર્વ મનનો રોષ રે ।
ધર્માદિક મુનિમંડળ સૌને, શાપ થયો વિના દોષ રે ॥ધર્મા૦॥૧૮॥
નહીં વાર્યા ઠપકો નવ દીધો, દુરવાસાને કાંય રે ।
એ ઇચ્છા નારાયણ કેરી, એમ સમજો મનમાંય રે ॥ધર્મા૦॥૧૯॥
પછી ધર્મે કહ્યું નારાયણને, જોડીને બેઉ હાથ રે ।
અધર્મ અસુરથી રક્ષા કરજો, મુક્તાનંદના નાથ રે ॥ધર્મા૦॥૨૦॥

કડવું ॥૧૭॥

પછી બોલ્યા નારાયણ વાણજી, તમે સાંભળો ધર્મ સુજાણજી ।
મારી ઇચ્છાએ થયો છે શાપજી, પૃથ્વીમાં વધ્યું છે અતિ પાપજી ॥૧॥
ટાળ - પાપ વધ્યું પૃથ્વીવિષે, તેણે સાધુ અતિ પીડાય ।
તમારો સુત હરિ નામે થઈ, મેટીશ સર્વ બલાય ॥૨॥
સાધુજનની અધિક રક્ષા, કરીશ હું વારમવાર ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતી, ભક્તિ કરીશ વિસ્તાર ॥૩॥
વળી હું તમ ભેળોજ વિચરીશ, માટે ચિંતા તજો તમે તાત ।
જ્યાં ઇચ્છા હોય ત્યાં દ્વિજ જાતિમાં, દેહ ધરો સાક્ષાત ॥૪॥

૧ અનુગ્રહ - કૃપા

ધર્માદિકે ભગવાનને કીધાં, વંદન કરી અતિ પ્રીત ।
આપ આપને આસને ગયા, ધરવા દેહ મનુષ્યની રીત ॥૫॥
ધર્માદિકને દેહ ધર્યાનું, કારણ નહિ ઋષી શાપ ।
મુક્તાનંદના નાથની ઈચ્છા, કરશે લીલા આપ ॥૬॥

કડવું ॥૧૮॥

ધર્મ ભક્તિ ઋષિવૃંદ અપારજી, હરિપ્રિય ઉદ્ધવ પરમ ઉદારજી ।
દેશદેશમાં મનુષ્યદેહજી, ધરવા ઈચ્છે દ્વિજકુલ તેહજી ॥૧॥
ટાળ - ધર્માદિક દ્વિજકુલ વિષે, જનમ્યાની કીધી આશ ।
તેજ સમે સઉ અસુરને ઉર, વાધ્યો ક્રોધ ને ત્રાસ ॥૨॥
અસુર રાક્ષસ દૈત્યને, હણ્યા પ્રથમ શ્રીભગવાન ।
તે વૈર લેવા થયા તતપર, અસુર ધરી અભિમાન ॥૩॥
ધર્માદિક મુનિવૃંદને, થયો દુરવાસાનો શાપ ।
તે જાણીને અસુર અગણિત, પ્રગટિયા મહાપાપ ॥૪॥
કોઈક ગુરુરુપે થયા, કોઈ થયા રાજારુપ ।
ધર્મ ભક્તિ સંત જનને, દુઃખ દાયક ખલ ભૂપ ॥૫॥
ધર્માદિક શ્રીકૃષ્ણનાં, જાણીને મૂળ વિશાળ ।
મુક્ત કહે તે ટાળવાને, મંડ્યા અસુર વિકરાળ ॥૬॥

કડવું ॥૧૯॥

ગુરુરુપે હવા દાનવ જેહજી, શિવ શક્તિના ભક્ત થયા તેહજી ।
કેટલાક વૈષ્ણવી દીક્ષાધારિજી, ગુરુ થઈ બોલ્યાં બહુ નરનારીજી ॥૧॥
ટાળ - ગુરુ થઈ નરનારિને, આપે અસત ઉપદેશ ।
ધર્મથી કરે ભ્રષ્ટ સઉને, તેનો ત્રાસ ન લેશ ॥૨॥
ભવતારણ શ્રીકૃષ્ણની, ભક્તિથી પાડે એહ ।
અતિ પાખંડે કરી પાપિયો, પોષે સદા નિજ દેહ ॥૩॥
હિંસ્ર યજ્ઞ કરાવીને, મારે તે જીવ અપાર ।
જંત્ર મંત્રને કૃત્યા સાધી, વશ કર્યો સંસાર ॥૪॥
મદ્ય માંસને ખાઈને, કરે પરત્રિયાનો સંગ ।
એમ વેદધર્મ ઉચ્છેદવા, પ્રવર્તાવે પાપ અભંગ ॥૫॥

INDEX

રાજા પણ તે ગુરુતણા, થયા શિષ્ય હણવા ધર્મ ।
મુક્ત કહે ગુરુ શિષ્ય દાનવ, કરે તે નિંદિત કર્મ ॥૬॥

કડવું ॥૨૦॥

ગુરુ ને શિષ્ય દાનવ અહંકારીજી, નિઃશંક થઈ કરે અધર્મ ભારીજી ।
અતિ નિંદિત કરે કર્મ ગમારજી, સહ્યો રે ન જાય તે ભૂમિથી ભારજી ॥૧॥
ઢાળ - ભૂમિ ભાર ન સહી શકી, કંપે તે વારમવાર ।
ઇંદ્ર પણ કરે અલ્પ વૃષ્ટિ, પડે દુષ્કાળ અપાર ॥૨॥
પછી ધર્મ જેમ પ્રગટિયા, પૂર્વ દેશ મોઝાર ।
તેજ પ્રસંગને વર્ણવું, સૂણી થાય સૌ ભવપાર ॥૩॥
રૈકહટ નામે પૂર વિષે, રહે સરવરિયા દ્વિજ ધીર ।
બાલકરામ એ નામ છે, અજ અંશ ગુણ ગંભીર ॥૪॥
ગોત્ર સાવર્ણિ તેહનું છે, પ્રવર[1] ત્રણ ઉદાર ।
ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, એજ કુલ શણગાર ॥૫॥
સામ વેદ તે વિપ્રનો, કૌથમી શાખા જેહ ।
મુક્તાનંદ કહે અટક પાંડે, એવા દ્વિજવર એહ ॥૬॥

પદ ॥૫॥ (રાગ ગરબી)

સ્વધર્મનિષ્ઠ સદા સુવિચારી, પાંડે શ્રી બાલકરામરે ।
શ્રીહરિની સેવામાં તતપર, અગણિત શુભ ગુણધામરે ॥૧॥
કામ ક્રોધ મદ લોભ ને ઈર્ષ્યા, અંતરમાં નહીં લેશરે ।
શુદ્ધ ભાવે સઉનું હિત ઇચ્છે, આપે તે સત્ય ઉપદેશરે ॥૨॥
શ્રીવ્રજચંદ તણી લીલાનું, પ્રેમ સહિત કરે ગાનરે ।
પાંડે બાલકરામ નિરંતર, એમ ભજે ભગવાનરે ॥૩॥
ધર્મદેવ જેહના સુત થાશે, એવા એ વિપ્ર ઉદારરે ।
મુક્તાનંદ કહે તે દ્વિજના, પુણ્ય તણો નહિ પારરે ॥૪॥

કડવું ॥૨૧॥

અધિક જિતેંદ્રિય દ્વિજવર એહજી, વેદ પુરાણ શાસ્ત્રવિત તેહજી ।
ભાર્યા તેહની ભાગ્યવતી નામજી, સતી સાધ્વી મહા શુભગુણધામજી ॥૧॥

---

૧ પ્રવર - કૂળમાં થઈ ગયેલ પુરુષો

ઢાળ - શુભ ગુણધામ તે દ્વિજસતી, તેના સુત થયા વૃષદેવ ।
મધ્યાહ્ન ઉત્તર વિશ્વધારક, પ્રગટિયા તતખેવ ॥૨॥
સંવત સત્તાર ને છનુંવો, પ્રમોદ સંવત્સર જેહ ।
શરદ ઋતુ દક્ષિણાયન ભાનુ, માસ કાર્તિક એહ ॥૩॥
શુક્લ પક્ષ એકાદશી, કુંભ લગ્ન ને બુધ વાર ।
ઉત્તરા નક્ષત્રે પ્રગટ્યા, શ્રીધર્મદેવ ઉદાર ॥૪॥
દેવ બજાવે દુંદુભિ, નભ નાચે સુરત્રિયવૃંદ ।
ગાંધર્વ લાગ્યા ગાવવા, સૌ પામ્યા અતિ આનંદ ॥૫॥
સુર કુસુમ વૃષ્ટિ કરે, દ્વિજ કરે વેદ ઉચ્ચાર ।
મુક્તાનંદ ત્રિભુવન વિષે, એમ વધ્યો હર્ષ અપાર ॥૬॥

કડવું ॥૨૨॥

ભૂમિ વિષે વધ્યો આનંદ ભારીજી, પુર ને ગ્રામ થયાં મંગળકારીજી ।
યાજ્ઞિક દ્વિજના અગ્નિ જેહજી, ધૂમરહિત થયા પ્રજ્વલિત તેહજી ॥૧॥
ઢાળ - ધૂમરહિત પ્રજ્વલિત થયા, અગ્નિ તે શુદ્ધ સ્વરૂપ ।
ચિત્ત પણ સતપુરુષનાં, થયાં અધિક શાંત અનૂપ ॥૨॥
કૂપ સર સરિતાતણાં, થયાં અધિક નિર્મલ નીર ।
આકાશ અતિ નિર્મલ થયો, વહે સુખદ ત્રિવિધ સમીર ॥૩॥
સિદ્ધ જય ધ્વનિ ઉચ્ચરે, ઋષી આપે આશીર્વાદ ।
વાજિંત્ર વાજે અતિ ઘણા, તેનો થાય સુખપ્રદ નાદ ॥૪॥
સ્નાનાદિક વિધિ આચરી, સુતનું જે જાતક કર્મ ।
મહાવિપ્ર પાસ કરાવિયું, જાણી યથાવિધિ મર્મ ॥૫॥
વિપ્રવૃંદને પ્રેમસું, આપિયાં બહુવિધ દાન ।
મુક્તાનંદ એમ સર્વનું, કીધું અતિ સનમાન ॥૬॥

કડવું ॥૨૩॥

સજલ જલદ સમ શ્યામ શરીરજી, ભુજ પ્રલંબ અતિ ગુણ ગંભીરજી ।
શ્યામ સ્વરૂપ પણ કાંતિધામજી, ગુણ જાણી ધર્યું દેવશર્મા નામજી ॥૧॥
ઢાળ - દેવશર્મા નામ ધરિયું, જોઈ અતિ મનોહર રૂપ ।
માત પિતાના મન વિષે, આનંદ વધ્યો અનૂપ ॥૨॥

માત પિતા પોષણ કરે, બધે બાલચંદ્ર સમાન ।
પછી આપ્યું ઉપવીત પુત્રને, દ્વિજવરે વેદ વિધાન ॥૩॥
ધર્મ ઉપવીત પામીને, ભણ્યા વેદવિદ્યા સાર ।
બાર વરસ લગી રાખિયું, બ્રહ્મચર્ય વ્રત ઉદાર ॥૪॥
અલ્પ કાળમાં ભણી રહ્યા, ઈતિહાસ વેદ પુરાણ ।
તેણે અતિ પ્રતાપી જાણિયા, એવા ધર્મ પરમ સુજાણ ॥૫॥
પછી તે ગુણવત ભામિની, વરવાને ઈચ્છયા એહ ।
મુક્તાનંદ કહે કહુ કથા, સંક્ષેપથી કરી તેહ ॥૬॥

કડવું ॥૨૪॥

કોશલ દેશ વિષે અભિરામજી, સરિતા એક મનોરમા નામજી ।
તિહાં મખોડાં તીર્થ ઉદારજી, યાત્રાએ આવે લોક અપારજી ॥૧॥
ઢાળ - યાત્રાએ આવે લોક સૌ, કરી સ્નાન નિર્મલ થાય ।
એ છે અવધથી ઉત્તર દિશે, મહિમા કહ્યો નવ જાય ॥૨॥
તેથી ઉત્તર દિશ વિષે, અતિ ઉત્તમ છપૈયા ગામ ।
તેમાં વસે એક વિપ્રવર, કાલુ ત્રવાડી નામ ॥૩॥
ભવાની તેહની ભામિની, દંપતી શુદ્ધ હરિદાસ ।
તેહનાં સુતા ભક્તિ થયાં, જેથી ટળે ભવના ત્રાસ ॥૪॥
સંવત સત્તાર અઠાંણુંએ, કાર્તિકી પૂનેમ બુધવાર ।
નક્ષત્ર કૃતિકા સાયંકાળે, પ્રગટી કુંવરી ઉદાર ॥૫॥
દેવ બજાવે દુંદુભિ, વરત્યો તે જયજયકાર ।
મુક્તાનંદ કહે દશ દિશામાં, આનંદ વધ્યો અપાર ॥૬॥

પદ ॥૬॥ (રાગ ધોળ)

પોતે ભક્તિ પ્રગટ થયાં ભૂમિમાં, તેનો ત્રિભુવનમાં ન સમાય આનંદ ॥ ભક્તિ૦ ॥
મુનિશાપે કરીને માનવ થયાં, સૌના કાપવારે દારુણ ભવફંદ ॥ ભક્તિ૦ ॥૧॥
તે દિનથી મનુષ્ય શુદ્ધમન થયા, સૌને વાધીરે શ્રીકૃષ્ણસુપ્રીત ॥ ભક્તિ૦ ॥
હરિની શ્રવણાદિક ભક્તિ વિષે, નર ત્રિયનાંરે ચોટ્યાં દૃઢ ચિત્ત ॥ ભક્તિ૦ ॥ ॥૨॥
શ્રી કૃષ્ણનાં મંદિર જ્યાં હતાં, તિહાં આનંદેરે થયા ઉત્સવ સાર ॥ ભક્તિ૦ ॥
સિદ્ધ ચારણ ગાંધર્વ ગાય છે, નાચે નભમાંરે સુરનારી અપાર ॥ ભક્તિ૦ ॥ ૩॥

થયા ઉત્સવ ચૌદે લોકમાં, દેવી જનનેરે મનમોદ[1] ન માય ॥ ભક્તિ૦॥
સર્વે વિપ્રત્રિયા ટોળે મળી, દીએ આશિષરે પ્રેમે મંગળ ગાય ॥ભક્તિ૦॥૪॥
એવો પ્રબળ પ્રતાપ દેખાડતાં, ધર્યો દ્વિજ કુળરે માનવ અવતાર ॥ભક્તિ૦॥
મુક્તાનંદ કહે ભક્તિમાતના, પદરજને રે વંદુ વારમવાર ॥ભક્તિ૦॥૫॥

કડવું ॥૨૫॥

મંત્રસહિત તેના સંસ્કારજી, પિતાએ કરાવ્યા કરી બહુ પ્યારજી ।
વિપ્રવૃંદનું કરી સનમાનજી, શાસ્ત્રવિધે આપ્યાં બહુ દાનજી ॥૧॥
ટાળ- યથાવિધિ બહુ દાન પામી, રીઝ્યા દ્વિજ ગુણધામ ।
જોઈ જન્મ અક્ષર જ્યોતિષી, ધરિયું તે બાલા નામ ॥૨॥
તે દિનથી તે વિપ્રના, ઘરમાં વધ્યો સુખસાજ ।
તોપણ દ્વિજ નિષ્કામ થઈને, ભજે શ્રીમહારાજ ॥૩॥
ભક્તિ શિશુચરિત્રે કરી, ઢાંક્યું પોતાનું જ્ઞાન ।
ચંદ્રકલા સમ નિત્ય વધે, પ્રેમે ભજે શ્રીભગવાન ॥૪॥
રૂપ ગુણ લક્ષણે કરી, શ્રીકપિલ પ્રભુનાં માત ।
દેવહૂતિસમ થયાં, જશ વાધ્યો અતિ વિખ્યાત ॥૫॥
બાળપણાથી દૃઢ થયો, શ્રીકૃષ્ણસંગ અનુરાગ ।
મુક્તાનંદ કહે કૃષ્ણભક્તિ, કરે સદા બડભાગ ॥૬॥

કડવું ॥૨૬॥

કૃષ્ણભક્તિમાં પ્રેમ અપારજી, એવાં બાલા પરમ ઉદારજી ।
તેને તે દેખી નર ત્રિય વૃંદજી, ભક્તિ નામ ધરિયું સુખકંદજી ॥૧॥
ટાળ-ભક્તિ એ નામે કરી, સૌ બોલાવે સંસાર ।
નિજ ગુણે થયું નામ સુંદર, એવો પ્રભુ સંગ પ્યાર ॥૨॥
એ નિજ કન્યા યોગ્ય વર, શ્રીધર્મ અતિ શુભ નામ ।
તે નિજ ઘર તેડાવિયા, કરવા તે ઉત્તમ કામ ॥૩॥
ધર્મદેવના તાત જે, પાંડે શ્રીબાલક રામ ।
આવિયા બહુ જાન લઈને, વેદ વિદ્યા ધામ ॥૪॥
ભક્તિ નામે નિજ સુતા, તેને વેદ વચન પ્રમાણ ।

માન હરન વ્રજનારિકો, હરિ ભયે અંતરધાન. ૨

પદ ૧૩ (ચાલ પ્રથમની)

અનિહારે - અંતરધાન ભયેહેં મુરારી, મણિ વિન ફણી જ્યું વિકળ વ્રજનારી;
અનિહારે - જ્યું ગજ વિન ગજી અકુલાવે, ત્યું પ્રભુ વિન ગોપી દુઃખ પાવે ૧
ટાળ - દુઃખ પાવે કૃષ્ણ વિયોગસેં, ઉનમત્ત ભઈ ગજગામિની;
મન હર્યો શ્રીઘનશ્યામ કૃષ્ણકી, કરત લીલા કામિની ૨
શ્રી હરિકી રાસ વિલાસ લીલા, ઉર વસી વ્રજનારી કું;
તેહિ ધ્યાનસેં કહે કૃષ્ણમેં, ભુલી સો તન સંભારકું ૩
એહી ભાતિ પ્રેમદીવાની વ્રજત્રિય, કૃષ્ણહિત વન વન ફીરે;
કહે દાસ મુક્તાનંદ પ્રભુ વિન, પલ ન કોઉ ધીરજ ધરે ૪

પદ ૧૪

અનિહારે - વિરહ વિકળ વ્રજનારી, પુછત સબ તરુકું સકુમારી;

૧ નેંનસેન - આંખના ઈશારા, ૨ વ્રેહવંતી - વિરહવાળી

અનિહારે - વટ પીપર સુખકારી, તુંમ કહું દેખે દયાળુ મુરારી ૧
ઢાળ - તુંમ દેખે કહું નંદલાલ બકુલ, અશોક નાગ પુંનાગ જી;
ચંપક! કહાં બળવીર ગયેરી, બઢાય દેઢ અનુરાગ જી ૨
હે તુલસી! તુંમ શ્રી હરિકું વલ્લભ, દેખે કહું વ્રજચંદરિ;
હે જાય! જૂથી માલતી!, કીન દેખે આનંદકંદરિ ૩
તેહી ભાતિ અંબ કદંબ પનસ, તમાલતરુ જો વિશાલ જી;
કહે દાસ મુક્તાનંદ ગોપી, પુછે તેહી તતકાળ જી ૪

પદ ૧૫

અનિહારે - વનવેલિકું પુછી કેં હારી, પ્રભુ સંગ પ્રેમ મગન વ્રજનારી;
અનિહારે - હરિ ગુન લીલા સંભારી, તેસેહેં કરન લગી સકુમારી ૧
ઢાળ - સકુમારી કૃષ્ણકી કરત લીલા, પૂતના એક હોત જી,
વાકે કૃષ્ણ હોત સો પ્રાન પિબત, છોડ છોડ યું રીત જી ૨
એક શકટ ભઈ વ્રજસુંદરી, અન્ય બની હે બાળમુકુંદ જુ,
તોહ હનિહે પદ કે પ્રહાર સેં, સબ હસત વનિતાવૃંદ જુ ૩
એક બનિહે તૃણાવર્ત કૃષ્ણકું, ગગનસેં સો ઉડારહિ,
કહે દાસ મુક્તાનંદ તિનકું, કૃષ્ણ ભઈ સોઈ મારહિ ૪

પદ ૧૬

અનિહારે - બાળકૃષ્ણ કોઉ બની આવે, ઘુંટુરની ચલત નુપુરકું બજાવે,
અનિહારે - રામકૃષ્ણ બની સખી દોઈ, ગોપ રૂ વછ બની હેં કોઈ કોઈ ૧
ઢાળ - કોઈ બનિ હે બગુલા રૂપ તાહિકું, કૃષ્ણ ભઈ સોઈ મારહિ;
એક ભઈહે વછ સ્વરૂપ તીનકું, કૃષ્ણ ભઈ સો પછારહિ ૨
કોઈ કૃષ્ણકો ચિંતન કરત, નિજદેહ ભુલી ભામિની;
મેં કૃષ્ણ દેખો લલિત ગતિ મમ, યું કહત કોઈ કામિની ૩
એક ઈન્દ્ર હો કરે કોપ વ્રજપર, હરિ હું અન્ય ગિરિ ધરે;
કહે દાસ મુક્તાનંદ, વ્રજત્રિય, કૃષ્ણસમ લીલા કરે ૪

દોહા

વસ્ત્ર કો ગિરિ કર પર ધર્યો, રસિક રાય બની એક;

૧ કારો અહિ - કાલિનાગ

ઓરહુ લીલા કૃષ્ણકી, વ્રજત્રિય કરત અનેક ૧
એક ભઈ કારો અહિ[1], દુજી બની નંદલાલ;
લાતનસેં શિર કુટિકેં, લીલા કીન વિશાલ ૨

પદ ૧૭ (ચાલ બીજી)

અનિહારે - એક ગોપ હો કહત પોકારી, આયો દાવાનળ દુઃખકારી ૧
એક કૃષ્ણ હો નેંન મુદાવે, વાકો તુરત પાન કર જાવે ૨
એક જશોમતી હોય રિસાની, બાંધે દામસેં સારંગપાની ૩
મુક્તાનંદકો નાથ વિહારી; કિનિ બાવરિશિ[1] વ્રજનારી ૪

પદ ૧૮

અનિહારે - તરુ વેલિનકું વ્રજનારી ફિરે, પુછતી સબ સકુમારી ૧
એસે વનવન ઢુંઢત જાઈ, દેખે કૃષ્ણ ચરણ સુખદાઈ ૨
એહેં કૃષ્ણ ચરણ અઘહારી, દેખો સોળ ચિહ્ન સુજયકારી ૩
મુક્તાનંદકો નાથ વિહારી, ચલે એહિ મગ દેવમુરારી ૪

પદ ૧૯

અનિહારે - વ્રજનારી વેગસેં આઈ, ચલિ ચરનકે મગ મુદ પાઈ ૧
હરિ કે ચરન ચિહ્ન સંગ પ્યારી, દેખે પ્રિયકે ચરન દુઃખકારી ૨
તબ સબહિ અધિક અકુલાની, બોલી અતિ આતુર હોય બાની ૩
મુક્તાનંદ કે પ્રભુ સંગ જોઈ; રસ ચોર પ્રવિન હે સોઈ ૪

પદ ૨૦

અનિહારે - ગઈ કૃષ્ણ કે સંગ જો બાળા, વાકો પુણ્ય હે પરમ વિશાળા ૧
વાનેં ઈશ આરાધે હે ભારી, તાતેં વશ ભયે કુંજવિહારી ૨
હુમકું ત્યાગિકે દેવ મુરારી, લિનિ સંગ એકાંત મેં પ્યારી ૩
મુક્તાનંદકો શ્યામ સુજાન, વાકો અધર સુધા કરે પાન ૪

(દોહા)

દેકો સખી શ્રીકૃષ્ણકે, ચરણ રેણુ સુખરૂપ,
ભવ બ્રહ્મા શ્રી અઘ ટરન, નિજ શિર ધરત અનૂપ. ૧

---

૧ બાવરિશિ - ગાંડા જેવી

કૃષ્ણકે ચરણ સમીપ યહ, બેરન ત્રિય પગ જેહૂ,
દેખત છાતી જરત હે, મહાદુઃખ દેતહે તેહૂં ૨

પદ ૨૧ (ચાલ ત્રીજી)

દેખો કૃષ્ણ ચરન સુખકારી રે, ઈહાં ગએ ગિરિધારી;
ચલો વેગસેં સબ વ્રજનારી રે .. ટેક૦
એહિ ઠોર લીયે કુસુમ પ્યારિ હિત, આગે ચરન ઉઠાઈ રે;
એહિ સ્થલ કૃષ્ણ કામી ત્રિય વેની, ગુંથીહે અધિક બનાઈ હે ઈહાં ૧
યહિ ઠોર ત્રિય કાંધ ચઢાઈ, કુસુમ લેનહિત કામી રે;
અતિસેં પાઓ ગડે રેતિમહિ, બોજ વહત બહુનામી રે ઈહાં ૨
સો ગોપીકે ચરન કૃષ્ણ સંગ, ઈહાં નહિ ભાસત માઈ રે;
મુક્તાનંદ કે શ્યામ ચતુર વર, પ્રેમસેં કાંધ ચડાઈ રે ઈહાં ૩

પદ ૨૨

પ્રભુ પુરનકામ મુરારી રે, સંગ રાધે પ્યારી;
રસ કેલી[1] કરત સુખકારી રે ટેક૦
આત્મારામ તદપી રાધે સંગ, રમણ કરત ગિરિધારી રે;
કામિનકું અતિ તુચ્છ જનાવત, ત્રિયકી દુષ્ટતા ભારી રે સંગે ૧
શ્રીહરિ સંગ લઈ જો પ્યારી, સો ભઈ અતિ અભિમાની રે;
સબ ગોપિનકું ત્યાગી મોહિ પર, રિઝેહે સબ સુખદાની રે સંગે ૨
સબ ગોપિનસેં અધિક આપકું, માનત રાધે ગોરી રે;
મુક્તાનંદકો નાથ મનોહર, હસત જાની તેહી ભોરી રે સંગે ૩

પદ ૨૩

ભઈ પ્રભુસંગ અતિ અભિમાની રે, કછુ ન જુગત જાની;
બોલી શ્યામ સુંદરસોં બાની રે ટેક૦
અબ મોય કાંધ ચઢાય કે પ્રીતમ, જહાં ઈચ્છા તહાં જાના રે;
સુનત વચન શ્રીહરિ હસી બોલે, આઈયેં પ્યારી સુજાના રે કછુ૦ ૧
કૃષ્ણ કે કાંધ ચઢન લગી ગોપી, અતિશેં હોય અજાના રે;
પુરનકામ શ્યામસુંદર વર, હરિ ભએ અંતરધાના રે કછુ૦ ૨

૧ કેલી - ક્રિડા

INDEX

વનમધ્ય રહીરી એકેલી રાધે; રૂદન કરત અતિ ભારે રે;
મુક્તાનંદ કે નાથકું ખોજત, આઈ સબે વ્રજનારી રે કછુ૦ ૩

પદ ૨૪

મે તો માન કીયો મેરી માઈ રે, અબ સોઈ ફળ પાઈ;
મોકું તજી ગએ કુંવર કનાઈ રે ટેક૦
જ્યું જ્યું માન દીયો મનમોહન, ત્યું ત્યું ભઈ અહંકારી રે,
તેહિ કારણ મોય ત્યાગી રસિકવર, કહીસો વાત વિસ્તારી રે અબ૦૧
યું અપનો સુખદુઃખ ગોપીનકું, દિનોહે સબહી જનાઈ રે;
કૃષ્ણકે ગુન નિજ ઓગુન શોચત, હોવત અતિ અકુલાઈ રે અબ૦૨
કૃષ્ણકું ખોજી હારિ વ્રજનિતા, ફીર જમુનાતટ આઈ રે;
મુક્તાનંદ કે નાથ વિના સબ, શોચન અતિ મુરઝાઈ રે અબ૦૩

દોહા

સબહિ ભાતિ વ્રજસુંદરી, ભઈ હરિસોં એકતાર;
રસિક કૃષ્ણ મન હર લિયો, ભુલી તન સંભાર ૧
વ્રેહવતી વ્રજસુંદરી, અતિશેં હોય અધીર;
સબ હરિગુન ગાવન લગી, જ્યું રીઝત બલવીર ૨
જન્મ કર્મ શ્રીકૃષ્ણકે, વ્રજવનિતા કિયે ગાન;
વિરહ વિકળ વ્રજનારી ઢિગ, આયે શ્રી ભગવાન ૩
પીતાંબર ધર શ્રીહરિ, જબ દેખે ઘનશ્યામ;
ઉઠી ધાઈ વ્રજસુંદરી, ભઈ સબ પૂરન કામ ૪

પદ ૨૫ (ચાલ પ્રથમની)

અનિહારે - વેગસેં દોરી ગોપી સુજાના, માનુ સબ તનમેં આવત ભયે પ્રાના,
અનિહારે - કોઈ કર ચરન ગ્રહ હે ધાઈ, કોઈ હરિમુખ ચુંબત મુદ પાઈ ૧
ઢાળ મુદ પાય કૃષ્ણકે વદનસે, તાંબૂલ લેતહેં ભામિની;
એહિ ભાતિ પ્રેમસેં ભઈ રસબસ, કૃષ્ણકે સંગ કામિની ૨
વ્રજનારી વૃંદ સમેત શ્રીહરિ, આએ યમુનાતીર જૂ;
ઉડુગનમેં પૂરન ચંદસમ, સોહતહેં શ્રી બલવીર જૂ ૩
વ્રજસુંદરી નિજ વસ્ત્રાસેં, આસન કિયો અભિરામ જૂ;

કહે દાસ મુક્તાનંદ તાપર, બેઠે શ્રીઘનશ્યામ જૂ ૪

પદ ૨૬

અનિહારે - કરી સનમાન કહે વ્રજનારી; હમકું ક્યું તજી ગએ કુંજવિહારી;
અનિહારે - નિજજનકું ન ભજત મુરારી, યહ કહા ટેવ પરિહે તુમારિ ૧
ટાળ - તુમારી યહ કહા ટેવ નટવર, કહો જુ ઉત્તર શ્રીહરિ;
હમ ત્યાગી સબહી કુટુંબીકું, શુદ્ધ ભાવજુત તુમકું વરી ૨
સુની વચન સબ વ્રજનારી કે, હસી કહત શ્રીઘનશ્યામ જૂ;
મેં ભક્તહિત ભૂપર ફીરું, કરુ દાસ પૂરનકામ જૂ ૩
જો ભજત મોયમેં ભજું વાહિકું, એહિ હમારી બાન જૂ;
કહે દાસ મુક્તાનંદકો પ્રભુ, ભક્તજન મમ પ્રાન જૂ ૪

પદ ૨૭

અનિહારે - સુની સબ ગોપી શ્રીમુખ બાની, ભઈ રસમગ્ન અધિક હરખાની;
અનિહારે - તબ પ્રભુ રાસ રચ્યો ભારી, કરસેં ગ્રહે કર સબ સકુમારી ૧
ટાળ - સકુમારી સબ વ્રજ ગોપિકા, ભઈ કનકકોટ જ્યું સુંદરી;
દો દોકે મધ્ય નંદલાલ એક, ધરી કંઠ ભુજ સોહત હરિ ૨
સુર આયે ચઢિકે વિમાન પર, નભ નાચત સુરત્રિય વૃંદ જુ;
કિયે દેવ દુંદુભિ નાદ અતિશેં, પાએ સબ આનંદ જુ ૩
કરે કુસુમ વૃષ્ટિ દેવ સબ, ગંધર્વ હરિગુન ગાવહિ;
કહે દાસ મુક્તાનંદ હરિમુખ, નિરખિ સબ સુખ પાવહિ ૪

પદ ૨૮

અનિહારે - શ્રીહરિસંગ નાચત હે નારી, ભઈ નુપુર કંકન ધુની ભારી;
અનિહારે - પ્રભુસંગ ગોપી ભઈ એકતાના, તાથેઈ તાથેઈ કરત સુજાના ૧
ટાળ - સુજાન વ્રજત્રિય કહત તાથેઈ, કરત પ્રભુસંગ ગાન જૂ;
કર ચરન ભ્રકુટી વિલાસસેં, ભઈ કૃષ્ણસંગ એકતાન જૂ ૨
કોઈ કૃષ્ણકે મુખ કરત ચુંબન, કોઈ આલિંગન કરત હે;
કોઈ કંઠ ઉર ધરી કૃષ્ણભુજ, રસ જાન રાસમેં ફીરત હે ૩
એહિ ભાતિ શ્રીપતિસંગ ખેલત, પ્રેમજુત વ્રજસુંદરી;
કહે દાસ મુક્તાનંદ કૃષ્ણકું, રમાસમ સબહિ વરી ૪

દોહા

આલિંગન ચુંબન પરસ, કરત વિનોદ વિશાલ;
બાળ જ્યું નિજ પ્રતિબિંબ સંગ, ત્યું ખેલત નંદલાલ ૧
શ્રીહરિ કે અંગસંગસે, વ્રજત્રિય થકિત અપાર;
અંગિયા કેશ દુકૂલ પટ; તાહીકો લગત ભાર ૨
કૃષ્ણકી ક્રીડા દેખીકેં, મોયેહેં સુરત્રિય વૃંદ;
ઉડુગન જ્યુત પૂરન શશિ, ભયો વિસ્મિત ગતિમંદ ૩
જીતની વ્રજકી સુંદરી, પ્રભુ ભએ તિતનેહિ રૂપ;
પૂરનકામ હે તદપી રસ; ક્રીડા કરત અનૂપ ૪

પદ ૨૯ (ચાલ બીજી)

અનિહાંરે - ગોપી રાસ રમણ શ્રમહારિ, વાકે શ્રમજળ લું છે મુરારિ ૧
ગોપીવૃંદ સહિત ગિરિધારી, શ્રમમેટન કું કુંજવિહારિ ૨
પૈઠે યમુનાં કે જલમેં ઉદારા, ગજીસંગ[1] જ્યું ગજ મતવારા ૩
મુક્તાનંદકો શ્યામ સુજાન, કરે જલક્રીડા ભગવાન ૪

પદ ૩૦

અનિહાંરે - સિંચે શ્યામકું જલ વ્રજનારી, કરે ખેલ પરમ સુખકારી ૧
ગજીજૂથમેં કરિવર[2] ભારી, તેસેં ગોપીન મધ્ય ગિરિધારી ૨
યાકે પિછે શ્રીકૃષ્ણ સુજાના, ફીરે જલ સ્થલ કુસુમકે સ્થાના ૩
મુક્તાનંદકો નાથ વિહારિ, કીની ગોપી સબહિ મતવારી ૪

પદ ૩૧

અનિહાંરે - એસી સબહિ નિશા ઉજીયારી, તામે સંગ લીયે વ્રજનારિ ૧
તાસોં રમણ કીયો સુખકારી, રાખ્યો વીર્ય સોં આપમેં ધારિ ૨
જોજો શરદ કાવ્ય રસક્રીડા, સો સો કરત ભયે તજી વ્રીડા[3] ૩
મુક્તાનંદકો શ્યામ સુજાન, હર્યો મદનકો સબવિધ માન ૪

પદ ૩૨

અનિહાંરે - નૃપકું ભયો સંશય ભારિ, પ્રગટે ધર્મસ્થાપનકું મુરારિ ૧

૧ - હાથણી સાથે, ૨ - હાથી ૩ - લજ્જા શરમ

સો ક્યું પ્રભુ ભએ પર ત્રિયગામી, તોર્યો ધર્મ ક્યું અંતરજામી ૨
મોકું સંશય ભયો વિકરાલા, કહો શુક મુનિ પરમદયાલ ૩
મુક્તાનંદ કે પ્રભુકી વડાઈ, બિન જાને પુછયો મુરઝાઈ ૪

દોહા - સુનહુ નરેશ શ્રીકૃષ્ણકું; દોષકો સ્પર્શ ન હોય;
પાવક તુલ્ય સો શ્રીપતિ, તેહિ સમ ઓર ન કોય ૧
જીવસો પ્રભુકે આચરન, મનહુંસે કરતહેં જોઈ;
એહિ શઠ પાવત નાશકું, નરકમેં જાવત સોઈ ૨
જયું શિવ ગરલકે[1] પાનસેં, નીલકંઠ ભએ દેવ;
તેહિ વિધ અશિવ જો આચરે નાશ હોત તતખેવ ૩

પદ 33 (ચાલ ત્રીજી)

નૃપ કૃષ્ણ સો આજ અવતારિ રે, શ્રીપતિ સુખકારી;
સોતો ભોગી તોહુ બ્રહ્મચારી રે .... ટેક૦
કર્મકો લેપ ન લાગત પ્રભુકું, તિનસેં ન સુખ દુઃખ હોઈ રે;
એહિ વિધ કૃષ્ણકું જો કોઈ જાનત, પાપસેં છુટત સોઈ રે .... શ્રીપતિ૦૧
જેહી પદપંકજ રજ શિર ધરિકે, મુક્ત ભયે મુનિ ધ્યાની રે;
શુક નારદ સનકાદિકસે, સિદ્ધ નિડર ફરત વિજ્ઞાની રે .... શ્રી પતિ૦૨
જીનકે દાસ મુક્ત હોય વિરચત, તાહિ ક્યુ બંધન હોવે રે;
મુક્તાનંદ કે પ્રભુકું ન જાનત, સોઉ નિજ જન્મ વિગોવે રે .... શ્રીપતિ૦૩

પદ 34

પ્રભુ પૂરન કામ મુરારી રે, હરી ભવભયહારી; .....
તારે દર્શ સ્પરશ નરનારી રે ટેક૦
જાકે પદપંકજ વંદનસેં, પતિત હોત ભવપારા રે;
સો શ્રીકૃષ્ણ પુરન પુરૂષોત્તમ, લિન મનુજ અવતારા રે હરિ ૧
સોઈ શ્રીકૃષ્ણકું જડ અજ્ઞાની, આપકે તુલ્ય પ્રમાને રે;
તાહિતેં ઓગુન લેત અલ્પમતિ, ભજન ભક્તિ નહિ ઠાને રે હરિ ૨
નિર્ગુણરૂપ શ્રીકૃષ્ણકું મિલકે, સબ નિર્ગુણ હોઈ જાવે રે;
મુક્તાનંદકે શ્યામકો મહિમા, નિગમ નેતિ કહે ગાવે રે હરિ ૩

---

૧ ગરલ કે - ઝેરના

પદ ૩૫

કિયો રાસરમણ ગિરિધારી રે, મોહન જયકારી;
કિની કમળા સમ સબ વ્રજનારી રે ટેક૦
એહિ વિધિ રાસ રમે ગોપિન સંગ, બ્રાહ્મ મુહૂરત ભયો જાની રે,
વ્રજત્રિયકું કહે ભોર ભયો અબ, સુનત વચન અકુલાની રે મોહન ૧
ઘટિકા ચાર રાત્ય રહિ અબળા, નિજ ગૃહ જાઓ સયાની રે,
નાહિ રુચિ તદપિ ગિરધારી, શ્યામ સુંદરકી બાની રે મોહન ૨
યું અકૂલાયકેં નિજગૃહ આઈ, કૃષ્ણવધુ સબ ગોપી રે,
મુક્તાનંદ કે નાથ રસિકહિત, લોક વેદ હદ લોપી રે મોહન ૩

પદ ૩૬

ઐસેં રાસ રમે વ્રજચંદા રે, શ્રીપતિ સુખકંદા,
હર્યો કામકો ગર્વ ગોવિંદા રે ટેક૦
યહ શ્રીકૃષ્ણકો રાસ પ્રેમજુત, ગાવત સુનત જો પ્રાની રે,
થોરે હિ કાલમેં કામકું જીતત, ભક્તિ લહત સુખદાની રે શ્રીપતિ ૧
જો યહ રાસકો પાઠ કરત તેહિ, રિઝત કૃષ્ણ મુરારી રે,
નર ત્રિય પ્રેમભક્તિકું પાવત, ઉરમેં બસત ગિરિધારી રે શ્રીપતિ ૨
કલિમલ હરન શ્રીકૃષ્ણકી ક્રીડા, પ્રેમસેં સુની ઉર ધારે રે,
મુક્તાનંદકે પ્રભુસોં પ્રેમજુત, મદન કે મૂળ ઉખારે રે શ્રીપતિ ૩

દોહા - અતિ સુંદર છત્તિસ પદ, તાપર દોહા છવિશ,
બરન્યો રાસ સંક્ષેપસેં, રિઝત શ્રી જગદીશ ૧
સવંત અઢારે ત્રાસિયો, સુખપ્રદ ફાલ્ગુન માસ,
કૃષ્ણપક્ષકી દ્વાદશી, પુરન રાસ પ્રકાસ ૨
વૃત્તાલય હરિધામમેં, પ્રગટ શ્રીકૃષ્ણકે પાસ,
મુક્તાનંદ શ્રીકૃષ્ણકો, કહ્યો યથા મતિ રાસ ૩

ઇતિ શ્રી મુક્તાનંદમુનિવિરચિતા રાસપંચાધ્યાયી ભાષાટીકા સંપૂર્ણા ।

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

મુકુંદભાવની

છપય

એહિ મંગલાચરન હરન મદ મોહ અપારા,
શ્રી ગોવિંદકો ધ્યાન ધરત ઉર કરત ઉજારા ।
તેહિ પ્રકાશમહિ દાસભક્તિ મહિમા દરસાયો,
ધર્મભક્તિ ભગવંત સબે મમ ઉરમહિ આયો ।
અબ ઐસે અદ્‌ભુત રુપકું વારવાર વંદન કરું,
મુકુંદ મન વચ કર્મ કરિ યહ નિત્ય મંગલ આચરું ॥૧॥
ૐ નમો ૐકાર આદિ સચરાચર સ્વામી,
અધમ જનન ઉદ્ધાર કાજ પ્રગટે બહુનામી ।
સરવરીયા ગુણશ્રેષ્ઠ વિપ્રજ્ઞાતિ વપુ ધાર્યો,
અતિ અદ્‌ભુત કિએ ચરિત જક્ત જનકો અઘ ટાર્યો ।
જેહિ પાદશૌચ[1] શિવ શિર ધરે તેહિ પદરજ વંદન કરું,
મુકુંદ સો પ્રભુ પ્રગટ પુનિ તિન ચરનમેં ચિત ધરું ॥૨॥
નરનારાયણ નાંઈ પ્રગટ જગ મહાવ્રત કિનો,
કલિકે મધ્ય કૃપાલ અભયપદ અધમનિ દિનો ।
ચરિત કિએ સમ સુધા ગ્રહત જન ગુનપર જાવે,
જેહિ સ્પરસે પદ ધુરિ બહુરિ ભવમેં નહિ આવે ।
શ્રી ધર્મપુત્ર પૂર્ણેંદુ જિમિ કરિ કુરુણા ચરચા શ્રવે,
કો મુકુંદ અસ જીવ જડ જેહિ સુનતે નહિ ચિત દ્રવે ॥૩॥
મન મતંગ[2] વશીકરન હરન હરન મદ મોહ ઉજાગર,
શરણાગત સુખખાનિ બિરુદ સદ્‌ગુનકે સાગર ।

૧ - ચરણામૃત ૨ - હાથી

ત્યાગ તેજ બલ પ્રબલ કહાં લગિ કહુ વખાનિ,
તુમ હો તુમસે નાથ ઓર ઉપમા જડ જાનિ ।
પ્રભુ મહંત માન માયા દમન શમન મુકુંદ સબ તાપકું,
શ્રીસહજાનંદ વદું સદા અનભે અખંડ અમાપકું ॥૪॥
શિશ સબનકે સોઈ ઈશ ઉર અંતરજામી,
એહિ મમ ઉર કરી અયન[૧] વયન[૨] બોલત બહુનામી ।
કરતા સો કવિ નામ શ્યામ ઈચ્છા અસ આઈ,
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય કહુ સતસંગ સહાઈ ।
શુક નારદાદિ પ્રહ્લાદ પુનિ સતસંગતિ હરિજન ભએ,
મકુંદ મન વચ કર્મ કરી જો સતસંગતિમેં રએ ॥૫॥
ધન્ય ધન્ય જો જન શોધિ સતસંગતિ આયો,
તીરથ વ્રત જપ જોગ સબનકો ફલ સો પાયો ।
કિયો વચનમેં વાસ ભયો તેહિ બેહદ વાસા,
હરિ હરિજન રસરૂપ તહાં પ્રગટ પ્રકાસા ।
જેહિ મન વચન પર વેદ કહે તેહિ સુખમેં સંતત રહે,
મુકુંદ જો સતસંગકો મહિમા કો મુખસેં કહે ॥૬॥
અનાયાસ ભવ તરે શરણ સદ્‌ગુરુકે આવે,
સદ્‌ગુરુ બિન સુખ નહિ અવિદ્યા અતિ ભરમાવે ।
આવરણ અરુ વિક્ષેપશક્તિ હે સો માયાકિ,
તાકે પંચ પ્રવાહ પ્રબલ ધારા પુનિ વાકી ।
તહાં વહે નિરંતર મોહવશ દેવ દનુજ નર સબ ગએ,
મુકુંદ સો નહિ વહત જીન ગુરુ ગોવિંદ માહાત્મ્ય લએ ॥૭॥
આગ્ય લગિ ચહુ ઓર અવિદ્યાકિ અતિ ભારી,
અધો ઊર્ધ્વ અરુ મધ્ય દશો દિશ ભુજા પસારી ।
વિષય ભોગ વિલાસ કર્મિકો કર્મ દૃઢાયો,
કવિ ગુનિ પંડિત જાણતાહિલે તહાં ડુબાયો ।
તેહિ વાકજાલ ડારિ વિકટ નરનારી આવૃત કિયે,
મુકુંદ મદ મત્સર લગ્યો યું માયા બશ કર લિએ ॥૮॥

૧ - નિવાસ, ૨ - વચન

ઈન માયાકું તરન કરત નર કોટિ ઉપાઈ,
સિત ધામ સહિ કરે તપસ્યા બનફલ ખાઈ ।
કોઈક સાધે યોગ અષ્ટ અંગનિ કરી જોગી,
કોઈક ફિરે ઉદાસ વિષય પ્રપંચ વિયોગી ।
સદ્‌ગુરુ હિ વિના સાધન સકલ કિએ ન પાવે પારકું,
મુકુંદ સુખ પાવે સહિ સો પુનિ પુનિ સંસારકું ॥૯॥
ઈશ ઇંદ્ર અજ ધામ ગયે નર અતિ સુખ પાવે,
કાલ પાય પુનિ પડે અચલ ઉહાંબિ ન રહાવે ।
જનમ મરણ જન ધરે પ્રભુપદ જ્ઞાન ન જહાંલુ,
સ્વર્ગ મૃત્યુ પાતાલ લોકત્રય ભમે તહાંલું ।
પ્રભુસેવા બિન જો અજા[1] તરન મહા દુસ્તર ભઈ,
મુકુંદ પ્રભુપદ સેવ જો ઉલટી દાસી હો રઈ ॥૧૦॥
ઉરમેં બેઠિ અજા કરત ઉદ્વેગ અનેકા,
કામ ક્રોધ મદ લોભ આદિ અતિશેં અવિવેકા ।
નામ રૂપ નહિ પ્રાય તાય લે સત્ય વિચારે,
અહર્નિશ વસિ ઉરમાંહિ દેહ તું શબ્દ ઉચ્ચારે ।
સાધક સિદ્ધ મુનિજન મિલિ રિદ્ધિ સિદ્ધિકું સાધત રહે,
મુકુંદ હરિરત સંત બિન કો માયા મિથ્યા કહે ॥૧૧॥
ઊન માયાકું તરન પ્રગટ યહ પોત ઉદારા,
શ્રીહરિ અરુ સતસંગ મિલત ભએ ભવજલ પારા ।
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય સતસંગતિસેં પાવે,
બડભાગિ સો જન શોધિ સતસંગતિ આવે ।
નિત્ય પ્રગટ રહે પરબ્રહ્મ જહાં દરશ સ્પરસ પાતક હરે,
મુકુંદ સો સતસંગકિ સાધન કો સમતા કરે ॥૧૨॥
એહિ તન કરિ અજલોક લહે સુખ બહુવિધ પાવે,
એહિ તન ઇંદ્ર મુનીંદ્ર એહિ તન અમર કહાવે ।
એહિ તન સાધે જોગસિદ્ધિ અણિમાદિક પાવે,
એહિ તન હોઈ હરિદાસ બહુરિ ભવમેં નહિ આવે ।

---

૧ માયા

યહ ઐસો અદ્‌ભુત મનુષ્યતન અતિદુર્લભ પાયો અબે,
મુકુંદ મન વચ કર્મ કરિ હરિ ભજ ત્યજ વ્યાધિ સબે ॥૧૩॥
અહિપતિ અજ શારદા કરત નરતન ગુન ગાના,
ભવસાગરકું તરન પોત દિનો ભગવાના ।
કરણધાર કરુણાનિધાન સદ્‌ગુરુ સુખદાતા,
કરુણાનિધિ કૃપા વિમલ યહ જાનહુ બાતા ।
અબ નહિ જો ભવસાગર તરે સો આતમઘાતિ સહી,
મુકુંદ મહિમા મનુષ્યતન કર બજાયકે કે'દહિ ॥૧૪॥
ઋગ સામ યજુ અરુ અથર્વનિ યહ બાત પ્રમાનિ,
નરતન કારણ વેદ પાત્ર યહ પુરા જાનિ ।
કર્મ ઉપાસન જ્ઞાનકાંડ ત્રય વેદ વખાને,
સો સબ નરતન સાધ્ય ઓર કોહુ નહિ જાને ।
શ્રુતિ સકલ શાસ્ત્ર ઈતિહાસકો તાન લગત નરતન વિષે,
મુકુંદ મોહવશ અંધ સબ ગુરુદૃષ્ટિ વિન ના દિખે ॥૧૫॥
શૂન્ય સ્વપ્ન સંસાર તાહિ કરિ સત્ય વિચારે,
ભર્મ કર્મ વસિ ભુર વૃથા નરદેહ બિગારે ।
યા તન કરિ હરિ લહે તાસ કરિ કર્મ ઉપાવે,
ઐસે મતિકે મંદ સુખ સ્વપ્ને નહિ પાવે ।
અતિ મોહજાલ આવૃત્ત મતિ નહિ પાવત હરિજ્ઞાનકું,
મુકુંદ તબ હરિ મર્મ લહે ગ્રહે વચન તજિ માનકું ॥૧૬॥
કર વિચાર નર કોન કહે તું ક્યાંસે આયો,
અબ જાનો કહે કહાં ઈહા કોય સ્થિર ન રહાયો ।
જો તોકું ગમ નાહિ ખોજ સદ્‌ગુરુ સતસંગા,
વારવાર નહિ મિલે અનુપમ ઐસો અંગા ।
સબ બિન વિચાર વીતે દિના ચેત ચેત નર સાનમેં,
મુકુંદ મોહવશ અકડ હોય ક્યું સુતો અજ્ઞાનમેં ॥૧૭॥
ખલતા બઢી અપાર ભેખ ધરી જગ ભરભાવે,
કામ કોધરત લોભ ભક્તિ ઉરમેં નહિ ભાવે ।
આપે ભમ્યો ભુર ઓરકું અતિ ભર્માવે,

દ્રવ્ય હરનકે હિત ગુરુ હોય જ્ઞાન બતાવે ।
યહ નરકપંથ તિનુ વિકટ ગીતામેં ગોવિંદ કહે,
મુકુંદ સો મગ ગુરુ ચલે શિષ્ય કહાં શાંતિ લહે ॥૧૮॥
ગંગા ગુરુ સો જાન સાનમેં શ્યામ બતાવે,
કર્મ હરે દે જ્ઞાન અવિદ્યા ઉરસેં જાવે ।
દેહ ઇંદ્રિ મન માન સત્ય સ્વપ્ને નહિ ભાસે,
કિયે વચનમેં વાસ એક ઉર હરિ પ્રકાસે ।
મન સકલ શોક સંશય સમે રમે નિરંતર રામમેં,
મુકુંદ સો સદ્‌ગુરુ વિના કો પહોંચાવે ધામમેં ॥૧૯॥
ઘર ઘર સો ગુરુ નાંહિ એક હે ગુરુ અવિનાશી,
નિગમાગમ પ્રતિપાદ્ય જ્ઞાનઘન મહાસુખરાશી ।
સ્વાર્થ નહિ લવલેશ પરમ પરમાર્થરૂપ,
કરત સુખદ ઉપદેશ શ્રુતિ કહે અગમ અનૂપ ।
નર ઐસે ગુરુ વિન જ્ઞાનકું કોહુ ન પાવે મનમુખી,
મુકુંદ સદ્‌ગુરુ સેવ સો સદ્ય હોત સો જન સુખી ॥૨૦॥
ગમ નહિ નરનાર ભ્રમવશ સકલ ભુલાને,
મિલે જો ઠગ મગમાંહિ મિત્ર કરિ તાકું માને ।
કહે હમ તુમરે શરન વેહિ ધન હરન વિચારે,
દગાબાજ બે દર્દ ગરે મત ફાંસિ ડારે ।
સબ અંધ અંધ પિછે ચલે કૂપ પરે કે પચિ મરે,
મુકુંદ મોહ નિશિમેં સકલ સદ્‌ગુરુ બિન ભટકત ફિરે ॥૨૧॥
ચલ ન શકે ડગ એક કહે મેં ફિરું બ્રહ્માંડા,
અપનિ ઉડે ન માંખ કહત તોડુ નવ ખંડા ।
ત્યું ગુરુકું નહિ ઠોર ફિરે માયાકા પ્રેરા,
સરવસ હમકું દેકું મિટાઉં ભવજલ ફેરા ।
બિન રહસ્ય મુખ કથનિ કથે જરત રહે ત્રય તાપમેં
મુકુંદ સદ્‌ગુરૂ બિન હરિ કોન જપાવે જાપમેં ॥૨૨॥
છલ બલ હદે અપાર બાહ્ય બગધ્યાન લગાવે,
દ્રવ્ય હરનકે હિત સાહ સો ઠગ બનિ આવે ।

મણિધર જ્યું લે ધરે શબ્દ મણિ કરે ઉજારા,
તેહિ પ્રકાશકે જોગ મિલે તેહિ અહનિશ આહારા ।
તબ તિન લગે દૃષ્ટાંત તેહિ જ્ઞાન વિના જો ગુરુ ભએ,
મુકુંદ સદ્‌ગુરુ સંત બિન જન્મ વિગોવત તે ગએ ॥૨૩॥
જરો જો જીવન તાસ રામરતન હિં ધરિ ભેષા,
દામ ચામ પર હેત હૃદે હરિજનસું દ્વેષા ।
ઉરમેં તૃષ્ણા અધિક સદા ધન ધામ સવારે,
યહ કલિયુગકો રૂપ પ્રગટ કહિ વેદ પુકારે ।
જો જ્ઞાન ધ્યાન રત ચહત સો કામ ક્રોધ આશ્રિત ભએ,
મુકુંદ કલિ કૌતુક નિરખી સદ્‌ગુરુકે શરને ગએ ॥૨૪॥
ઝરત રહે દિન રેન અસંભવ શબ્દ અખંડા,
તેહિ નાદ ઝણકાર પુરિ રહ્યો પિંડ બ્રહ્માંડા ।
ખટ ચક્રનકે મધ્ય છસે અરુ સહસ્ર એકીસા,
શબ્દબ્રહ્મ સો સુને મિલે જેહિ ગુરુ જગદીશા ।
હે જીવરૂપ ગુરુ જગ ઘને બેહદ ગતિ વાકિ નહિ,
મુકુંદ મનવશ જીવ સબ યહ સુખ બિન માયામહિ ॥૨૫॥
જિન સુખકો અધિકાર કહું અબ લક્ષણ તાકે,
એકાદશ સાધન સહિત અચલ ઇંદ્રિય મન જાકે ।
સાચે સદ્‌ગુરુ શોધિ મિલે તબ તન મન દેવે,
કરે બચનમેં વાસ આશ તજિ સબ વિધિ સેવે ।
કરિ શ્રવન મનન અધ્યાસ દૃઢ હરિસેવા હારદ લહે,
મુકુંદ સો સાક્ષાત હે સબહિ વ્યાધિ ઉરસેં દહે ॥૨૬॥
ટરત નહિ યહ લક્ષ દક્ષ દિલ ભયો અભંગા,
કરે કોન અબ આડ જિહાં નહિ કુમતિ પ્રસંગા ।
દિવ્ય રુ માનુષ એકરૂપ કરિકે દૃઢ ચિના,
અલખ લખ્યા સાક્ષાત ભઈ યહ બાત નવીના ।
અતિ ધ્યેયસું ધ્યાતા લગિ રહ્યો સહજ અંગ આયો જબે,
મુકુંદ ગુરુકિ મોંજસેં સુખ અખંડ પાયો અબે ॥૨૭॥
ઠર ન સકે યહ લક્ષ ભક્તિ બિન બ્રહ્મા આદિ,

ભક્તિવશ ભગવાન અચલ યહ રીત અનાદિ ।
કરે જો સાધન કોટિ તાસ કરિ રામ ન પાવે,
ભક્તિ કરત ભવસિંધુ વત્સપદવત હો જાવે ।
અબ ઐસિ અવિરલ ભક્તિ સો સંત સમાગમ પાઈએ,
મુકુંદ સો મહંતકે ગુન લક્ષણ અબ ગાઈએ ॥૨૮॥
ડર સબ દિનો ડારિ સારગ્રાહિ સુખરૂપા,
વરતન પંચ નિવાસ દાસ ગતિ અગમ અનૂપા ।
સુખ દુઃખ સમ ભાવ મિત્ર શત્રુ નહિ માને,
નિંદા સ્તવન સમાન લાભ હાનિ સમ જાને ।
અષ્ટહિ સિદ્ધિ નવ નિધિકી આશ નહિ ઉર જાહિકે,
મુકુંદ સો મહંત જન વચન ગ્રહિજે તાહિકે ॥૨૯॥
ઢરિયે તાકે ઢાર નારી ધન નિપટ ઉદાસી,
તનસુખ તૃષ્ણા ત્યાગી મિટાઈ જિન મમતા ફાંસી ।
અનિકેત આનંદ જ્ઞાનમય અનુભવ અંગા,
સબ તીરથકો સદન ચરન જેહિ ચાહત ગંગા ।
જો બ્રહ્મવેત્તા સો બ્રહ્મ હે વેદ વચન ગીતા કહે,
મુકુંદ ઈન મહંતકે સંગ સદ્ય ભક્તિ લહે ॥૩૦॥
એમ નારાયણ વચન ગ્રહે સો બ્રહ્મસ્વરૂપા,
વચન વિના અતિ તુછ ભએ ત્રિભુવનકો ભૂપા ।
અલ્પ અકિંચન જંત વચનમેં બડ ગતિ પાવે,
હરિવચન પ્રતાપ શેષ શારદા ગુન ગાવે ।
શુક નારદાદિ સૂત આદિ જો વાલમિક બડતા લહિ,
મુકુંદ મહિમા વચનકે શતકોટી કીરત કહિ ॥૩૧॥
તપ તીર્થ વ્રત વચન વર્ણાશ્રમ ધર્મ,
વચન જોગ જપ ત્યાગ વચન બિન સકલ અધર્મ ।
વચન ભક્તિ વૈરાગ્ય જ્ઞાન ગુન વચનનિ પાવે,
જયું કુંજરકે ખોજ ઓર સબ ખોજ સમાવે ।
જન અકથ ઈશમહિમા લખે વચન નિવાસિ હોયકે,
મુકુંદ મોહવશ વચન તજી જાવે જન્મ વિગોયકે ॥૩૨॥

થર થર ધ્રુજત રહે વચનમેં ઇંદ્ર મુનીંદ્રા,
થર થર ધ્રુજત રહે વચનમેં અવની અહીંદ્રા ।
થર થર ધ્રુજત રહે વચનમેં શશિયર સૂરા,
થર થર ધ્રુજત રહે રેનદિન કાલ હજૂરા ।
હરિ હર હિ અજ આદિ સબે રહત ભક્તિરત જાહિકી,
મુકુંદ મોહવશ મૂઢ નર કરે ન આજ્ઞા તાહિકી ॥૩૩॥
દરદ દાહ ભય શોક રેનદિન રહે અપારા,
જરત રહે ત્રય તાપ કોહુ નહિ ટારનહારા ।
કાલ કર્મકી ફાંસિ ગહન ગતિ ગલ બિચડારી,
મર્કટ જુ મતિમંદ ફંદ આએ નરનારી ।
ઉર ઈશવચન નહિ અનુસરે ઐસે દુઃખ સહવે સહિ,
મુકુંદ લાત લાયક સો બાત નહિ માને કહિ ॥૩૪॥
ધરસેં કરે વિચાર બાત યું મનમેં ધારે,
હરિભક્તિ હે કઠિન કર્મ કહાં સુલભ હમારે ।
ભક્તિવશ ભગવાન કર્મસેં અધ ગતિ જાવે,
ઐસો કરે વિચાર ભક્તિ ઉરમેં તબ ભાવે ।
ઉર ઉભે ભાંતિસેં ઈશકો ન્યાય વિચારે નર જબે,
મુકુંદ મમતા ત્યાગિકે હરિદાસ હોવે તબે ॥૩૫॥
નર જો ઘુટન ચહે આશ વિષયનકિ ત્યાગે,
નિઃસ્પૃહી નિષ્કામ લોભકી લહર ન લાગે ।
નિઃસ્વાદી નિર્માની પંચ વરતન દૃઢ પાળે,
વિષવેલી અહિવધુ[1] કાલસમ નારી નિહાળે ।
અબ ઐસિ રેણિ જો રહે સાધુજન સાચે તબે,
મુકુંદ પાંચે વર્તકું વિગતિ સો બરનું અબે ॥૩૬॥
પરમ ધર્મ યહ પ્રથમ પ્રીતિ સબસેં પરિત્યાગે,
મધમાખી જ્યું હોય જીહાં કછુ લાલચ લાગે ।
ઋષભદેવકે પુત્ર ભરત જેહિ પ્રગટ પુરાના,
તિન જન્મ તેહી ધરે મૃગિમેં મન લોભાના ।

૧ નાગણી

તેહિ દયા કરત દુબધ્યા[1] ભઈ તો કામસ્નેહિ ક્યું તરે,
મુકુંદ યહ મર્મ લખિ નર નિઃસ્પૃહિ દૃઢ કરે ॥૩૭॥
ફરત રહે ભવ ફેર જાસ ઉર કામ કુબુદ્ધિ,
કરે જો સાધન કોટિ વ્યર્થ સબ લહે ન શુદ્ધિ ।
રવિમંડલ નહિ રેન રેન તિહાં ન રવિ પ્રકાસે,
રામ તહાં નહિ કામ કામ તહાં રામ ન ભાસે ।
હે નરકપંથ પ્રધાન યહ તાતે નારી ના ભજો,
મુકુંદ મન વચ કર્મ કરિ અષ્ટ અંગ મૈથુન તજો ॥૩૮॥
બન બન ઢુંઢત ફિરે જોગ ધરિ રિદ્ધિ રસાયન,
ઘર ઘરમેં યહ બાત નારી નર લોભપરાયન ।
જોબન ગત ગત કામ લોભ જબહુ નહિ જાવે,
મુએ સો માગે શ્રાદ્ધ સજિવત ક્યું સુખ પાવે ।
તેહિ બ્રહ્મરૂપ ગુરુ જબ મિલે તન ધન તૃણસમ પરહરે,
મુકુંદ યહ મગ નરકકો લોભ લાગી જનમેં મરે ॥૩૯॥
ભ્રમર કુરંગ મતંગ મીન જ્યું મરે પતંગા,
એક એકકે સ્વાદ તજ્યો તિન પ્રાન પ્રસંગા ।
નરતન પાંચુ પ્રબલ સકલકો રસના કારન,
વૃક્ષ મૂલ હે ડાર પાત ફુલનિ વિસ્તારન ।
યહ અન્ય ઇંદ્રિ ત્યું વશ કિએ નાહિ જિતેંદ્રિય જાનિયે,
મુકુંદ જબ રસના જિતે સકલ વશ પરમાનિયે ॥૪૦॥
મમત અહંકે લાર અહં તહાં કામ ઉપાવે,
અહં ક્રોધકો રૂપ વ્યાધિ સબ યાતે આવે ।
સબ સાધન ફલ વ્યર્થ અહંતા જબ ઉર આઈ,
અહંકારકે ઓટ રહત હે શ્યામ છિપાઈ ।
સદ્‌ગુરુ શિષ્ય કો યાહિતે માન રિપુ મારે સહિ,
મુકુંદ ભક્તિ મર્મસું સંક્ષેપે સબહિ તહિ ॥૪૧॥
યહ સતસંગતિ સાર એહિ હરિભક્તિ કહાવે,
પાલે વરતન પંચ નામ નારાયણ ગાવે ।

૧ આપત્તિ

ગુરુવચન વિશ્વાસ આશ મિથ્યા સબ ત્યાગે,
ભજે બ્રહ્મ નિષ્કામ મોક્ષ આદિ નહિ માગે ।
અર્ધ લવ નિમેષ હરિભજન તજિ તનકે ગુન નહિ ધરે,
મુકુંદ જીવનમુક્ત સો નાવરૂપ તારે તરે ॥૪૨॥
રહે રેન દિન રટન હૃદામેં હર્ષ અપારા,
શ્રીહરિચરણે ચિત્ત નિત્યપ્રતિ અધિક ઉજારા ।
કચ્છપ સેવે દૃષ્ટિ કુંઝ સુતા સો સેવે,
ગુરુ શિષ્ય સંજોગ યાહિ વિધિ દૈવત દેવે ।
રહે ચિત્ત ચકોરકો ચંદસું આગ્ય અશન મુખમાં જરે,
મુકુંદ પોષક પીયૂષકો ચિત્તવૃત્તિ તામેં ઘરે ॥૪૩॥
લગન રાહ હે કઠિન ચલે સો શૂર કહાવે,
તનકે સુખકો ચહે શિશ બિન રુંઢ રહાવે ।
ચૌદ લોકકે ભોગ કાકવિષ્ટા સમ જાને,
લોકલાજ મર્યાદ ચરનદાસી સમ માને ।
જબ તન મન ધન અરપન કીયો કહો કહા પિછે રહ્યો,
મુકુંદ જગ મિથ્યા ગને સત્ય સમરપન તિન લહ્યો ॥૪૪॥
વ્યગ્ર ચિત્ત નહિ હોય ભજન સુનુ સંત સુજાના,
દુબધા ખોવે દોએ જક્ત જયું સમજો સાના ।
મગન ભયે મસ્તાન સિંહ જયું સંત સુધીરા,
સુણે શબ્દકો નાદ ચલે તહાં સનમુખ વીરા ।
અતિ પ્રેમ મગન પરબ્રહ્મમેં અચલ વૃત્તિ હોવે સહિ,
મુકુંદ આતમ જાનિકે હરિકી ભક્તિ દૃઢ કર લહિ ॥૪૫॥
સમ દૃષ્ટિ સુખ દુઃખ જ્ઞાન જબ ગુરુસેં પાયો,
મોહ નિંદા સો મિટિ જક્તભય મર્મ નસાયો ।
સુપને ભૂપ ભિખારી જગે જબ મિથ્યા જાને,
જ્ઞાન નેન જબ ખુલે આપ આતમ પહિચાને ।
સો દેહ ઇંદ્રિ મન પ્રાનકું આપ ન માને અબ કબે,
મુકુંદ મગન સ્વરૂપમેં જગત નહિ ભાસે તબે ॥૪૬॥
ષટ વિષયન સુખ ત્યાગ રાગ હરિચરન નિરંતર,

કામ ક્રોધ મદ લોભ કબહુ નહિ વ્યાપત અંતર ।
રમે નિરંતર રામમેં ધામ સુખ વામ પરહરે,
શ્રી નારાયણ નામ સદા મુખ ઉચ્ચરે ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય જુત શ્રીહરિકી ભક્તિ લહિ,
મુકુંદ ગુરુકી મોંજસેં અકથ કથા સમઝે સહિ ॥૪૭॥
સપ્ત લોક સુખ સત્ય કબુ સ્વપ્ને નહિ ભાસે,
શ્રીહરિભજન પ્રાતપ હૃદય અજ્ઞાન વિનાસે ।
સદસદ વ્યક્તિ વિવેક અતિ દૃઢ ઉરમેં આવે,
સતસંગતિ સદ્ગ્રંથ સદા તેહિ અતિશય ભાવે ।
સત્સંપ્રદાય સદ્ગ્રંથ જબ સુને સુનાવે ગાવહિ,
મુકુંદ મુક્ત હોવે તબે ફિર ભવમેં નહિ આવહિ ॥૪૮॥
હરિ હર અજ શારદા અજા અહિરાજ પ્રજંતા,
સબ સેવત જેહિ ચરન પ્રકૃતિપર સો ભગવંતા ।
એહિ અનુભવ એહિ જ્ઞાન એહિ સતસંગ સ્વરૂપ,
એહિ સદ્ગુરુ સાક્ષાત પ્રગટ પરબ્રહ્મ અનુપ ।
જેહિ વેદ વચન મન પર કહે નરનાટક ધરિ સો રમે,
મુકુંદ યહ ગુરુ મર્મ હે સમજે તબ વ્યાધિ સમે ॥૪૯॥
ક્ષેમ જોગકું કરન હરન અજ્ઞાન પતંગા,
જુગ જુગમેં જગદીશ અયોનિ જન્મ પ્રસંગા ।
ધરે રૂપ નિત્ય નિમિત્ત ચિત્ત શાંતિ ઉપજાવન,
ચરિત સકલ સુખ કરન પાપકે પુંજ નસાવન ।
કરુણા રસ સો કરિકે પ્રગટ સમતા તજિ મમતા કરે,
મુકુંદ સો સંવાદ સુનુ શરનાગત સોઈ ઉદ્ધરે ॥૫૦॥
તૃષિત હરે જલ તૃષા ગિરે તેહિ પ્રાન ગમાવે,
સિત ત્રાસ તમ હરે પરે તેહિ જ્યારિ સમાવે ।
શત્રુ મિત્ર સમ ભાવ કરે સો નિજ ફલ પાવે,
જલ પાવક જ્યું બ્રહ્મ નીતિ નહિ દુષણ આવે ।
હે યદપિ યું તદપિ હરિ ભક્તવશ્ય ભારત કહિ,
મુકુંદ નિજ પણ મેટિકેં ભીષમ પણ રાખ્યો સહિ ॥૫૧॥

જ્ઞપ્તિમાત્ર ગુનપાર સાર સો શ્રીહરિ રૂપા,
અગમ અથાહ અપાર સુગમ સો પ્રગટ સ્વરૂપા ।
જેસે અગ્નિ વરુણ સો રૂપ અરૂપી કહાવે,
રૂપ અરૂપી એક મર્મ કોઈ વિરલા પાવે ।
રૂપ અરૂપી દો નામ સો એકરૂપ કરિકે કહ્યો,
મુકુંદ અનુભવ એકતા ભર્મ ભૂત ઉરસેં ગયો ॥૫૨॥
રચિ બાવની રસિક જનન ચિત્ત ચાહ બઢાવન,
વિષયિકું વિષરૂપ મોહ સંતાપ કઢાવન ।
જિજ્ઞાસુ જે સુને તાહિ હરિ હૃદે આવે,
સાધારણ જન સુને વિષય વૈરાગ્ય ઉપજાવે ।
ધર્મજ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત નરતન ધરિ સમુરે હરિ,
મુકુંદ મહા આનંદનિધિ તિન હિત યહ ભાષા કરિ ॥૫૩॥
સંવત અઠાર સુભગ ત્રેસઠે શ્રાવણ માસે,
શુક્લ પક્ષ શુભ દ્વિતીયા ગ્રંથ ગુરુ કિયો પ્રકાસે ।
સુને સુનાવે ગ્રહે અર્થ ઉર સો સુખ પાવે,
ભવસાગર નહિ ભમે કર્મવશ સો ન બંધાવે ।
અતિ અકથ કથા હે યાહિમેં સદ્‌ગુરુ બિન સમઝે નહિ,
મુકુંદ સદ્‌ગુરુ સંત જિહાં આદર કરિ રાખે તહિ ॥૫૪॥

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્યસદ્‌ગુરુશ્રીમુક્તાનંદમુનિકૃત
મુકુંદભાવની પરમપાવની બ્રહ્મવિદ્યા સંપૂર્ણા

॥वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

ધામવર્ણનચાતુરી

ચાતુરી ॥૧॥

ભક્તિ ધર્મ સુત હરિ બહુનામીજી, પ્રગટરૂપ સહજાનંદસ્વામીજી ।
તેહના પદ પંકજસમ જેહજી, પ્રેમસહિત નિત્ય વંદુ તેહજી ॥૧॥
ઢાળ- પ્રેમસહિત શ્રીસ્વામિને, વંદુ તે વારમવાર ।
મહામંગલરૂપ અનુપ છે, હરે વિવિધ વિઘન વિકાર ॥૨॥
જે સહજાનંદસ્વામીએ, મહા ઘોર કળિમોઝાર ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતિ, ભક્તિ સ્થાપિ ઉદાર ॥૩॥
જેને આશ્રિત સાધુ તે, કરી ધન ત્રિયાનો ત્યાગ ।
બ્રહ્મરૂપ થઈ ભક્તિ કરે, પ્રભુસંગ દૃઢ અનુરાગ ॥૪॥
ઋષભદેવના પુત્ર જે, જડભરત અતિ બુદ્ધિવંત ।
તેવી દશા સૌ પામિયા, જેહનિ કૃપાથી સંત ॥૫॥
એવા અધિક પ્રતાપી છે, શ્રીસ્વામિ અધમ ઉદ્ધાર ।
કહે દાસ મુક્તાનંદ તેહના, સામર્થ્યનો નહિ પાર ॥૬॥

ચાતુરી ॥૨॥

ગૃહસુખ મધ્ય આસક્તિ ભારિજી,
એવા તે અગણિત પુરુષ ને નારિજી ।
જેહને શરણ આવી તતકાળજી, શુભમતિ થાય તરુણ વૃદ્ધ બાળજી ॥૧॥
ઢાળ - શુભમતિ સહુ થાય છે, શ્રીસ્વામિકેરે પ્રતાપ ।
તેનાં ચિત્ત ચોટે શ્રીકૃષ્ણમાં, તેણે ટળે તે સઘળાં પાપ ॥૨॥
છતે દેહે સમાધિમાં, ગોલોક ધામ છે જેહ ।
તેને પ્રગટની પેરે જુવે, તેમાં તે નહિ સંદેહ ॥૩॥
દેહ તજી તે ધામને, પામે છે નર ત્રિય વૃંદ ।

એમ અનંત જીવ ઉદ્ધારવા, પ્રગટ્યા શ્રીસહજાનંદ ॥૪॥
નીલકંઠમુનિ નામ છે, હરિકૃષ્ણ જેહનું નામ ।
એવા મહા મનોહર મૂરતિ, શોભાનિધિ શ્રીઘનશ્યામ ॥૫॥
તે સ્વામિને ઈષ્ટ છે, ગોલોક ધામ ઉદાર ।
કહે દાસ મુક્તાનંદ તેહને, ગાઉં મતિ અનુસાર ॥૬॥

ચાતુરી ॥૩॥

શ્રીપુરુષોત્તમ પુરણકામજી, અતિ શોભાનિધિ સુંદર શ્યામજી ।
શરણાગતને અતિ સુખકારિજી, કૃષ્ણ કૃપાનિધિ ભવભયહારિજી ॥૧॥
ઢાળ - ભવભયહારી શ્રીકૃષ્ણનું, ગોલોક ધામ અનૂપ ।
માયાથી પર અતિ દિવ્ય છે, સુખદાયક તેહનું રૂપ ॥૨॥
અનંત કોટિ બ્રહ્માંડનો, આધાર ધામ એહ ।
તિયાં દિવ્ય ગોપી ગોપને, પ્રભુસંગ પ્રબળ સનેહ ॥૩॥
ધામની ચહું પાસમાં, વૃંદાવન અતિ શોભા ધરે ।
તિહાં દિવ્ય મોર ચકોર ચાત્રક, દિવ્ય વાણી ઉચ્ચરે ॥૪॥
દિવ્ય કુંજલતા બહુ, મંદાર તરુ છાયા ઘણી ।
બહુ કામધેનુ સમેત અતિશે, શોભા વૃંદાવન તણી ॥૫॥
એજ વૃંદાવન વિષે, વ્રજચંદ નિત્ય ક્રીડા કરે ।
કહે દાસ મુક્તાનંદ રસિયો, માનિનીયોનાં મન હરે ॥૬॥

ચાતુરી ॥૪॥

ગઢસમ વૃંદાવનને બારજી, શતશૃંગ શૈલ ઉંચો અપારજી ।
તે ગિરિપર ચહું દિશ અભિરામજી, રાસમંડલ અતિ શોભાધામજી ॥૧॥
ઢાળ - રાસમંડળ છબિધામ છે, સંક્ષેપથી કહું તેહ ।
શુભ રમણ સ્થળ શ્રીકૃષ્ણનાં, અતિશે અનુપમ એહ ॥૨॥
રાસમંડળ એક એક તે, દશ જોજનમાં વિસ્તાર ।
તિહાં રસિક ગોપસિંગ રસિયો, કરે તે વિવિધ વિહાર ॥૩॥
રસિક પ્રભુ સંગ ગોપિકા, કરે અતિ મધુર સ્વર ગાન ।
વાજિંત્રને સંગ નૃત્યમાં, તોડે તે નૌત્તમ તાન ॥૪॥
વ્યાપિ રહિ સહુ રાસમાં, નૃત્ય ગીતની ધુનિ સાર ।

નૂપુર કંકણ કિંકિણિનો, થાય અતિ ઝણકાર ॥૫॥
અખંડ રાસ શ્રીકૃષ્ણના, તેની શોભા કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિ સૌ, નિજમતિ સમ ગાય ॥૬॥

ચાતુરી ॥૫॥

ગિરિ શતશૃંગને બહિર ભારિજી, વિરજા નામ નદી સુખકારિજી ।
શ્રીગોલકને પરિખારૂપજી, તેહના તટ મણિજડિત અનુપજી ॥૧॥
ટાળ - મણિજડિત શુભ તટવિષે, બહુ ગોપ ગોપીવૃંદ ।
પ્રેમે કરે સૌ સ્નાન વિધિવત, પામે અતિ આનંદ ॥૨॥
શ્રીવિરજાના તટવિષે, પિયે નીર ધેનુ અપાર ।
બહુરંગ કમલ કુમોદનિ, વિકસી રહે એકતાર ॥૩॥
કનકકુંભે જળ ભરે, ગોપિ ને ગોપ અનંત ।
ગુણ ગાય સૌ શ્રીકૃષ્ણના, હરિભક્ત અતિ બુદ્ધિવંત ॥૪॥
વિરજાતટ શતશૃંગ છે, ગિરિ નિકટ વૃંદાવન ।
વનમધ્ય શ્રીગોલોક છે, તેમાં રહે તે હરિ હરિજન ॥૫॥
શોભા સર્વે ગોલોકની, કેતાં તે શેષ લજાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, એક મુખે કેમ ગાય ॥૬॥

ચાતુરી ॥૬॥

શ્રીગોલોકને ગોપુર ચ્યારજી, રાજમારગ પણ ચ્યાર ઉદારજી ।
તે મધ્ય હરિજનવૃંદ અપારજી, તેહનિ ભીડ્ય રહે એકતારજી ॥૧॥
ટાળ - ભીડ્ય ઘણી મારગ વિષે, શ્રીકૃષ્ણ દર્શનકાજ ।
અતિ પ્રેમભર્યા સૌ જાય છે, કરમાં તે પૂજાસાજ ॥૨॥
રાજમારગમાં ગોપિકા, કરે કૃષ્ણના ગુણગાન ।
ઝણકાર કરિ ચાલે ઘણાં, માતંગ રથ વિમાન ॥૩॥
કૃષ્ણદર્શન કારણે, અગણિત અજ ભવ જાય ।
મારગવિષે અતિ પ્રેમમાં, શ્રીકૃષ્ણના ગુણ ગાય ॥૪॥
મારગની બે કોરમાં, બહુ હવેલી હરિજનતણી ।
તહાં વિવિધ રંગ વિચિત્ર મણિગણ, દિવ્ય શોભા અતિ ઘણી ॥૫॥
શ્રીગોલોકમાં ગોપિકા, સૌ રાધારમા સમાન ।

કહે દાસ મુક્તાનંદ પ્રેમશું, ભજે તેના ભગવાન ॥૬॥

ચાતુરી ॥૭॥

ધામ વિષે અગણિત નરનારીજી, દિવ્યરૂપ સહુ અતિ અવિકારીજી ।
ગોપિ ગોપનાં વૃંદ અપારજી, ઉર ન પરસ્પર કામ વિકારજી ॥૧॥
ઢાળ - કામવિકાર ન કોઈને, એવા નરત્રિયા હરિદાસ ।
તેજ વસે ગોલોકમાં, શ્રીકૃષ્ણ પ્રભુને પાસ ॥૨॥
ગોપિજનને શ્રીકૃષ્ણથી, શ્રીરાધાસમ સુખ જેહ ।
શ્રીકૃષ્ણને પતિ ભાવે સેવે, ભાગ્ય અતિ બડ તેહ ॥૩॥
શ્રીગોલોકને મધ્ય છે, સૌથી તે ઉંચું અપાર ।
મંદિર શ્રીરાધાકૃષ્ણનું, મહાતેજના અંબાર ॥૪॥
મંદિરને ચહું પાસમાં, ગઢ સોળ મણિ કંચન તણા ।
મહારત્ન મણિમય કાંગરા, રવિ ચન્દ્ર સમ શોભે ઘણા ॥૫॥
દુર્ગકેરા દ્વારની, શોભા તે કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, સંક્ષેપે કરિ ગાય ॥૬॥

ચાતુરી ॥૮॥

દ્વાર દ્વાર પ્રતિ તોરણ છાજેજી, રત્નવેદિ બેઉ કોર બિરાજેજી ।
મંગલકલશ દ્વારપ્રતિ શોભેજી, વજ્રકપાટ નિરખી મન લોભેજી ॥૧॥
ઢાળ - મન લોભે હરિજનતણાં, નિરખતાં સુંદર દ્વાર ।
તિહાં દ્વારપાલ જે ગોપ અગણિત, પ્રેમી પરમ ઉદાર ॥૨॥
ગોપ ગોપી ચહું કોરથી, આવે તે દર્શનકાજ ।
જાય સોળ દ્વાર ઉલંઘિને, નિરખવા શ્રીમહારાજ ॥૩॥
એમ એ સોળે દ્વારમાં, રહે સુદામાદિક ગોપ ।
કર છડિ લઇ ચૌકિ કરે, હરિવચન ન કરે લોપ ॥૪॥
પ્રેમસહિત શ્રીકૃષ્ણની, એમ ગોપ સૌ સેવા કરે ।
રહે મગન મનગમતું તજિ, હરિવચનને સૌ અનુસરે ॥૫॥
ષોડશ દ્વાર ઉલંઘતાં, મધ્ય ચોક પંચરંગ મણિતણો ।
કહે મુક્તાનંદ અતિ દિવ્ય છે, વિસ્તાર તેહનો અતિઘણો ॥૬॥

ચાતુરી ॥૯॥

તેજનો પુંજ તે ચોક મોઝારજી, અગણિત રવિશશિ તુલ્ય ઉદારજી ।
અક્ષર બ્રહ્મ છે એહનું નામજી, શ્રીપુરુષોત્તમનું શુભ ધામજી ॥૧॥
ટાળ - ધામ પુરુષોત્તમતણું, ગુણરહિત અતિ અવિકાર ।
પ્રધાન પુરુષ ને કાળ માયા, એ સહુનો આધાર ॥૨॥
સર્વમાં વ્યાપક સદા, સત્ ચિત્ આનંદરૂપ ।
અવિનાશિ અજ નિત્ય શ્રુતિ કહે, એવું છે તેજ અનૂપ ॥૩॥
તેજ મધ્યે શ્રીકૃષ્ણનું, છે મંદિર અતિ અભિરામ ।
અતિ દિવ્ય ચહુ દિશ છજાં ઝળકે, અધિક શોભા ધામ ॥૪॥
વિવિધ મણિગણ રત્નની, રચના તે ભુવનમાં અતિ ઘણી ।
બહુ રંગના મણિસ્તંભ રાજે, શોભા શી કહું તેહતણી ॥૫॥
અતિસુંદર ઉલેચમાં, બહુ મોતિ લર લટકી રહી ।
કહે દાસ મુક્તાનંદ, સર્વે શોભા નવ જાય કહી ॥૬॥

ચાતુરી ॥૧૦॥

મણિ મુક્તાફલ માલા જેહજી, ઓસરિયો મધ્ય શોભે તેહજી ।
મણિમય તોરણ ચહુ દિશ છાજેજી, મંગલ કુંભ તે અધિક બિરાજેજી ॥૧॥
ટાળ - મંગલ કલશ તે અતિઘણા, ફલ દલથી શોભે અપાર ।
નવ પલ્લવ આમ્ર અશોકના, તોરણ વિરાજે દ્વાર ॥૨॥
શ્વેત ચામર મુકુરની, શોભા સદન મધ્ય અતિ બની ।
શુભ રત્નકલશ તે ભુવનમાં, તેહનિ તે કાંતિ અતિ ઘણી ॥૩॥
સજ્યા સુગંધિ કુસુમની, બહુ ભોગદ્રવ્ય મનને હરે ।
મણિદીપ ઝળકે અતિ ઘણા, રવિ ચંદ્રને ઝાંખા કરે ॥૪॥
પ્રેમ દીવાની ગોપિકા, કરે નૃત્ય હરિગુણ ગાઈને ।
તે નૃત્ય ગીત ને વાદ્યની ધ્વનિ, રહી સદન મધ્ય છાઈને ॥૫॥
દિવ્ય ભુવન શ્રીકૃષ્ણનું, તેની શોભા કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, નિજ મતિ સમ ગાય ॥૬॥

ચાતુરી ॥૧૧॥

હરિમંદિર મધ્ય અતિ સુખરૂપજી, સિંહાસન એક પરમ અનુપજી ।

બહુવિધ રત્ન જડિત છે જેહજી, મણિમય કલશ જુક્ત છે તેહજી ॥૧॥
ઢાળ - કલશની કાંતિ ઘણી, અતિ સિંહાસન શોભા ધરે ।
મહિં ચિત્ર બહુવિધ રત્નનાં, નિરખતાં સૌનાં મન હરે ॥૨॥
ગોપ ગોપિ ચિત્રનાં, ચિત્રનાં ખગ મૃગવૃંદ ।
તે સિંહાસન શોભે ઘણું, નિરખતાં થાય આનંદ ॥૩॥
સિંહાસન પર સુખનિધિ, શોભે તેથી ઘનશ્યામ ।
અતિસે અનુપમ મૂરતિ, જોઈ લાજે કોટિક કામ ॥૪॥
વય કિશોર શ્રીકૃષ્ણજી, કટિ પીતાબંર સાર ।
પ્રભુ દ્વિભુજ મુરલીધર મનોહર, અખિલ જગ આધાર ॥૫॥
મંદહાસ સમેત છે, મુખપંકજ અતિ અભિરામ ।
કહે દાસ મુક્તાનંદ છબિપર, વારું કોટિક કામ ॥૬॥

ચાતુરી ॥૧૨॥

મોરમુગટ શિરપર અતિ શોભેજી, તે છબિ નિરખી નયન અતિ લોભેજી ।
મૃગમદ ચંદન ચર્ચિત અંગજી, ભ્રૂકુટિ વિલાસમાં પ્રેરે અનંગજી ॥૧॥
ઢાળ - અનંગ પ્રેરે ભ્રૂથકી, અતિ શોભાનિધિ સુખકંદ ।
વૈજયંતી માલા ઉપરે, અતિ ગાન કરે મત્ત ભૃંગ ॥૨॥
કુંડળ મકરાકાર છે, તેની શોભા કહી નવ જાય ।
ભાલ તિલક કેશરતણું, દેખતાં દંગ લલચાય ॥૩॥
નયન પંકજ નાથનાં, અણિયાળાં ચપલ ઉદાર ।
અતિ કંકોળેલ રસ ભર્યા, ચિત્તચોર સુખદ અપાર ॥૪॥
વૃક્ષઃસ્થલ વાલાતણું, સુખરૂપ કમલાધામ ।
કરકંજ કરિકર મદ હરે, ભયહારી અતિ અભિરામ ॥૫॥
સોળે ચિહ્ન સમેત છે, પદપંકજ અતિ શોભા ધરે ।
કહે દાસ મુક્તાનંદ મુનિ મન, ભૃંગ ત્યાં આવી ઠરે ॥૬॥

ચાતુરી ॥૧૩॥

રસિક શ્રીકૃષ્ણ સદા સુખરૂપજી, પુરુષોત્તમ પરબ્રહ્મ અનુપજી ।
વાસુદેવ વિષ્ણુ અઘહારિજી, હરિ નારાયણ અજ અવતારિજી ॥૧॥
ઢાળ - અવતારી શ્રીકૃષ્ણનાં, એવાં જે નામ અપાર ।

તે વેદ પુરાણે વખાણિયાં, ગુણ પરાક્રમને અનુસાર ॥૨॥
રાધા રમા બેઉ કોરમાં, નિરખે હરિ મુખચંદ ।
વા'લાનું વદન વિલોકતાં, પામે તે અતિ આનંદ ॥૩॥
જયા લલિતા શશિકલા, માધવી યમુના જેહ ।
એ આદિક સર્વે ગોપિકા, રાધારમા સમ તેહ ॥૪॥
પ્રેમ ભરી શ્રીકૃષ્ણને, સેવે તે એ સહુ સુંદરી ।
એક નિમેષ ન્યારી નવ રહે, નિજ પ્રાણથી વ્હાલા હરિ ॥૫॥
એમ રસિક ઘનશ્યામને, સેવે છે વનિતાવૃંદ ।
એવા છેલ છબિલા ઉપરે, બલહારી મુક્તાનંદ ॥૬॥

ચાતુરી ॥૧૪॥

શ્રીહરિના મુખ્ય પાર્ષદ જેહજી, કરી સંક્ષેપ નામ કહું તેહજી ।
શ્રીદામા અંશુક અવિનાશિજી, સ્તોકકૃષ્ણ અર્જુન ગુણરાશિજી ॥૧॥
ઢાળ - ગુણરાશિ સુબલ વિશાલ છે, તેમ તેજસ્વી અતિ ધીર ।
દેવપ્રસ્થને વીરભાનુ, ઋષભ અતિગંભીર ॥૨॥
ચન્દ્રભાનુ આદિક જે, લઈ સુંદર સેવા સાજ ।
અતિપ્રેમથી અર્પણ કરે, જેમ રિઝે શ્રીમહારાજ ॥૩॥
છત્ર ચામર પાદુકા, એ આદિક સાજ અપાર ।
એમ સેવે નિત્ય શ્રીકૃષ્ણને, ગુણનિધિ ગોપ ઉદાર ॥૪॥
મુનિ નારદ વીણા લઈ, કરે કૃષ્ણનાં ગુણગાન ।
અતિ પ્રેમ ભરી ગાય ગોપિકા, જેમ રિઝે શ્રીભગવાન ॥૫॥
અનંત કોટિ બ્રહ્માંડના, અધિરાજ શોભાધામ ।
કહે દાસ મુક્તાનંદ સહુના, પ્રેરક શ્રીઘનશ્યામ ॥૬॥

ચાતુરી ॥૧૫॥

અક્ષરબ્રહ્મ એ હરિનું ધામજી, તેહને મધ્યે અધિક અભિરામજી ।
કહ્યું શ્રીકૃષ્ણનું મંદિર જેહજી, અતિ સુંદર મહાસુખનિધિ તેહજી ॥૧॥
ઢાળ - અતિ સુંદર શ્રીકૃષ્ણનું, છે મંદિર અધિક ઉદાર ।
તે મંદિરની ચહું કોરમાં, અતિ દિવ્ય ભવન અપાર ॥૨॥
અતિ એકાંતિક ભક્તનાં, એ મંદિર પરમ અનૂપ ।

અતિ દિવ્ય ભોગના સાજ સોતાં, શોભાનિધિ સુખરૂપ ॥૩॥
સોળ ગઢથી બાહિરે, હરિભક્તનાં ગૃહ જેમ ।
તેજવિષે હરિસદનને, ચોફેર મંદિર તેમ ॥૪॥
સહુ એકાંતિક ભક્તને, પ્રભુસંગ પૂરણ હેત ।
જે સેવે નિત્ય શ્રીકૃષ્ણને, અતિ પ્રેમ ભક્તિ સમેત ॥૫॥
સહુ ગોલોક નિવાસિથી, એને અધિક સુખ આપે હરિ ।
કહે મુક્તાનંદ શ્રીકૃષ્ણ પ્રભુની, સેવામાં રહે અનુસારિ ॥૬॥

ચાતુરી ॥૧૬॥

એવા શ્રીકૃષ્ણ રસિક પ્રભુ જેહજી, દ્વાપર કળિની સંધિમાં તેહજી ।
દેવકીને વસુદેવથી ધીરજી, મધુપુરમાં પ્રગટ્યા બલવીરજી ॥૧॥
ઢાળ - મધુપુરમાં લઈ જન્મને, આવ્યા તે ગોકુળ ગામ ।
તહાં નંદાદિક વ્રજવાસિને, સુખ આપ્યું સુંદર શ્યામ ॥૨॥
ભૂમિ વિષે દ્વિજ સાધુનો, કર્યો ધર્મ અધિક પ્રકાશ ।
એમ ધર્મને દૃઢ સ્થાપિયો, કર્યો અસુરવંશ વિનાશ ॥૩॥
એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ, અતિસુંદરતાનું ધામ ।
તે ભક્તિ ધર્મથી પ્રગટિયા, ઘનશ્યામ જેહનું નામ ॥૪॥
કોશલ દેશમાં અવતરી, કીધાં તે ચરિત્ર સ્વછંદ ।
તે સુધાસમ સુંદર કથા, સુણતાં ટળે મનફંદ ॥૫॥
મહિમા શ્રીઘનશ્યામનો, કહેતાં તે શેષ લજાય ।
કહે દાસ મુક્તાનંદ જેહને, નિગમ નેતિ ગાય ॥૬॥

ચાતુરી ॥૧૭॥

એવા જે સ્વામી સહજાનંદજી, અતિ કરુણાનિધિ અધિક સ્વચ્છંદજી ।
અનંત પતિતનો કરવા ઉદ્ધારજી, સુખદ સેતુ કર્યો પરમ ઉદારજી ॥૧॥
ઢાળ - સેતુ ભવજળ તારવા, કર્યો ધર્મરૂપી જેહ ।
તેણે સહજમાં સૌ ભવ તરે, એમાં તે નહિ સંદેહ ॥૨॥
શ્રી ઉદ્ધવસ્વામિતણા, મતને તે કીધો પુષ્ટ ।
જ્ઞાન વૈરાગ્યને તરુણતા દઈ, ટાળ્યો અધર્મ દુષ્ટ ॥૩॥
સનાતન સાધુ તણો, મારગ જે અવનિમહિ ।

INDEX

થયો ક્ષીણ કળિના જોરથી, ખોળ્યો ન લાધે ક્યાંઈ ॥૪॥
રક્ષણ કરવા તેહનું, પોતે પ્રગટ થઈને ઉદાર ।
જડભરતના જેવો સદા, રાખિને તન આચાર ॥૫॥
સરલ મારગ સંતનો, કર્યો પ્રગટ ભૂમિ મોઝાર ।
કહે દાસ મુક્તાનંદ કળિમધ્ય, તાર્યા જીવ અપાર ॥૬॥

ચાતુરી ॥૧૮॥

સ્વામિના શરણ વિના જે જંતજી, અસત ગ્રંથ સુણિ શુદ્ધ ભુલ્યા અનંતજી ।
આ કળિજુગમાં પ્રાણી સોયજી, ભવજળ પાર ન પામે કોયજી ॥૧॥
ટાળ - ભવજળ પાર થયા તણો, એવો બીજો નહિ ઉપાય ।
જે શરણ ગ્રહે સ્વામિતણું, તે પતિતપાવન થાય ॥૨॥
મોહાદિક માતંગને, મારવા નરહરિરૂપ ।
નિજ દાસપર કરુણા કરે, શ્રીસ્વામી પરમ અનૂપ ॥૩॥
સંક્ષેપે કરી વર્ણવ્યું, હરિધામ મહાસુખકંદ ।
તેને સ્વામિકેરા શરણથી, સહુ પામે નર ત્રિયાવૃંદ ॥૪॥
ધામવર્ણનચાતુરી, તેને જે કોઈ શીખે ગાય ।
તેનાં પાતક સર્વે નાશ પામે, અતિ કૃતારથ થાય ॥૫॥
અષ્ટાદશ એ ચાતુરી, સુણિ અર્થ ઉર ધરે જેહ ।
કહે મુક્તાનંદ શ્રીકૃષ્ણના, દૃઢ ભક્ત થાશે તેહ ॥૬॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતા ધામવર્ણનચાતુરી સંપૂર્ણા

પ્રકાશક સંસ્થાનો પરિચય

આજ થી બસો વર્ષ પહેલા સર્વાવતારી, સદાચારમય ભાગવતધર્મપ્રવર્તક ભગવાન શ્રી સ્વામિનારાયણે પુણ્યાર્જન માટે શાસ્ત્રવિહિત તમામ સાધનોનો નીચોડ આપતાં કહ્યું છે કે "માત્ર આપણા આ સત્સંગમાં જ નહિ પરંતુ સમગ્ર પૃથ્વી પર સદ્વિદ્યાનું પ્રવર્તન કરવું. **પ્રવર્તનીયા સદ્વિદ્યા ભુવિ યત્ સુકૃતં મહત્**" તથા વચનામૃતમાં પણ કહ્યું છે જે "અમારો દાખડો સફળ કરજો." સર્વજીવહિતાવહ શ્રીજી મહારાજના આ મંગલ આદેશને અનુલક્ષી પરમ પૂજ્ય સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ કંડારી ગામને આંગણે સંવત્ ૨૦૫૦ માં "શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ" ની શુભ શરૂઆત કરી.

પૂર્વભૂમિકા : વૃત્તાલય વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને પરમપૂજ્ય સદ્‌ગુરૂ કોઠારી સ્વામીશ્રી નંદકિશોરદાસજી સ્વામીની નિશ્રામાં રહી વરતાલ પીઠાધિપતિ પ.પૂ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે વિક્રમ સંવત્ ૨૦૩૩ના ચૈત્ર સુદ એકાદશીના રોજ ભાગવતી દિક્ષા ગ્રહણ કરીને જ્ઞાનવાપી કાશી નગરીમાં સંસ્કૃતનો અભ્યાસ કરીને ગુરૂવર્યનો રાજીપો મેળવીને દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર અને કથા-પારાયણો કરી સત્સંગ સમાજનો ખૂબ રાજીપો મેળવ્યો.

સત્સંગ વિચરણ બાદ "શ્રી સ્વામિનારાયણ છાત્રાલય વલ્લભવિદ્યાનગર" ના મહંતપદે રહીને સત્સંગ-સુમન વાટીકાના કોમળ છોડ જેવા કુમળા બાળકોને શિક્ષા સાથે સંસ્કારને આધુનિક સાથે આધ્યાત્મિક જ્ઞાન આપી ભક્તિરસ પાવાની શુભ પ્રેરણા પામ્યા. નાની વયના બાળકોને ધાર્મિક સંસ્કાર સીંચી તેમના જીવનઘડતર કરવા ભારતીય સંસ્કૃતિની પ્રાચીન શિક્ષણ પ્રવૃત્તિની ઝાંખી કરાવતી "ગુરૂકુલ-સંસ્થા" સ્થાપવાનો શુભ સંકલ્પ કર્યો.

શુભ શરૂઆત : શ્રીહરિની દિવ્ય પ્રેરણાથી પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી સદ્વિદ્યા પ્રવર્તનની શુભ શરૂઆત કરવા વિચારી રહ્યા હતા તેવામાં કાનમદેશમાં મૂર્ધન્ય સ્થાન ધરાવી રહેલ તીર્થધામ ગામ શ્રી કંડારીના ભાવિક ભક્તોની આશાના સોનેરી કિરણો પ્રસરાવતો સમય આવી ચૂક્યો. આગેવાન ભક્તજનોના સાથ સહકારથી ને.હા.નં. ૮ ના કાંઠા ઉપર વિશાળ જમીન ખરીદવામાં આવી.

સંવત્ ૨૦૪૫ના વસંતપંચમીને દિવસે પરમપૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી શ્રી

ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના કરકમળોથી ''સ્વામિનારાયણ ગુરૂકુલ'' ની સ્થાપના કરવામાં આવી.

ગુરૂકુલનું ગૌરવ : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ સંસ્થા એક મહાન ગૌરવવંતી સંસ્થા છે. સંપ્રદાયમાં પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીએ ગુરૂકુલ સૌ પ્રથમવાર ખાત મુહર્ત આ સંસ્થાનું કર્યું છે. વિક્રમ સંવત્ ૨૦૪૫ના વૈશાખ સુદ - પંચમી તા. ૧૦-૫-૮૯ને બુધવારના રોજ પ. પૂ. આચાર્ય મહારાજના વરદ હસ્તે સંસ્થાનો શિલાન્યાસ વિધિ થયો અને વળી ગુરૂકુલ ઉદ્‌ઘાટન તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પણ તેમના વરદ હસ્તે સંવત્ ૨૦૫૦ના વૈશાખ સુદી નવમીને દિવસે તા. ૧૯-૫-૯૪ ના રોજ કરવામાં આવ્યું અને પહેલે જ વર્ષે ૧૫૦ વિદ્યાર્થી બાળકો આ સંસ્કાર કેન્દ્રમાં દાખલ થયા. આજે ૨૭૫ જેટલા વિદ્યાર્થીઓ શ્રીજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં રહી શુભ-સંસ્કાર મેળવી રહ્યા છે ને પ્રતિવર્ષે પ્રવેશ માટે ખુબ જ ઘસારો રહે છે.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ-વિદ્યાલય : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કંડારીમાં સને ૧૯૯૪ થી 'શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ પ્રાથમિક શાળા' સને ૧૯૯૫ થી 'સ્વામિનારાયણ ગુરૂકુલ માધ્યમિક શાળા' પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ગુરુકુલ છાત્રાલયમાં રહેતા બાળકો ધો. ૬-૭-૮-૯ અને ૧૦ માં અભ્યાસ કરી રહ્યા છે. ટુંક સમયમાં જ નૂતન સ્કૂલ બિલ્ડીંગ તૈયાર થતા ધો. ૧૧-૧૨ પણ શરૂ કરવામાં આવશે. હાલમાં દરેક ધોરણનો એક એક કલાસ છે તેને વધારી બે-બે કલાસ કરવામાં આવશે.

વડોદરા ગુરૂકુલ : કંડારી ગુરૂકુલમાં શ્રીજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં રહી ધો. ૧૦ સુધીનો પોતાનો અભ્યાસ પૂર્ણ કરી યુવાનીના ઊંબરે આવેલ બાળકોને કોલેજ જીવનમાં પણ શ્રી હરિ અને સંતોનું સાનિધ્ય મળી રહે તેવા શુભ-આશયથી જ પરમપૂજ્યપાદ સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રી સ્વામીએ સંસ્કાર નગરી છોટી કાશી વડોદરા મુકામે કંડારી ગુરૂકુલની પ્રથમ શાખા કરવા નિર્ધાર્યું છે. હાલમાં ત્યાં રહીને સંતો સત્સંગ વૃદ્ધિ કરી રહ્યા છે.

લોયાધામ જીર્ણોદ્ધાર : સમ્પ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલા જગપ્રસિદ્ધ લોયાધામ ઈતિહાસના પૃષ્ઠોમાં જ ચમકતુ હતુ પરંતુ તેની ભૌતિક સ્થિતિ ખળભળી ગયેલી હતી. પરિણામે પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામી આ લોયાધામના વિકાસ માટે સંકલ્પબદ્ધ થયા છે. આજે સમ્પ્રદાયમાં મોટા યોગાનંદ સ્વામી નિર્મિત

મંદિરના જીર્ણોદ્ધાર સાથે કાષ્ઠ કલાકૃતિથી સજ્જ એક નયન રમ્ય મંદિર તૈયાર થઈ ચૂક્યું છે. બે-બે શિલ્પયુક્ત આરસની છત્રીઓ, લીંબવૃક્ષનો ઓટો વિગેરે કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે.

નૂતન શિખરબદ્ધ મંદિર માટે પ્રસાદીની જગ્યા પણ સંપાદિત કરવામાં આવી છે. હાલમાં ત્યાં ગૌશાળા, હોસ્પીટલનું કાર્ય પૂર્ણતાને આરે આવી પહોંચ્યું છે.

ટૂંકમાં લોયાધામ વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યું છે છતા પાતાળિયો કૂવો, સુરાખાચરનો દરબારગઢ, ધર્મકુળમિલનસ્થાન જેવા અતિ મહત્ત્વના સ્થાનોનો જીર્ણોદ્ધાર બને તેટલા ટુંક સમયમાં કરવાની તાતી જરૂરીયાત છે. આવો આપણે આ વિકાસના કાર્યમાં સહભાગી બનીને ધન્યભાગી થઈએ.

સાહિત્ય પ્રકાશન : નિઃસ્વાર્થભાવે માત્ર સત્સંગ સેવા માટે જ સ્થપાયેલ આ સંસ્થા દ્વારા શરૂઆતથી જ સત્સંગ સૌરભ વિસ્તારક બ્રહ્મવિદ્યા નામનું માસિક પ્રકાશિત થાય છે. જેનું વાર્ષિક લવાજમ રૂ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૫૦૦/- રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સંપ્રદાયના મૂળભૂત જ્ઞાન માટે "જ્ઞાન-સરિતા" આદિક પુસ્તકોનું પણ પ્રકાશન કાર્ય કરવામાં આવ્યું છે. તો "સત્સંગિજીવન સાગર મંથન" જેવા વિશાળ ગ્રંથનું પ્રકાશન દેશ-વિદેશમાં અતિલોકપ્રિય બન્યું છે. આર્થિક અડચણો દુર થતા જ ટુંક સમયમાં જ આ ગ્રંથનું પુનર્મુદ્રણ કરવાનું છે. વિદેશમાં વસતા ભક્તો માટે અંગ્રેજી ગોલ્ડ રિલાઈઝેશન, શિક્ષાપત્રી, બિલવ્ડ ઘનશ્યામ વિગેરે પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે.

ગુરૂકુલના ઉદ્દેશ્ય અને કાર્ય : શ્રીજી મહારાજના સર્વજીવહિતાવહ સંદેશાનુસાર પ.પૂ. સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજી સ્વામી એ સત્સંગ સેવાનુ આ કાર્ય હાથમાં લીધેલું છે. આ ગુરૂકુલ દ્વારા ઘણા નવા મુમુક્ષુ ભક્તોને સત્સંગ ઓળખાયો છે. કિશનાડ, વાંકાનેર, જેવા ગામના ગામો સત્સંગી થયા છે. આ નવા જુના તમામ ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરવા માટે સૌ પ્રથમવાર "બ્રહ્મસત્ર" અને સત્સંગ શિબિરની યોજના પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીએ પ્રારંભ કરેલી. પરિણામે આજ કાનમ પ્રદેશ સત્સંગથી રસ તરબતર થઈ રહ્યો છે. ૩૫ જેટલા સંતો-પાર્ષદો અવિરત નિષ્કામ ભક્તિયોગમાં આહુતિઓ આપી રહ્યા છે.

આ ઉપરાંત જપયજ્ઞ, સપ્તાહપારાયણો તથા જાહેર સત્સંગ સભાઓના આયોજનો કરવામાં આવે છે. સાથે સાથે દૈવી આપત્તિ, દુષ્કાળ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, વાવાઝોડામાં સહાય કરવામાં આવે છે તથા વિશેષ કરીને "નવમંદિર નિર્માણ"

તથા મંદિરોનું જીર્ણોદ્ધાર કાર્ય, બાળ યુવક મંડળોની પ્રવૃત્તિ તો આ સંસ્થા દ્વારા ચાલી જ રહી છે.

વિદેશમાં સત્સંગ પ્રચાર :

આ માત્ર ભારતમાં જ નહિ પરંતુ વિદેશમાં પણ પૂજ્યપાદ શાસ્ત્રીજી સ્વામીએ સંતમંડળ સાથે અમેરિકા, આફ્રિકા, લંડનના સત્સંગ પ્રવાસ દ્વારા ત્યાંના સત્સંગ સમાજને કથા-વાર્તા દ્વારા પોષણ આપ્યું છે. અને વિદેશોમાં પણ સારો એવો સત્સંગ પ્રચાર થયો છે અમેરિકા, આફ્રિકા, લંડનની સત્સંગયાત્રા દ્વારા ત્યાંના સત્સંગ સમાજને કથા-વાર્તા દ્વારા પોષણ આપ્યું છે. અને વિદેશોમાં પણ સારો એવો સત્સંગ પ્રચાર થયો છે આપણા માટે ગૌરવની વાત છે કે આ સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ખૂબજ સત્સંગ-સંવર્ધન કાર્ય થઈ રહ્યું છે.

વૃત્તાલયવાસીની અમીદ્રષ્ટિથી, આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રીજીમહારાજના મૂળભૂત સિદ્ધાંતોને પોષણ આપતી આ સર્વોપયોગી સંસ્થાની મુલાકાત લેવા અમારૂ હાર્દિક આમંત્રણ છે.

લી. સાધુ આનંદવલ્લભદાસ (ગુરૂ પ. પૂ. સ. ગુ. શાસ્ત્રી
શ્રીઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી) ના જયશ્રી સ્વામિનારાયણ



શ્રીજી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, તમે પણ પોતાના સંપ્રદાય સંબધી ને પોતાના ઈષ્ટ દેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજયો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે. પછી એ જે શ્રીજી મહારાજનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું.

– ગ.મ.મ. ૫૮

